અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૮ ઓક્ટોબર ૨૦૨૪, શુક્રવાર
વિક્રમ સંવત ૨૦૮૦, આસો વદ ૧

વર્ષ : ૧૬
અંક : ૧૦૯

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### સુપ્રીમના ૫ જજોની બંધારણીય બેન્ચનો મહત્ત્વપૂર્ણ ચુકાદો

## સુપ્રીમ કોર્ટે નાગરિકતા અધિનિયમની કલમ 6Aની માન્યતાને યથાવત રાખી

### આ કાયદા હેઠળ ૧ જાન્યુઆરી, ૧૯૬૬ અને ૨૫ માર્ચ, ૧૯૭૧ વચ્ચે આસામ આવેલા બાંગ્લાદેશી વસાહતીઓ પોતાને ભારતીય નાગરિક તરીકે નોંધણી કરાવી શકે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

સુપ્રીમ કોર્ટે નાગરિકતા કાયદો ૧૯૫૫ની આસામ એકોર્ડ (આસામ સમજૂતી) તરીકે ઓળખાતી કલમ 6A ની માન્યતાને જાળવી રાખી છે. સીજેઆઈ ડીવાય ચંદ્રચૂડ સહિત પાંચ જજની બંધારણીય બેન્ચે આ કલમ સ્થળાંતરિત લોકોના કારણે સ્થાનિક ભાષા અને સંસ્કૃતિને નુકસાન પહોંચાડતી હોવાની અપીલને ફગાવતાં તેની કાયદેસરતાને જાળવી છે. સીજેઆઈ ડીવાય ચંદ્રચૂડે ચુકાદો આપતાં જણાવ્યું હતું કે, આસામ સમજૂતી એ ગેરદાયદે થતાં સ્થળાંતરની સમસ્યાનો રાજકીય ઉકેલ છે અને કલમ 6A એ બંધારણીય ઉકેલ છે. બહુમતી જોવા મળી છે કે, સંસદે આ જોગવાઈના અમલ માટે કાયદાકીય માન્યતા આપી છે. જે સ્થાનિક વસ્તીની સુરક્ષાની જરૂરિયાતને ધ્યાનમાં રાખતાં માનવતાવાદ જાળવી રાખવા અમલમાં મુકવામાં આવી છે. બાંગ્લાદેશની સરહદ સાથે જોડાયેલા રાજ્યોમાં આસામમાં સૌથી વધુ ૪૦ લાખ ઈમિગ્રાન્ટ્સ લોકો વસવાટ કરી રહ્યા છે. જો કે, સંખ્યાની દ્રષ્ટિએ પશ્ચિમ બંગાળમાં ૫૬ લાખ ઈમિગ્રાન્ટ્સ વધુ છે, પરંતુ વિસ્તારની દ્રષ્ટિએ આસામ બંગાળ કરતાં અડધું છે. જેથી આસામ માટે આ જોગવાઈ અત્યંત જરૂરી છે. CJI ચંદ્રચૂડે તેમના ચુકાદામાં નોંધ્યું હતું કે રાજ્યમાં વિવિધ વંશીય જૂથોની હાજરીનો અર્થ એ નથી કે બંધારણની કલમ ૨૯(૧) મુજબ ભાષાકીય અને સાંસ્કૃતિક વારસાના રક્ષણના મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન થયું છે. અરજદારોએ સાબિત કરવું પડશે કે એક વંશીય જૂથ માત્ર અન્ય વંશીય જૂથની હાજરીને કારણે તેમની પોતાની ભાષા અને સંસ્કૃતિનું રક્ષણ કરવામાં સક્ષમ નથી.



#### કલમ 6Aમાં સામેલ જોગવાઈઓ

**આસામમાં ૧ જાન્યુઆરી, ૧૯૬૬ પહેલાં સ્થળાંતર કરનારા લોકોને ભારતીય નાગરિક જાહેર કરવા. આસામમાં ૧ જાન્યુઆરી, ૧૯૬૬ અને ૨૫ માર્ચ, ૧૯૭૧ સુધીમાં વસવાટ કરનારા સ્થળાંતરિત લોકોને માન્ય શરતો અને લાયકાતના આધારે ભારતીય નાગરિક તરીકેનો દરજ્જો આપવો. ૨૫ માર્ચ, ૧૯૭૧ બાદ આસામમાં ગેરદાયદે વસવાટ કરતાં બાંગ્લાદેશીઓ (વિદેશીઓ)ને ગેરકાયદે ઠેરવી દેશનિકાલ કરવાની જોગવાઈ. કેમ થયો વિવાદ : ડિસેમ્બર, ૨૦૨૩માં કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં સોગંદનામુ દાખલ કરવામાં આવ્યું હતું કે, આ કલમ ભારતમાં ગેરકાયદે વસવાટની મર્યાદા અંગે સચોટ આંકડાઓ આપતી નથી કારણકે, ઘણા લોકો ચોરી-છુપાઈને દેશમાં પ્રવેશ્યા છે. જેથી તે તમામને નાગરિકતા આપવી યોગ્ય નથી. અમુક જૂથોએ પણ આ કલમથી સ્થાનિક સંસ્કૃતિ, પરંપરા અને ભાષા પર જોખમ થઈ રહ્યું હોવાનું જણાવતા ફરિયાદ કરી હતી.**

વધુમાં સુપ્રીમ કોર્ટે આસામની સરકારને એનઆરસી મુદ્દે આપવામાં આવેલા નિર્દેશોને અસરકારક રીતે લાગુ કરવા નિર્દેશ આપ્યો છે, જેમાં તેઓએ રાજ્યમાં ગેરકાયદે રહેતાં બાંગ્લાદેશીઓની ઓળખ કરવા અને તેમનો દેશનિકાલ કરવાના પગલાં લેવાના રહેશે. આ પ્રક્રિયા પર સુપ્રીમ કોર્ટ નજર રાખશે. આસામના નાગરિક જૂથ આસામ સન્મિલિતા મહાસંઘ દ્વારા ફરિયાદ કરવામાં આવી હતી કે, કલમ 6A એ પક્ષપાતી, મનસ્વી અને ગેરકાનૂની વલણ ધરાવે છે. જેમાં નિર્ધારિત કટઓફ તારીખ અન્ય રાજ્યો સાથે પક્ષપાત છે. અયોગ્ય છે. જેનો જવાબ આપતાં સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, કટઓફ તારીખ ૨૫ માર્ચ, ૧૯૭૧ નિર્ધારિત કરવા પાછળનું કારણ આ તારીખે બાંગ્લાદેશને અલગ દેશ તરીકે સ્થાપિત થવાની આઝાદી મળી હતી. બેન્ચમાં સામેલ જસ્ટિસ સુર્યકાંતે તેમના જજમેન્ટમાં અરજદારોની અરજી રદ કરતાં કહ્યું કે, ભાઈચારાને સંકુચિત માની શકાય નહીં, વ્યક્તિ પોતાના પાડોશીઓને પસંદ કરવા સક્ષમ હોવો જોઈએ. કલમ 6A માં નિર્ધારિત કટઓફ તારીખે કારણે જોગવાઈનો ભંગ થયો ગણાય નહીં. અરજદારોએ દલીલ કરી હતી કે, કલમ 6A એ બંધારણની પ્રસ્તાવનામાં ભાઈચારાના સિદ્ધાંતોનું ઉલ્લંઘન કરે છે. જેના લીધે સ્થાનિક ભાષા અને સંસ્કૃતિ લુપ્ત થવાનું જોખમ વધ્યું છે.



### સંજીવ ખન્ના બનશે દેશના આગામી ચીફ જસ્ટિસ!

। નવી દિલ્હી, તા.૧૭ ।

દેશની સર્વોચ્ચ કોર્ટ એટલે કે સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ ડી વાય ચંદ્રચૂડનો કાર્યકાળ નવેમ્બરમાં પૂરો થઈ રહ્યો છે. તેમણે પોતાના ઉત્તરાધિકારી તરીકે નામની પણ ભલામણ કરી દીધી છે. સીજેઆઈ ચંદ્રચૂડે કેન્દ્ર સરકારને મોકલેલી પોતાની ભલામણમાં કહ્યું છે કે દેશના આગામી ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા જસ્ટિસ સંજીવ ખન્ના હશે. અત્રે જણાવવાનું કે હાલના સીજેઆઈ ડી વાય ચંદ્રચૂડનો કાર્યકાળ ૧૦ નવેમ્બર ૨૦૨૪ના રોજ પૂરો થઈ રહ્યો છે. પરંપરા મુજબ સીજેઆઈ પોતાના ઉત્તરાધિકારીના નામની ભલામણ ત્યારે જ કરે છે જ્યારે તેમને કાનૂન મંત્રાલય આમ કરવાનો આગ્રહ કરે છે જેના પગલે તેમણે સીજઆઈના પદ માટે જસ્ટિસ સંજીવ ખન્નાના નામની ભલામણ કરી છે. જસ્ટિસ સંજીવ ખન્ના સીનિયરિટીમાં જોઈએ તો પહેલું નામ છે.

### પીએમ મોદીની હાજરીમાં લીધા શપથ

## નાયબ સિંહ સૈની બન્યા હરિયાણાના નવા મુખ્યમંત્રી

### નાયબ સિંહ સૈનીએ પંચકુલામાં પદ અને ગુપ્તતાના શપથ લીધા : ૧૪ ધારાસભ્યો પણ મંત્રી તરીકે શપથ લીધા








। (એજન્સી) ચંદીગઢ, તા.૧૭ ।

નાયબ સિંહ સૈનીની બીજી વખત હરિયાણાના મુખ્યમંત્રી તરીકે તાજપોશી કરવામાં આવી છે. પંચકુલાના શાલીમાર ગ્રાઉન્ડ ખાતે આયોજિત શપથ ગ્રહણ સમારોહમાં રાજ્યપાલ બંડારુ દત્તાત્રેયે તેમને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. આ દરમિયાન ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત ભાજપના વરિષ્ઠ નેતાઓ અને મુખ્યમંત્રીઓએ ભાગ લીધો હતો. અનિલ વિજ સહિત ૧૩ ધારાસભ્યો મંત્રી તરીકે શપથ લીધા હતા. માનવામાં આવી રહ્યું છે કે સૈનીની કેબિનેટમાં જ્ઞાતિ સમીકરણનું સંપૂર્ણ ધ્યાન રાખવામાં આવશે. આ અવસર પર પીએમ મોદી, કેન્દ્રીય મંત્રી રાજનાથ સિંહ, અમિત શાહ અને ભાજપ અને એનડીએ સહયોગી શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ હાજર છે. આ શપથ ગ્રહણ કાર્યક્રમમાં હજારો લોકોએ ભાગ લીધો હતો.

નાયબ સિંહ સૈની બાદ અનિવ વિજે મંત્રી તરીકે શપથ લીધા. અનિલ વિજ હરિયાણામાં ભાજપના સૌથી વરિષ્ઠ ધારાસભ્ય છે. તેઓ અંબાલા કેન્ટ મતવિસ્તારમાંથી સતત સાતમી વખત જીત્યા. વિજ મનોહર લાલ ખટ્ટરની સરકારમાં હરિયાણાના ગૃહમંત્રી હતા. વિજે આરોગ્ય અને રમતગમત જેવા ઘણા પોર્ટફોલિયો પણ સંભાળ્યા છે. ૨૦૧૪ પહેલા તેઓ રાજ્યમાં બીજેપી વિધાયક દળના નેતા હતા. ત્યારબાદ કૃષ્ણ લાલ પંવાર, રાવ નરબીર સિંહ, મહિપાલ ઢાંડા, વિપુલ ગોયલે મંત્રી પદના શપથ લીધા હતા. અનિલ વિજ બાદ ભાજપ ના ધારાસભ્ય કૃષ્ણલાલ પંવારે મંત્રી પદના શપથ લીધા. તેઓ બીજી વખત મંત્રી બન્યા છે. પંવાર દલિત સમુદાયમાંથી આવે છે. કૃષ્ણલાલ પંવાર પાણીપતની ઈસરાના સીટના ધારાસભ્ય છે. તેમણે કુલ સાત વખત વિધાનસભાની ચૂંટણી લડી હતી, જેમાંથી તેઓ પાંચ વખત જીત્યા હતા. પંવારે તાજેતરમાં રાજ્યસભાના સાંસદ પદેથી રાજીનામું આપ્યું હતું. કૃષ્ણલાલ એક સમયે પાણીપતના થર્મલ પ્લાન્ટમાં વીજળી બોર્ડના કર્મચારી હતા. તેણે INLDથી પોતાની રાજકીય ઈનિંગ શરૂ કરી હતી. તેઓ INLD છોડીને ૨૦૧૪માં ભાજપમાં જોડાયા હતા.

### ન્યૂઝ બ્રિફ

#### બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન શેખ હસીના વિરુદ્ધ ધરપકડ વોરંટ જારી

। ઢાકા, તા.૧૭ ।

બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાની મુશ્કેલીઓ વધી ગઈ છે. હકીકતમાં, બાંગ્લાદેશની એક કોર્ટે તેમની સામે ધરપકડ વોરંટ જાહેર કર્યું છે. કોર્ટે શેખ હસીનાને ૧૮ નવેમ્બર સુધીમાં પોતાની સમક્ષ હાજર થવાનો આદેશ આપ્યો છે. શેખ હસીના સામે હત્યા સહિત અનેક મામલામાં તપાસ ચાલી રહી છે. ત્યાંની વચગાળાની સરકાર પણ માનવાધિકાર ઉલ્લંઘનની તપાસમાં વ્યસ્ત છે. શેખ હસીના પર તેમના ૧૫ વર્ષના કાર્યકાળ દરમિયાન બળજબરીથી લોકોને નિશાન બનાવવાનો આરોપ છે.

#### શહેરી મતદારોની નિરસતા લોકતંત્રને નબળું બનાવી રહી છે

। નવી દિલ્હી, તા.૧૭ ।

ચૂંટણી પંચે શહેરી ક્ષેત્રોમાં મતદાનને લઈને મતદારોની નિરસતા પર ઊંડી ચિંતા વ્યક્ત કરી છે અને કહ્યું કે, 'શહેરી મતદારોની નિરસતા લોકતંત્રને નબળું બનાવી રહી છે.' આગામી દિવસોમાં મહારાષ્ટ્ર અને ઝારખંડમાં વિધાનસભા ચૂંટણી યોજાવા જઈ રહી છે. મહારાષ્ટ્રમાં છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં શહેરી વિસ્તારોમાં મતદાન રાજ્યના સરેરાશ મતદાન કરતાં ઘણું ઓછું હતું.

### NCBની નોકરી છોડીને રાજકારણમાં પ્રવેશ કરી શકે

## આર્યન ખાનની ધરપકડથી ચર્ચામાં આવનાર સમીર વાનખેડેની રાજકારણમાં એન્ટ્રી

### તેઓ શિવસેના શિંદે જૂથમાં જોડાયા હોવાની ચર્ચા : આ સાથે તે મુંબઈની ધારાવી સીટ પરથી ચૂંટણી લડી શકે છે

। (એજન્સી) મુંબઈ, તા.૧૭ ।

ફિલ્મ અભિનેતા શાહરૂખ ખાનના પુત્રની ધરપકડ કરીને લાઈમલાઈટમાં આવેલા NCB ઓફિસર સમીર વાનખેડે ફરી એકવાર સમાચારમાં છે. સૂત્રોનું માનીએ તો તે NCBની નોકરી છોડીને રાજકારણમાં પ્રવેશ કરી શકે છે. તેઓ શિવસેના શિંદે જૂથમાં જોડાયા હોવાની ચર્ચા છે. આ સાથે તે મુંબઈની ધારાવી સીટ પરથી ચૂંટણી લડી શકે છે. તમને જણાવી દઈએ કે સમીર વાનખેડે ૨૦૦૮ બેચના IRS ઓફિસર છે. ૨૦૨૧ માં, તેમણે NCB,



મુંબઈના ઝોનલ ડિરેક્ટર તરીકેનો કાર્યભાર સંભાળ્યો. વાસ્તવમાં, સમીર વાનખેડે ગયા વર્ષે ત્યારે ચર્ચામાં આવ્યા હતા જ્યારે તેણે ફિલ્મ અભિનેતા શાહરૂખ ખાનના પુત્ર આર્યન ખાનની ગોવાની એક ક્રૂઝમાંથી ધરપકડ કરી હતી. તેના પર ક્રૂઝ પાર્ટીમાં ડ્રગ્સ લેવાનો આરોપ હતો. જો કે થોડા દિવસો બાદ કોર્ટે આર્યન ખાનને નિર્દોષ જાહેર કર્યો હતો. આ કેસમાં તેમના પર ભ્રષ્ટાચારનો આરોપ પણ લાગ્યો હતો. આ પછી તેની સામે વિભાગીય તપાસ પણ શરૂ કરવામાં આવી હતી. અંડરવર્લ્ડ ડોન દાઉદ ગેંગના ડ્રગ્સ નેક્સસ તોડવા, ઈસ્લામિક ઉપદેશક ઝાકિર નાઈક સામે મની લોન્ડરિંગ કેસ, કસ્ટમ ચોરી કેસમાં ગાયક મીકા સિંહ, કોર્ડેલિયા ક્રૂઝ ડ્રગ્સ કેસમાં શાહરૂખ ખાનના પુત્ર આર્યન ખાનને જેલ હવાલે કરનારા સમીર વાનખેડેની ગણતરી બહાદુર અધિકારીમાં થાય છે.

## ઓટો-એફએમસીજી અને મિડકેપ શેરમાં કડાકાને પગલે શેરબજારમાં હાહાકાર

### સેન્સેક્સ ૫૦૦ પોઇન્ટ ઘટીને ૮૧,૦૦૬ અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૨૨૧ પોઇન્ટના ઘટાડા સાથે ૨૪,૭૫૦ પોઇન્ટ્સ પર બંધ રહ્યો છે

। (એજન્સી) મુંબઈ, તા.૧૭ ।

ગુરુવારના ટ્રેડિંગ સેશનમાં ભારતીય શેર બજારમાં રોકાણકારોના વેચાણને કારણે મોટો ઘટાડો જોવા મળ્યો છે. બજાજ ઓટો સહિત અન્ય ઓટો શેરોમાં ઘટાડાને કારણે આ સુનામી આવી છે. આ ઉપરાંત એફએમસીજી અને બેન્કિંગ શેરોમાં પણ મોટું વેચાણ જોવા મળ્યું. મિડકેપ અને સ્મોલકેપ શેરો પણ આ ઘટાડાની અસર હેઠળ આવ્યા છે. બજાર




બંધ થતાં મ્જીઈ સેન્સેક્સ ૫૦૦ પોઈન્ટ ઘટીને ૮૧,૦૦૬ અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૨૨૧ પોઈન્ટના ઘટાડા સાથે ૨૪,૭૫૦ પોઈન્ટ્સ પર બંધ રહ્યો છે. સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૯ સ્ટોક્સ વધારા સાથે અને ૨૧ ઘટાડા સાથે બંધ થયા. નિફ્ટીના ૫૦ શેરોમાંથી ૯માં વધારો અને ૪૧માં ઘટાડો નોંધાયો. વધારો નોંધાવનારા શેરોમાં ઈન્ફોસિસ ૨.૮૪%, ટેક મહિન્દ્રા ૨.૮૧%, પાવર ગ્રિડ ૧.૨૧%, એસબીઆઈ ૦.૭૩%, રિલાયન્સ ૦.૧૯%ના વધારા સાથે બંધ થયા. ઘટાડો નોંધાવનારા શેરોમાં બજાજ ઓટો ૧૩.૧૧%, શ્રીરામ ફાઈનાન્સ ૪.૧૧%, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ૩.૫૨%, નેસ્લે ૩.૪૪%, હીરો મોટોકોર્પ ૩.૩૯%ના ઘટાડા સાથે બંધ થયા. આજના કારોબારમાં સૌથી મોટી અસર ઓટો શેરો પર પડી છે. બજાજ ઓટોની આગેવાનીમાં નિફ્ટીનો ઓટો ઈન્ડેક્સ ૯૨૮ પોઈન્ટ અથવા ૩.૫૮%ના ઘટાડા સાથે બંધ થયો છે. નિફ્ટીના FMCG ઈન્ડેક્સમાં ૧,૦૧૭ અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ સ્ટોક્સમાં વેચાણને કારણે નિફ્ટીના આ સેક્ટરનો ઈન્ડેક્સ ૯૪૫ પોઈન્ટના ઘટાડા સાથે બંધ થયો છે.

### ૬૦ દિવસ પહેલા IRCTC થી ટિકિટ બુક કરાવી શકશે

## રેલવે તરફથી ટિકિટ બુકિંગ માટેના નિયમમાં ફેરફાર કરાયો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

ફેસ્ટિવ સીઝનમાં ટ્રેન ટિકિટની મારામારી વચ્ચે રેલવે તરફથી ટિકિટ બુકિંગ માટેના નિયમમાં મોટો ફેરફાર કરાયો છે. સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ હવે મુસાફરો ટ્રેનના પ્રસ્થાનની તારીખથી ફક્ત ૬૦ દિવસ પહેલા જ IRCTC થી ટિકિટ બુક કરાવી શકશે. હાલના સમયમાં એડવાન્સ ટિકિટ બુકિંગનો સમયગાળો ૧૨૦ દિવસનો છે. અત્રે જણાવવાનું કે મુસાફરો તરફથી લાંબા સમયથી એડવાન્સ ટિકિટ બુકિંગના નિયમમાં ફેરફાર કરવાની માંગણી થઈ રહી હતી. જેના પર હવે રેલવેએ મોટો નિર્ણય લીધો છે. સૂત્રોનો દાવો છે કે ટિકિટ બુકિંગ સંલગ્ન નવો નિયમ ૧ નવેમ્બર ૨૦૨૪થી લાગૂ થશે. પહેલેથી બુક થયેલી ટિકિટો પર તેની કોઈ અસર પડશે નહીં. અત્રે જણાવવાનું કે ૧ નવેમ્બરે દીવાળી અને ૬ નવેમ્બરે છઠ પૂજાના પગલે રેલવેના તમામ રૂટ પર ટિકિટ બુકિંગને લઈને પડાપડી છે.

### કાચિંડાની જેમ કેનેડાના પીએમ ટ્રૂડોએ બદલ્યો રંગ

## અમે વન ઈન્ડિયા પોલિસીનું સન્માન કરીએ છીએ : ટ્રૂડો

। (એજન્સી) ઓટાવા, તા.૧૭ ।

કેનેડાના પીએમ જસ્ટિન ટ્રૂડો કાચિંડાની જેમ રંગ બદલી રહ્યા છે. પહેલા તેણે ભારત વિરુદ્ધ ઝેર ઓક્યું અને હવે ભારતના આકરા સ્ટેન્ડ પછી તેણે વન ઈન્ડિયા પોલિસીની વાત કરી. ટ્રૂડોએ કહ્યું કે કેનેડા ભારતની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાને સંપૂર્ણપણે સ્વીકારે છે અને તેનું સન્માન કરે છે. પરંતુ ઓટાવા પર હુમલો કરીને દિલ્હીએ અમારી લોકશાહીની અખંડિતતાને નબળી પાડી છે. ટ્રૂડોના આ નિવેદન બાદ હવે કડવાશ ઘટવાને બદલે વધી રહી છે. હકીકતમાં, ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જર હત્યા કેસમાં ટ્રૂડોના આરોપો પછી, ભારતે ૬ કેનેડિયન રાજદ્વારીઓને ભારતમાંથી હાંકી કાઢ્યા હતા. અને કેનેડામાંથી પોતાના રાજદ્વારીઓને પાછા ખેંચવાની પણ જાહેરાત કરી હતી. આ રીતે બંને દેશો વચ્ચે ફરી એકવાર તણાવ વધી ગયો છે. પીએમ ટ્રૂડોએ કહ્યું કે અમે ભારતની એકતાનું સન્માન કરીએ છીએ. કેનેડામાં ઘણા લોકો અલગતાવાદની વાત કરે છે પરંતુ અમે વન ઈન્ડિયા પોલિસીનું સન્માન કરીએ છીએ. ભારતે સતત અમારી ટીકા કરી છે.

### ફરી ટ્રેન દુર્ઘટના, હેલ્પલાઈન નંબર જાહેર

## અગરતલા લોકમાન્ય તિલક ટર્મિનસના આઠ ડબ્બા પાટા પરથી ખડી પડ્યા

। (એજન્સી) ડિબાલેંગ, તા.૧૭ ।

ટ્રેનોની દુર્ઘટનાના કિસ્સાઓ સતત સામે આવી રહ્યા છે. તાજેતરની ઘટના ડિબાલેંગ સ્ટેશન પર બની જ્યારે અગરતલા-લોકમાન્ય તિલક ટર્મિનસ ડિરેલ થઈ ગઈ. ભારતીય રેલવે મુજબ, ટ્રેનના ૮ ડબ્બા પાટા પરથી ઉતરી ગયા. જોકે આ ઘટનામાં કોઈ જાનહાની થઈ નથી અને કોઈને પણ કોઈ ઈજા થઈ નથી. રેલવેએ જણાવ્યું કે, ૧૨૫૨૦ અગરતલા - લોકમાન્ય તિલક ટર્મિનસ એક્સપ્રેસ, જે આજે સવારે અગરતલાથી રવાના થઈ હતી, તે લૂમડિંગ મંડળ અંતર્ગત દિબાલોંગ સ્ટેશન પર લૂમડિંગ - બદરપુર હિલ સેક્શનમાં લગભગ ૦૩:૫૫ વાગ્યે પાટા પરથી ઉતરી ગઈ. પાવર કાર અને એન્જિન સહિત ૦૮ (આઠ) ડબ્બા પાટા પરથી ઉતરી ગયા. જોકે, કોઈ હતાહત કે ગંભીર ઈજાના અહેવાલ નથી. બચાવ અને પુનઃસ્થાપન કામગીરી પર દેખરેખ રાખવા માટે અકસ્માત રાહત ટ્રેન અને અકસ્માત રાહત મેડિકલ ટ્રેન લુમડિંગના વરિષ્ઠ અધિકારીઓ સાથે પહેલાથી જ સ્થળ માટે રવાના થઈ ગઈ છે.

# રાપર GSRTC બસમાં રોજ શાળા જવા મુસાફરી કરતા છાત્રે એજ બસનું નાનું મોડલ બનાવી રાપર ડેપોને આનોખી ભેટ આપી












સેલારી સાંદિપની વિદ્યાલય ધો.૧૨નો છાત્ર ઈરફાન અનવર મીરે GSRTCની બસ રાપર ડેપોને ભેટ આપી હતી. બસમાં અંદર ૫૨ સીટો, અંદર લાઈટિંગ, ડ્રાઈવર, કન્ડક્ટર, સીટો સહિત આગળ પાછળ સિંગ્નલ, દરવાજો ખુલે તો લાઈટ ચાલુ થાય તેવું બે ફૂટ લાંબુ એસટી બસનું મોડલ બનાવીને @OfficialGsrtc ને આપી.

# થરા માર્કેટ યાર્ડમાં વહીવટી ચેરમેન વાઈસ ચેરમેનની ચુંટણી યોજાશે

। (પ્રતિનિધી) થરા, તા.૧૭ ।

કાંકરેજ તાલુકાના વેપારી મથક થરા માર્કેટ યાર્ડના ચેરમેન વાઈસ ચેરમેન સહીત ચુંટાયેલા સભ્યોની મુદત પુરી થતાં ત્યાં વહીવટદાર તરીકે નાયબ નિયામક ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર અને જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, બનાસકાંઠા ચાર્જ સંભાળ્યા બાદ ગત તા.૧૧/૧૦/ ૨૦૨૪ના સાત સભ્યોની વહીવટી કમિટી જાહેર કરવામાં આવેલ ત્યાર બાદ ચુંટણી અધિકારી, શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ થરા અને નાયબ નિયામક ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર અને જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, બનાસકાંઠાએ તા.૧૫/૧૦/૨૦૨૪ના જાહેર કરેલ એજન્ડા મુજબ થરા શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, માર્કેટ યાર્ડમાં વંચાણે લીધા ક્રમ–૧ થી પ્રસિધ્ધ કરેલ જાહેર નામાંથી ગુજરાત ખેત ઉત્પન્ન બજાર અધિનિયમ- ૧૯૬૩ની કલમ- ૧૧(૨)(ક) અન્વયે વહીવટી કમિટીની નિમણૂંક કરવામાં આવેલ છે. જે અન્વયે નિયામક શ્રી, ખેતબજાર અને ગ્રામ્ય અર્થતંત્ર દ્વારા ખાસ સામાન્ય સભા બોલાવવાની સંદર્ભદર્શિત પત્રક્રમાંકઃ-૦૨થી આદેશ થઈ આવેલ છે. સદરહું આદેશ મુજબ ગુજરાત ખેત ઉત્પન્ન બજારો બાબતના નિયમો- ૧૯૬૫નાં નિયમ-૩૧ની જોગવાઈ અનુસાર સદસ્યશ્રીઓમાંથી બજાર સમિતિના સભાપતિ(ચેરમેન) તથા ઉપસભાપતિ(વાઈસ ચેરમેન)ની ચુંટણી કરવાની સંદર્ભ દર્શિત પત્ર ક્રમાંક -૦૨થી સુચના થયેલ છે. સદરહું પત્રથી ખાસ સામાન્ય સભા બોલાવવા જણાવેલ હોઈ, નિયમ-૩૫(૩) મુજબ ખાસ સામાન્ય સભા બોલાવવાની થાય છે જે સબબ વંચાણે લીધેલ- ૨ અને વંચાણે લીધેલ-૩ની જોગવાઈની રૂએ શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ,થરાના તમામ વહીવટી કમિટીના સદસ્યશ્રીઓ જેમાં ઈશ્વરભાઈ અણદાભાઈ પટેલ (વસ્તાસર) કરણસિંહ ચતુરસિંહ વાઘેલા (આંગણવાડા) બાબુભાઈ માલાભાઈ ચૌધરી (ખસા) ગીરીશકુમાર અંબાલાલ પટેલ (તાણા) જયંતીલાલ કાલિદાસ જોશી (વડા) પુનુભા બચુજી વાઘેલા (આકોલી) કિરીટકુમાર અમૃતલાલ ઠક્કર(થરા)ની બેઠક નીચે જણાવેલ તારીખ, સમય અને સ્થળે રાખવામાં આવેલ છે.માટે દરેક સદસ્યશ્રીઓએ આ બેઠકમાં અવશ્ય હાજર રહેવા વિનંતી છે.સ્થળઃ-શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, થરાનું કાર્યાલય, મુ.થરા તા.કાંકરેજ જિ.બ.કાંઠા. તાઃ-૧૯/૧૦/૨૦૨૪ સમય :૧૨.૦૦ કલાકે. કાંકરેજ તાલુકામાં રાજકીય સહકાર ક્ષેત્રે સૌથી વધુ થરા માર્કેટ યાર્ડ ચર્ચાના ચકડોળે ચડ્યું છે. વાવ વિધાન સભા કરતાં સૌની નજર થરા માર્કેટ યાર્ડના ભાજપના બે જૂથો પર મંડાયેલી છે કે ચૂંટણી પહેલાં કે પછી શું થશે.? અત્યારે લોકચર્ચામાં ખેડૂત વિભાગમાંથી ઈશ્વરભાઈ અણદાભાઈ પટેલ અને વેપારી વિભાગમાં કિરીટ કુમાર અમૃતલાલ ઠક્કરના નામ છે.. રાજકીય સહકારી સમીકરણ માં ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનું છે તેવી સ્થિતિ સર્જાઈ શકે.

### મારા પતિ ૨૦ વર્ષથી ત્રાસ આપે છે, ક્યારેય બોલી નથીઃ પદ્મિની બા

# પદ્મિનીબા વાળાએ પુત્ર સાથે મળીને પતિને માર મારતાં સારવારમાં ખસેડાયા

## પદ્મિનીબા વાળા તેમના પતિ સાથે ઘરની બહાર રોડ ઉપર ઉગ્ર બોલાચાલી કરતાં હોય એવું વીડિયોમાં જોવા મળે છે

। (એજન્સી) રાજકોટ, તા.૧૭ ।

રાજકોટના રેલનગરમાં રહેતાં ક્ષત્રિય સમાજના મહિલા અગ્રણી ફરીવાર ચર્ચામાં આવ્યા છે. પદ્મિનીબા વાળાનો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે. પદ્મિનીબા વાળા તેમના પતિ સાથે ઘરની બહાર રોડ ઉપર ઉગ્ર બોલાચાલી કરતાં હોય એવું વીડિયોમાં જોવા મળે છે. બીજી તરફ રાત્રીના પોતાના પતિને પાઈપથી મારકુટ કરતાં ઈજાગ્રસ્ત પતિ સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ થયા હતાં. પત્નીની સાથે મારકુટ કરવામાં પુત્ર પણ સામેલ હોવાનું તેમણે પોલીસ સમક્ષ કહ્યું હતું.સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, રાજકોટના રેલનગર રામેશ્વર પાર્ક-૫માં રહેતાં ગિરીરાજસિંહ અનિરૂદ્ધસિંહ વાળા (ઉ.૪૭) રાતે એકાદ વાગ્યે ૧૦૮ મારફત સિવિલ હોસ્પિટલે પહોંચ્યા હતા. તબીબની પુછતાછમાં મારકૂટ થયાનું કહેતાં હોસ્પિટલ ચોકીના પોલીસ સ્ટાફને જાણ કરવામાં આવી હતી. અહીં ચોકીના સ્ટાફની પ્રાથમિક પૂછપરછમાં ગિરીરાજસિંહે પોતાને પુત્ર સત્યસજીતસિંહ અને પત્ની પદ્મિનીબા વાળાએ પાઈપથી માર માર્યાનું કહેતાં તે મુજબની નોંધ પ્ર.નગર પોલીસમાં કરાવાઈ હતી. આ મામલે એ.એસ. આઈ. એ.આર. વરૂ નિવેદન નોંધવા પહોંચ્યા હતા. પરંતુ ઘરમેળે સમાધાન થઈ ગયાનું કહી ગિરીરાજસિંહે હોસ્પિટલમાંથી રજા લીધી હોવાનું જાણવા મળ્યું છે.પદ્મિનીબા વાળાએ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે, છેલ્લાં ૨૦ વર્ષથી મારા પતિ મને શારીરિક-માનસિક ત્રાસ આપે છે ગઈકાલે વધુ માથાકૂટ થઈ ગઈ. અમે કોઈ મારકૂટ કરી નથી, માત્ર ઉગ્ર બોલાચાલી થવા પામી છે.પદ્મિનીબા વાળાએ જણાવ્યું હતું કે, પતિ ઘરેથી નીકળી જાય પછી ફોન સ્વિચ ઓફ કરી દે છે અને ચાર-છ મહિને ઘરે આવે છે. તેના પર દેણું થઈ ગયું હતું. ૭૦ લાખ રૂપિયાનું દેવું અમે જમીન વેચીને પૂર્ણ કર્યું છે. હું જે રીતે આગળ વધી રહી છું એ ઘણા બધાને નથી ગમતું.

### વતને જતા લોકો માટે ખાસ સુવિધા કરવામાં આવી

# દિવાળી દરમિયાન એસટી વિભાગ દોડાવશે એક્સ્ટ્રા બસો

। (એજન્સી) સુરત, તા.૧૭ ।

દિવાળીને હવે ગણતરીના દિવસો બાકી છે. ત્યારે રાજ્ય સરકાર તરફથી દિવાળીમાં પોતાના વતને જતા લોકો માટે ખાસ સુવિધા કરવામાં આવી છે. દિવાળીને ધ્યાનમાં લઈને એસ.ટી નિમગ દ્વારા તહેવારોને ધ્યાનમાં લઈને વતન જવા તારીખ ૨૬ થી ૩૦ ઓક્ટોબર દરમિયાન સુરતથી ૨૨૦૦ વધુ બસ દોડાવવામાં આવશે. સુરત સર્કિટ હાઉસ ખાતે પ્રેસ કોન્ફરન્સ દરમિયાન વાહનવ્યવાહ મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, છેવાડાના માનવી સુધી એસ.ટી બસની કનેક્ટિવિટી મળી રહે તે માટે રાજ્ય સરકારે જાહેર પરિવહનની સુવિધામાં વધારવામાં આવી છે. દિવાળીના દિવસોમાં સુરતમાંથી પોતાના વતન સૌરાષ્ટ્ર તથા ઉત્તર ગુજરાત, દાહોદ, પંચમહાલ સહિત અન્ય જિલ્લા તેમજ મહારાષ્ટ્રમાં હજારોની સંખ્યામાં લોકો જતાં હોય છે. જેને ધ્યાનમાં લઈને તારીખ ૨૬ થી ૩૦ ઓક્ટોબર દરમિયાન સૌરાષ્ટ્ર,



ઉત્તર ગુજરાત, પંચમહાલ, મહારાષ્ટ્ર સહિત વિવિધ સ્થળોએ ૨૨૦૦ થી વધુ બસો દોડાવવામાં આવશે. આ સાથે માગ મુજબ વધુ બસો ફાળવવા પણ તંત્ર તૈયાર છે. મહારાષ્ટ્ર તરફના મુસાફરો માટે ઉધન બસ સ્ટેશનથી વધારાની બસ નવાપુર, નંદુરબાર, ધુલિયા, શહદા માટે મૂકાશે. જેનું અત્યારથી જ એક્ટ્રા બસોનું ગ્રુપ બુકિંગ એસ. ટી સેન્ટ્રલ બસ સ્ટેશન સુરત તેમજ અડાજણ બસ પોર્ટ ખાતે આવેલી સુરત સિટી ડેપોથી કરી શકાશે.

# ધાનેરામાં ૭૦૦થી વધુ કિલોનો ભેળસેળવાળા ઘીનો જથ્થો પકડાયો

। ધાનેરા, તા.૧૭ ।

દિવાળીને ધ્યાનમાં રાખીને ફૂડ વિભાગ દ્વારા વિવિધ જગ્યાએથી ખાદ્ય પદાર્થોના સેમ્પલ લેવામાં આવી રહ્યા છે. ત્યારે ત્રીજી વખત ઉત્તર ગુજરાતમાંથી શંકાસ્પદ ઘીનો જથ્થો ઝડપાયો છે. તંત્રએ બનાસકાંઠામાંથી શંકાસ્પદ ઘીનો જથ્થો જપ્ત કર્યો છે. બનાસકાંઠાના ધાનેરામાં ફૂડ એન્ડ ડ્રગ વિભાગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં ૭૦૩ કિલો શંકાસ્પદ ઘી જપ્ત કરી સેમ્પલ લેબમાં મોકલવામાં આવ્યા હતા. જેમાં એવું સામે આવ્યું છે કે તેઓ પ્રતિષ્ઠિત ઘી બ્રાન્ડ 'સાગર'ના લેબલ પર ઘી વેચી રહ્યા છે.

### ૨૨ ઓક્ટોબરથી નવા રૂટ શરૂ કરાશે, ૨૦ બસો મૂકાશે

# વૈષ્ણોદેવીથી સનાથલ સુધી AMTSના નવા 3 રૂટ શરૂ થશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

શહેરના રિંગરોડ પર લોકોનો ધસારો વધતા કોર્પોરેશનની AMTSના નવા ૩ રૂટ શરૂ કરવાનું નક્કી કરાયું છે. વૈષ્ણોદેવીથી લઈને સનાથલ સુધીના નવા ૩ રૂટ આગામી ૨૨ ઓક્ટોબરથી કાર્યરત કરી દેવામાં આવશે. આ રૂટ શરૂ થાય બાદ લોકો રિંગરોડ પર વૈષ્ણોદેવીથી સનાથલ સુધી સરળતાથી મુસાફરી કરી શકશે. નવા રૂટ માટે ૨૦ બસો મૂકવાનું આયોજન કરવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે. શહેરના છેવાડે આવેલા એસ.પી. રિંગરોડ આસપાસના વિસ્તારમાં પણ હવે



રહેણાંક અને કોમર્શિયલ બાંધકામો થતા શહેરના લોકોની અવરજવર આ વિસ્તારોમાં પણ વધવા લાગી છે. જેથી શહેરીજનોને અવરજવરમાં સરળતા રહે તે માટે અમદાવાદ મ્યુનિ. ટ્રાન્સપોર્ટ સર્વિસ દ્વારા અસલાલીથી રણાસણ સુધી બસ સેવા શરૂ કરાઈ હતી. જેમાં હવે વધુ ત્રણ નવા રૂટનો સમાવેશ કરવાનો નિર્ણય લેવાયો છે. આ નવા ૩ રૂટ આગામી ૨૨ ઓક્ટોબરથી શરૂ કરાશે. નવા રૂટ શરૂ થયા બાદ લોકો રિંગરોડ પર વૈષ્ણોદેવીથી સનાથલ સર્કલ સુધી સરળતાથી મુસાફરી કરી શકશે.

શહેરના છેવાડાના વિસ્તાર એવા વૈષ્ણોદેવી સર્કલથી લઈને સનાથલ તેમજ અસલાલી સુધી સમગ્ર રિંગ રોડ ઉપર હાલમાં લોકોની અવરજવર વધવા પામી હોવાથી અસલાલીથી રણાસણ સુધીનો ચાલતા એક રૂટમાં હવે વધારો કરાયો છે. નવા ત્રણ રૂટ શરૂ થતાં હવે AMTS બસ વૈષ્ણોદેવીથી લઈને સનાથલ સુધી દોડશે.

# ડીસામાં ૩૬ લાખનો અખાદ્ય માવો જપ્ત કરવામાં આવ્યો

## આ અંગે ફૂડ એન્ડ ડ્રગ વિભાગના અધિકારી ટી.એચ.પટેલે જણાવ્યું હતું કે શંકાસ્પદ માવાના બે સેમ્પલ લેવામાં આવ્યા છે

। (એજન્સી) ડીસા, તા.૧૭ ।

ડીસામાં કોલ્ડ સ્ટોરેજમાં અખાદ્ય માવો હોવાની માહિતી મળતા ફૂડ એન્ડ ડ્રગ વિભાગની ટીમે ૩૬ લાખનો જથ્થો જપ્ત કર્યો હતો. જેમાં ડીસા-પાલનપુર હાઈવે પર આવેલ શ્રી કેસરના કોલ્ડ સ્ટોરેજમાં રાખવામાં આવેલ માવાના જથ્થામાંથી સેમ્પલ લેવામાં આવ્યા હતા.માવાનો જથ્થો શંકાસ્પદ જણાતા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે ૩૬ લાખની કિંમતનો જથ્થો જપ્ત કર્યો હતો. સેમ્પલ ટેસ્ટીંગ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતા આ અંગે ફૂડ એન્ડ ડ્રગ વિભાગના અધિકારી ટી.એચ.પટેલે જણાવ્યું હતું કે શંકાસ્પદ માવાના બે સેમ્પલ લેવામાં આવ્યા છે. જેને ટેસ્ટીંગ માટે લેબોરેટરીમાં મોકલી આપવામાં આવેલ છે. રિપોર્ટ આવે ત્યાં સુધી માવાનો શંકાસ્પદ જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે રાજ્યના નાગરિકોની જીવન જરૂરી ખાદ્ય ચીજ વસ્તુઓ શુદ્ધ, સલામત અને ગુણવત્તા યુક્ત મળી રહે તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. જેના ભાગરૂપે રાજ્યમાં આરોગ્ય વિભાગ દ્વારા ખોરાકની સલામતી અને લોકજાગૃતિ માટે ૩ ઓક્ટોબરથી ૧૭ ઓક્ટોબર ૨૦૨૪ સુધી "ફૂડ સેફટી પખવાડિયા"નું આયોજન કરવામાં આવ્યું છે.પખવાડિયાના પ્રથમ ૪ દિવસમાં ખાદ્ય પદાર્થોના ચેકિંગની ખાસ ઝૂંબેશમાં રૂ. ૧.૭૩ કરોડથી વધુનો ૩૨,૦૦૦ કિગ્રાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. રાજ્ય સરકાર ખાદ્યપદાર્થો માં થતી ભેળસેળ કોઈપણ ભોગે ચલાવી નહીં લે આવા તત્વો સામે કડક કાર્યવાહી થશે ફૂડ સેફટી પખવાડિયા દરમિયાન કરવામાં આવેલી કામગીરી વિશે માહિતી આપતા આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે,ફૂડ સેફટી પખવાડિયા દરમ્યાન વિવિધ જગ્યાએ ફૂડ સેફટી ઓન વ્હીલ્સ દ્વારા નવરાત્રી દરમ્યાન લોકોમાં જાગૃતિના કાર્યક્રમો કરવામાં આવી રહ્યાં છે. ફૂડ સેફટી પખવાડિયના પ્રથમ ૪ દિવસ દરમિયાન ૬૭૨ એન્ફોર્સમેન્ટ નમુના અને ૧,૬૦૭ સર્વેલન્સ નમુના મળીને ૨,૨૭૯ નમુના લેવામાં આવ્યા હતા.

**વિશેષ** રાજ્યના વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ વિભાગના મંત્રી મુકેશભાઈ પટેલની અધ્યક્ષતામાં માલ સામોટ ખાતે એક પેડ માં કે નામ કાર્યક્રમ યોજાયો

# માતા સાથેના અમૂલ્ય સંબંધોને મૂલવવાનો અને માતાનું ઋણ ચૂકવવાનો વિચાર એટલે 'એક પેડ માં કે નામ' : રાજ્ય કક્ષાના મંત્રી મુકેશભાઈ પટેલ

। (એજન્સી) ગાંધીનગર ।

દેડિયાપાડા તાલુકાના માલ સામોટ ગામે ગુજરાત સરકારના વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ, જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના રાજ્ય કક્ષાના મંત્રીશ્રી મુકેશભાઈ પટેલની અધ્યક્ષતા અને ભરૂચના સાંસદશ્રી મનસુખભાઈ વસાવા, જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી ભિમસિંહ તડવી, દેડિયાપાડાના ધારાસભ્યશ્રી ચૈતરભાઈ વસાવા અને નાંદોદના ધારાસભ્ય ડૉ. દર્શનાબેન દેશમુખની પ્રેરક ઉપસ્થિતિમાં એક પેડ માં કે નામ અંતર્ગત વૃક્ષા રોપણ કાર્યકમ યોજાયો હતો. બાદમાં રૂપિયા ૪૦ કરોડના ખર્ચે નિર્માણ પામનાર રૂરલ ઈકો ટુરિઝમ પ્રોજેક્ટનું મંત્રીશ્રી અને મહાનુભાવોના હસ્તે ખાતમુહૂર્ત કરાયું હતું. 'એક પેડ માં કે નામ' કાર્યકમમાં સહભાગી નાગરિકોને સંબોધતા મંત્રીશ્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, સમગ્ર વિશ્વ ગ્લોબલ વોર્મિંગની મુશ્કેલી સામે ઝઝૂમી માનવીને સ્વસ્થ જીવન પુરું પડવાના માર્ગો સોધી રહ્યું છે. ત્યારે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૫ જૂનના રોજ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી પ્રસંગે 'એક પેડ માં કે નામ' અભિયાનનો વિચાર આપ્યો છે. આ વિચાર એટલે માતા સાથેના અમૂલ્ય સંબંધોને મૂલવવાનો અને માતાનું ઋણ ચૂકવવાનો અવસર છે. સૌને પોતાની માતાના નામે આ વૃક્ષ યાદ રહેશે અને આ અભિયાનથી લોકોમા જાગૃતિ પણ આવશે. 'એક પેડ માં કે નામ' અભિયાન અંતર્ગત ગુજરાતમાં ૧૭ કરોડ વૃક્ષો રોપવાના લક્ષ્યાંક સામે ૧૬ કરોડ રોપાનું વાવેતર થઈ ચૂક્યું છે. જેમાં વહિવટી તંત્ર અને સ્વૈચ્છિક સંસ્થાઓનો પણ સહયોગ રહેલો છે. સમગ્ર ગુજરાતમાં ચાલી રહેલા આ અભિયાનમાં સૌને જોડાઈને વૃક્ષો રોપવા - ઉછેરવા અને પોતે વાવેલા વૃક્ષની મુલાકાત લઈ તેનું જતન કરવા સૌને અપિલ કરી હતી. વધુમાં મંત્રીશ્રીએ ઉમેર્યું કે, આદિવાસી



સમાજ માટે સરકાર હંમેશા ચિંતિત છે. વન અધિકાર કાયદા અંતર્ગત આદિવાસી સમાજને ન્યાય આપવાનું કામ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યું છે. સરકારે લોકોના આરોગ્યની ચિંતા કરી આયુષ્માન કાર્ડ થકી રૂપિયા ૧૦ લાખ સુધીની વિના મૂલ્યે સારવારની સુવિધા ઉપલબ્ધ કરાવી છે. મંત્રીશ્રીએ કહ્યું કે, સાપુતારાથી સ્ટેચ્યુ ઑફ યુનિટી સુધીની વિકસી રહેલી પ્રવાસન સર્કીટના કારણે હવે માલ સામોટ ખાતે નિર્માણ થનારા રૂરલ ઈકો ટુરિઝમના નિર્માણથી SOUની મુલાકાતે આવતા પ્રવાસીઓ અહીં આવશે. જેનાથી સ્થાનિક આદીવાસી યુવાનો અને મહિલાઓ સખીમંડળોને રોજગારી મળી રહેશે.

સ્થાનિક બનાવટો અને સ્થાનિક ખાણી પીણીને પ્રોત્સાહન મળશે અને રોજગારીનું સર્જન થશે તેમ તેઓએ જણાવ્યું હતુ. સાંસદ શ્રી મનસુખભાઈ વસાવાએ જણાવ્યું કે, મનુષ્ય જીવન વૃક્ષને આધારિત છે તેથી વન અને પર્યાવરણની જાળવણી અને સુરક્ષા આપણા સૌની ફરજ છે. કોરોના જેવી મહામારી માલ સામોટ સુધી પહોંચી શકી નથી તે આપણી વન સંપદાઓ અને વૃક્ષોના કારણે શકય બન્યું છે. તેથી જ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા એક પેડ માં કે નામ અભિયાનમાં સૌ સહભાગી બની પોતાનાં ઘર, ગામ અને આસપાસના વિસ્તારોમાં પોતાનાં પિતૃઓના નામે વૃક્ષા રોપણ કરવા સૌને અપીલ કરી હતી. આ કાર્યક્રમમાં પૂર્વ મંત્રીશ્રી મોતીભાઈ વસાવા, જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમખશ્રી અને જિલ્લા પંચાયતના સભ્ય શ્રીમતી પર્યુષાબેન વસાવા, જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખશ્રી શંકરભાઈ વસાવા, જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના ચેરમનશ્રી ખાનસિંગભાઈ વસાવા, જિલ્લા પંચાયતના સભ્યશ્રી સોમાભાઈ વસાવા, અગ્રણીશ્રી વિક્રમભાઈ તડવી, નાયબ વન સંરક્ષકશ્રી નિરજ કુમાર, નાયબ વન સંરક્ષકશ્રી મિતેશભાઈ પટેલ (સામાજિક વનીકરણ), દેડિયાપાડાના પ્રાંત અધિકારીશ્રી ધવલભાઈ સંગાડા, મામલતદારશ્રી એસ. વી. વિરોલા, વન વિભાગના અધિકારીશ્રીઓ, ચૂંટાયેલા જન પ્રતિનિધીશ્રીઓ, વન વિભાગના અધિકારીશ્રીઓ, શાળાના બાળકો અને ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાયા હતાં.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## ત્રિરંગાને દર મહિને ૨૧ સલામી આપીને ભારત માતાની જય બોલવું પડશે



। (એજન્સી) જબલપુર, તા.૧૭ ।

મધ્યપ્રદેશના જબલપુરમાં આવેલી હાઈકોર્ટે દેશ વિરોધી નારા લગાવનારા આરોપીને અનોખી શરતો પર જામીન આપ્યા છે, જેની સમગ્ર રાજ્યમાં ચર્ચા થઈ રહી છે. હાઈકોર્ટે આરોપીને કહ્યું છે કે, તેણે દર મહિને દેશના ગુણગાન ગાવા પડશે. ઉલ્લેખનીય છે કે, આરોપી ફૈઝાન ખાને દેશ વિરોધી નારા લગાવ્યા હતા અને તેનો વીડિયો વાયરલ થયો હતો. આ પછી પોલીસે તેની ધરપકડ કરીને જેલમાં મોકલી દીધો હતો. આ પછી આરોપી વિરુદ્ધ કોર્ટમાં સુનાવણી શરૂ થઈ, જેમાં તે જામીન માટે અરજી કરતો રહ્યો, પરંતુ હવે જબલપુર હાઈકોર્ટે તેને શરતો સાથે જામીન આપી દીધા છે. જબલપુર હાઈકોર્ટે આરોપીને એક શરત સાથે જામીન આપતા કહ્યું કે, "તેણે દર મહિને ૨૧ વખત ત્રિરંગાને સલામી આપવી પડશે અને બે વખત 'ભારત માતા કી જય' બોલવું પડશે." આ કેસની સુનાવણી જસ્ટિસ દિનેશ કુમાર પાલીવાલે કરી હતી.

## નેહા અને તેના પતિ રોહનને મળી ધમકી



। (એજન્સી) ચંદીગઢ, તા.૧૭ ।

બાબા સિદ્દીકીની હત્યા બાદ એકતરફ બૉલીવૂડ સુપરસ્ટાર સલમાન ખાનની સુરક્ષામાં પહેલા કરતા વધુ વધારો કરવામાં આવ્યો છે, તો બીજીતરફ વધુ બે સેલિબ્રિટીઓને ધમકીઓ મળી છે, જેમાં બૉલીવુડની જાણીતી પ્લેબેક સિંગર નેહા કક્કડનું નામ છે. તેના પતિ રોહનપ્રીત સિંહનો સમાવેશ થાય છે. જોકે, લૉરેન્સ બિશ્નોઈએ નેહા અને રોહનપ્રીતને કોઈ ધમકી આપી નથી, પરંતુ તેમને આ ધમકીઓ બાબા બુઢા દળના નિહંગ માન સિંહ અકાલી તરફથી મળી છે. નિહંગ માન સિંહનો એક ધમકીભર્યો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે, જેમાં તેણે નેહા અને રોહનપ્રીત વિશે કહ્યું છે કે આ લોકોએ પંજાબને બરબાદ કરી દીધું છે. તેણે તેનો આ વીડિયો પણ ચેતવણી તરીકે રજૂ કર્યો અને બંનેને કહ્યું કે અત્યારે તે પ્રેમથી સમજાવી રહ્યો છે, પણ નિહંગ માને નેહા અને રોહનપ્રીતને કેમ ધમકી આપી? ખરેખર, નિહંગ માને બંને ગાયકો પર અશ્લીલતા ફેલાવવાનો આરોપ લગાવ્યો છે.

## વારંવાર અપમાનનો બદલો લેવા લોટ બાંધતી વખતે પોતાનો પેશાબ ભેળવતી

। (એજન્સી) ગાઝિયાબાદ, તા.૧૭ ।

ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદ ક્રોસિંગ્સ રિપબ્લિક વિસ્તારમાં એક ચોંકાવનારી ઘટના બની હતી. જેમાં એક ઘરકામ કરતી મહિલાની લોટમાં મૂત્ર ભેળવવાના આરોપ સર ધરપકડ કરવામાં આવી હતી. આ ચોંકાવનારા કિસ્સાએ ઘરકામ માટે નિયુક્ત કરાતા કામદારોમાં સ્વચ્છતા અને સુરક્ષાના ધોરણો વિશે ચિંતા ઉપજાવી છે. આ કિસ્સો ત્યારે ઉજાગર થયો જ્યારે આ વિસ્તારમાં રહેતા એક પરિવારના સભ્યો ન સમજી શકાય તેવી બીમારીનો ભોગ બન્યા હતા. વારંવાર બીમારી અને ખોરાકની સામગ્રીની થતી ચોરીથી કંટાળીને તેમણે રસોડામાં એક હિડન કેમેરા લગાવ્યો હતો. તેમને ઝટકો તો ત્યારે લાગ્યો જ્યારે કેમેરાના ફૂટેજમાં મહિલા કર્મી લોટ બાંધતી વખતે તેમાં પોતાનો પેશાબ ભેળવતી નજરે પડી. પરિવારે તુરંત પોલીસ ફરિયાદ કરતા મહિલા કર્મીની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે જ્યારેમહિલાને આવું કરવા પાછળનું કારણ પૂછ્યું તો, આરોપી મહિલાએ જણાવ્યું કે, હું આઠ વર્ષથી ત્યાં કામ કરી રહી હતી.



નૌકચોટમાં નૌઆકશોટ રાષ્ટ્રપતિ મહેલ ખાતે ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ મોરિટાનિયાના રાષ્ટ્રપતિ મોહમ્મદ ઓલ્ડ ગઝૌઆનીને મળ્યા.

# બિહારમાં લઠ્ઠાકાંડ ૨૮ને ભરખી ગયો, પરિવારો શોકમાં ગરકાવ

। (એજન્સી) પટણા, તા.૧૭ ।

બિહારના બે જિલ્લામાં લઠ્ઠાકાંડ સર્જાતા ભારે હાહાકાર મચ્યો છે. સિવાન અને છપરાજિલ્લામાંઝેરીદારૂપીવાનાકારણેમૃત્યુ આંકમાં વધારો થયો છે. પોલીસના જણાવ્યા અનુસાર, સિવાનમાં ૨૦ અને છપરામાં ૮ લોકોના મોત થયા છે. આમ,અત્યાર સુધી ૨૮ લોકોના મોત નિપજ્યા છે, જ્યારે ૨૫થી વધુ લોકો હજુ પણ બીમાર છે. તેમાંથી મોટાભાગનાની સારવાર સિવાનની સદર હોસ્પિટલમાં ચાલી રહી છે જ્યારે કેટલાક લોકોની સારવાર છપરામાં ચાલી રહી છે. જ્યારે કેટલાકને પટના રિફર કરવામાં આવ્યા છે. છપરાના પોલીસ વડા આશિષ કુમારે જણાવ્યું હતું કે, 'આ કેસની તપાસ માટે વિશેષ ટીમની રચના કરવામાં આવી છે. ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી છે અને આઠ લોકો સામે ફરિયાદ નોંધવામાં



આવી છે. ખાતાકીય કાર્યવાહીના ભાગરૂપે મશરક પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અને મશરક વિસ્તારના છન્હ્ર ઈન્ચાર્જ પાસેથી સ્પષ્ટતા માંગવામાં આવી છે.' જિલ્લા મેજિસ્ટ્રેટ મુકુલ કુમાર ગુપ્તાના જણાવ્યા અનુસાર, ભગવાનપુર પોલીસ સ્ટેશન અને ભગવાનપુર પોલીસ સ્ટેશનના ASI સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે.' ઝેરી દારુ પીવાના કારણે અનેક લોકો બીમાર પડ્યા હોવાની માહિતી સામે આવતા ડીએમ, એસપી સહિત વહીવટી તંત્ર પણ દોડતું થઈ ગયું હતું. તંત્ર દ્વારા હેલ્પલાઈન નંબર ૦૬૧૫૪-૨૪ ૨૦૦૮ જાહેર કરવામાં આવ્યો છે અને લોકોને ઘટના અંગે તેમજ મૃતક લોકો અંગે તુરંત સૂચના આપવા વિનંતી કરવામાં આવી છે. આ ઉપરાંત સદર હોસ્પિટલ સિવાન તેમજ બસંતપુર આરોગ્ય કેન્દ્રના ડૉક્ટરોને ૨૪ કલાક એલર્ટ પર રહેવા નિર્દેશ અપાયો છે અને વધારાની એમ્બ્યુલન્સની વ્યવસ્થા પણ ઉભી કરવામાં આવી છે. વિપક્ષે ઝેરી દારૂ પીવાથી અનેક લોકોના મૃત્યુને લઈને રાજ્ય સરકાર પર પ્રહોરો કર્યો હતો. આરજેડી નેતા મૃત્યુંજય તિવારીનું જણાવ્યું હતું કે, 'ઝેરી દારૂ પીવાથી લોકોએ જીવ ગુમાવ્યા છે. તે ખૂબ જ દુઃખદ અને ચિંતાની વાત છે કે દારૂબંધીનો કાયદો હોવા છતાં બિહારમાં લઠ્ઠાકાંડની ઘટનાઓ સામે આવે છે, કેવી રીતે લોકો ઝેરી દારૂના કારણે મૃત્યુ પામે છે.'

## રામ ગોપાલ મિશ્રાના મૃત્યુનો લાઇવ વીડિયો સામે આવ્યો

। (એજન્સી) બહરાઈચ, તા.૧૭ ।

બહરાઈચના હિંસાગ્રસ્ત મહારાજગંજ કસ્બા અને તેની આસપાસની સ્થિતિ બુધવારે સામાન્ય થતી જોવા મળી રહી છે અને ઈન્ટરનેટ સેવા પણ પુનઃસ્થાપિત કરવામાં આવી છે. આ દરમિયાન બહરાઈચ હિંસાનો એક નવો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં હિંસામાં મૃત્યુ પામેલા રામ ગોપાલ મિશ્રા પર ગોળી ચલાવતા દેખાય છે. ગોળી વાગતાં જ રામગોપાલ મિશ્રા નીચે પડ્યા હતા અને છત પર ધ્વજ લગાવતી વખતે રામ ગોપાલ મિશ્રા પર ગોળી ચલાવવામાં આવી હતી.

## બહરાઈચ હિંસાઃ પાંચ આરોપીની ધરપકડ કરાઈ, બેને વાગી ગોળી



। (એજન્સી) બહરાઈચ, તા.૧૭ ।

ઉત્તર પ્રદેશના બહરાઈચમાં થયેલી હિંસાના બે મુખ્ય આરોપીઓનું એન્કાઉન્ટર કરવામાં આવ્યું છે. બંને આરોપીઓ નેપાળ ભાગવાની ફિરાકમાં હતા. પોલીસની ટીમ ઘટનાના દિવસથી જ બંને આરોપીઓને શોધી રહી હતી. જો કે આજે પોલીસને બંને આરોપીનું લોકેશન મળી આવ્યું હતું, જેમાં બંનેને ટ્રેસ કરવામાં આવ્યા હતા. આ આરોપીઓના નામ સરફરાઝ ઉર્ફે રિંકુ અને ફહિમ છે. આ બંને આરોપી અબ્દુલ હમીદના પુત્ર છે. એવા પણ અહેવાલો સામે આવ્યા છે કે, બંને આરોપીનું નેપાળ બોર્ડર પાસે હાંડા બશેહરી નહેર પાસે એકાઉન્ટ કરવામાં આવ્યું છે. એડીજી લૉ એન્ડ ઓર્ડર અમિતાભ યશે જણાવ્યું કે, 'હાલ એક્રાઉન્ટરમાં કોઈ જાનહાનિ થઈ હોવાની માહિતી મળી નથી, પરંતુ પોલીસે પાંચ આરોપીઓ ઝડપી લીધા છે. પ્રાથમિક માહિતી મુજબ પાંચ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે અને એક્રાઉન્ટરમાં બે લોકોને ગોળી વાગી છે.' હાલ આ મુદ્દે પોલીસ હેડક્વાર્ટર ખાતે બેઠકનો દોર શરૂ થઈ ગયો છે. બેઠકમાં એડીજી કાયદો અને વ્યવસ્થા સહિતના વરિષ્ઠ અધિકારીઓ હાજર છે. એક્રાઉન્ટરની ઘટના બાદ અબ્દુલ હમીદની પુત્રી રૂખસારનું નિવેદન સામે આવ્યું છે. તેણે કહ્યું છે કે, ગઈકાલે સાંજે ચાર વાગ્યે મારા પિતા અબ્દુલ હમીદ, મારા બે ભાઈ સરફરાઝ અને ફહિમ અને અન્ય એક યુવકને ઉત્તર પ્રદેશ એસટીએફમાં લઈ જવાયા હતા. મારા પતિ અને મારા સાળાને પણ ઉઠાવાયા હતા. અમારા પરિવારને પોલીસ સ્ટેશનમાંથી તેઓના વિશે કોઈ માહિતી મળી નથી. અમને ડર છે કે, તેઓ એક્રાઉન્ટરમાં માર્યા ગયા હોઈ શકે છે. આ એક્રાઉન્ટર અંગે એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે, બહરાઈચ હિંસામાં મૃત્યુ પામનાર રામગોપાલ મિશ્રાની હત્યામાં બંને આરોપીઓ સામેલ હતા.

### બેંગલુરૂમાં કીવી બોલરોનો આતંક

# બેંગલુરૂમાં ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવી ટીમ ઈન્ડિયાને ભારે પડી હતી

### ટીમ ઈન્ડિયા માટે રિષભ પંતે સૌથી વધુ ૨૦ રન બનાવ્યા હતા : યશસ્વી જાયસવાલએ ૧૩ રનનું યોગદાન આપ્યું હતું

। (એજન્સી) બેંગલુરૂ, તા.૧૭ ।

મેટ હેનરી અને વિલિયમ ઓ રૂકની ઘાતક બોલિંગની મદદથી ન્યૂઝીલેન્ડે બેંગલુરૂમાં રમાઈ રહેલી પ્રથમ ટેસ્ટ મેચમાં ભારતીય ટીમને માત્ર ૪૬ રનમાં ઓલઆઉટ કરી દીધી છે. ભારતનો પોતાની ધરતી પર ટેસ્ટ ક્રિકેટમાં આ સૌથી ઓછો સ્કોર છે. ટીમ ઈન્ડિયા માટે રિષભ પંતે સૌથી વધુ ૨૦ રન બનાવ્યા હતા. આ સિવાય યશસ્વીએ ૧૩ રનનું યોગદાન આપ્યું હતું. મેટ હેનરીએ ૫ વિકેટ અને વિલિયમ ઓ રૂકે ૪ વિકેટ ઝડપી ભારતીય બેટરોની કમર તોડી દીધી હતી. ભારતના પાંચ બેટરો તો શૂન્ય રન પર આઉટ થયા હતા. આ ટેસ્ટ મેચનો પ્રથમ દિવસ વરસાદમાં ધોવાઈ ગયો હતો. ત્યારબાદ કેપ્ટન રોહિત શર્માએ ટોસ જીતી પ્રથમ બોલિંગનો નિર્ણય કર્યો જે ખોટો સાબિત થયો હતો. ટોસ જીતી પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ટીમ ઈન્ડિયાની શરૂઆત ખરાબ રહી હતી. ટીમનો સ્કોર ૯ રન હતો ત્યારે રોહિત શર્મા આઉટ થયો




હતો. રોહિતને ટિમ સાઉદીએ આઉટ કર્યો હતો. ત્યારબાદ વિરાટ કોહલી શૂન્ય રન બનાવી આઉટ થયો હતો. સરફરાઝ ખાન પણ ખાતું ખોલાવ્યા વગર પેવેલિયન પરત ફર્યો હતો. ૧૦ રન પર ત્રણ વિકેટ પડ્યા બાદ યશસ્વી જાયસવાલ અને રિષભ પંત પાસે આશા હતી. પરંતુ કીવી બોલરો સામે આ બંને પણ લાંબા સમય સુધી ટકી શક્યા નહીં. બંને વચ્ચે ૨૧ રનની ભાગીદારી થઈ હતી. પરંતુ ૩૧ રનના સ્કોર સુધી ઓ રૂકે યશસ્વીને આઉટ કરી દીધો હતો. જાયસવાલે એક ચોગ્ગાની મદદથી ૧૩ રન બનાવ્યા હતા. જાયસવાલ આઉટ થયા બાદ ક્રીઝ પર કેએલ રાહુલ આવ્યો હતો. રાહુલ પણ શૂન્ય રન બનાવી આઉટ થયો હતો.

## મધ્યપ્રદેશની નિકિતા પોરવાલે ફેમિના મિસ ઈન્ડિયા ૨૦૨૪નો ખિતાબ જીત્યો

। (એજન્સી) મુંબઈ, તા.૧૭ ।

મધ્યપ્રદેશના ઉજ્જૈન શહેરની રહેવાસી નિકિતા પોરવાલે ફેમિના મિસ ઈન્ડિયા ૨૦૨૪નો ખિતાબ જીત્યો છે. આ ઈવેન્ટ ફેમિના મિસ ઈન્ડિયા સ્પર્ધાની ૬૦મી આવૃત્તિ હતી. ૧૬ ઓક્ટોબરે મુંબઈમાં ફેમિના મિસ ઈન્ડિયા ૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દિલ્હી સહિત વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ૩૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. નિકિતા પોરવાલે માત્ર ૧૮ વર્ષની ઉંમરે હોસ્ટ તરીકે પોતાની કરિયરની શરૂઆત કરી હતી. નિકિતાએ પણ ફિલ્મી દુનિયામાં એન્ટ્રી કરી છે. તેના પરિવાર વિશે વાત કરીએ તો નિકિતાના પિતા અશોક પોરવાલ પેટ્રો-કેમિકલ બિઝનેસમેન છે. નિકિતા પોરવાલના શિક્ષણ વિશે વાત કરીએ તો તેણે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડામાંથી ગ્રેજ્યુએશનની ડિગ્રી મેળવી છે. તેણે બેચલર ઓફ પરફોર્મિંગનો અભ્યાસ કર્યો છે, જેમાં તેની વિશેષતા ડ્રામા રહી છે. થોડાં મહિના પહેલા તેની ફિલ્મ 'ચંબલ પાર'નું ટ્રેલર રિલીઝ થયું હતું, જે ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં છે. નિકિતાના લેખન વિશે વાત કરીએ તો તેણે માત્ર એક નહીં પરંતુ ઘણા નાટકો લખ્યા છે. જેમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બંનેનો સમાવેશ થાય છે. તેમણે કૃષ્ણલીલા પણ લખી છે, જે ૨૫૦ પાનાની છે. નિકિતા વર્ષ ૨૦૨૬માં યોજાનારી મિસ વર્લ્ડમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે. ૧૯૯૪માં ઐશ્વર્યા રાય, ૧૯૯૭માં ડાયના હેડન, ૧૯૯૯માં યુક્તા મુખી, ૨૦૦૦માં પ્રિયંકા ચોપરા અને ૨૦૧૭માં માનુષી છિલ્લર પછી દેશ નવા મિસ વર્લ્ડ એવોર્ડની રાહ જોઈ રહ્યો હતો.

### કીવીઓ સામે ટીમ ઇન્ડિયા ઘૂંટણીયે

# ભારતીય ક્રિકેટ ટીમની પ્રથમ ઇનિંગ માત્ર ૪૬ રનમાં સમેટાઇ

### ભારતીય ક્રિકેટ ટીમે ઘરઆંગણે શરમજનક રેકોર્ડ બનાવી દીધા હતો : ભારતના આ ૫ ખેલાડીઓ ૦ પર આઉટ થઈ

। (એજન્સી) બેંગલુરુ, તા.૧૭ ।

ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચેની ત્રણ ટેસ્ટ મેચની શ્રેણીની પ્રથમ મેચ ૧૬ ઓક્ટોબરથી બેંગલુરુમાં શરૂ થઈ હતી. પરંતુ વરસાદના કારણે પ્રથમ દિવસની રમત સંપૂર્ણપણે ધોવાઈ ગઈ હતી. આજે (૧૭ ઓક્ટોબર) મેચનો બીજો દિવસે ભારતે આબરૂના ધજાગરા કાઢ્યા છે. આખી ટીમ ૪૬ રનમાં ઓલઆઉટ થઈ ગઈ છે. જેમાં ૫ ખેલાડી તો ૦ પર આઉટ થયા છે. ભારત વિ ન્યુઝીલેન્ડ ૧લી ટેસ્ટ માટે ટીમ ઈન્ડિયાની પ્લેઈંગ ઈલેવનમાં મોટા ફેરફાર જોવા મળ્યા હતા. ઈજાગ્રસ્ત શુભમન ગિલના સ્થાને સરફરાઝ ખાન ટીમમાં પરત ફર્યો હતો. આકાશ દીપની જગ્યાએ કુલદીપને ત્રીજા સ્પિનર તરીકે પસંદ કરવામાં આવ્યો છે. ન્યુઝીલેન્ડની ટીમ અત્યાર સુધી ભારતીય ધરતી પર એકપણ દ્વિપક્ષીય ટેસ્ટ શ્રેણી જીતવામાં સફળ રહી નથી. આ વખતે બંને ટીમો વચ્ચે ૧૩મી ટેસ્ટ શ્રેણી રમાશે. ભારતીય ટીમની કપ્તાની રોહિત શર્માના હાથમાં છે.



જ્યારે ટોમ લાથમ કિવી ટીમની કમાન સંભાળી રહ્યા છે. મેટ હેનરી ભારતીય બેટસમેનો માટે કાળ બની ગયો છે. એને ૧૩ ઓવરમાં ૫ વિકેટ ખેરવી હતી અને માત્ર ૧૫ રન જ આપ્યા હતા. ભારતીય કેપ્ટન રોહિત શર્માએ મેચના બીજા દિવસે (૧૭ ઓક્ટોબર) ટોસ જીત્યો હતો. રોહિત શર્મા અને યશસ્વી જયસ્વાલ બેંગલુરુ ટેસ્ટમાં ભારત માટે ઓપનિંગ કરવા આવ્યા હતા. ન્યૂઝીલેન્ડે પ્રથમ ૬ ઓવરમાં ખૂબ જ કસી એવી બોલિંગ કરી અને ભારતીય ટીમ માત્ર ૯ રન બનાવી શકી હતી. શરૂઆતના દબાણની અસર રોહિત પર જોવા મળી હતી અને તે ટિમ સાઉથીના ઈનકમિંગ બોલ પર માત્ર ૨ રન બનાવીને ક્લીન બોલ્ડ થયો હતો.

### લોરેન્સ બિશ્નોઈ ગેંગનું કામ થશે તમામ...!

# દેશભરમાં તાબડતોડ એક્શન, દિલ્હીમાં એનકાઉન્ટર, પાણીપતથી શૂટર અરેસ્ટ

### મુંબઈ પોલીસ દેશના અલગ અલગ રાજ્યોની પોલીસ સાથે મળીને લોરેન્સ બિશ્નોઈના શૂટર પર કાર્યવાહી કરી રહી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

મહારાષ્ટ્રના પૂર્વ મંત્રી અને એનસીપી નેતા બાબા સિદ્દીકીની હત્યામાં સામેલ હુમલાખોરોને પકડવા માટે પોલીસ તાબડતોડ દરોડા પાડી રહી છે. આ શ્રેણીમાં દિલ્હી પોલીસે ગુરુવાર (૧૭ ઓક્ટોબર ૨૦૨૪)ની સવારે લોરેન્સ બિશ્નોઈ અને હાશિમ બાબા ગેંગના આંતરરાજ્યીય શાર્પ શૂટરને અથડામણમાં ધરપકડ કરી. પોલીસની પકડમાં આવેલો આ શાર્પ શૂટર યોગેશ દિલ્હીના ગ્રેટર કૈલાશમાં જિમ માલિક નાદિર શાહની હત્યામાં મુખ્ય શૂટર હતો. પોલીસની કાર્યવાહીમાં પગમાં ગોળી લાગવાથી શાર્પ શૂટર ઘાયલ થયો. ત્યારબાદ તેને સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યો. પોલીસે તેની પાસેથી નંબર વગરની બાઈક, એક પિસ્તોલ



અને કેટલાક કારતૂસ જપ્ત કર્યા. આરોપીની ઓળખ ઉત્તર પ્રદેશના બદાયું નિવાસી યોગેશ કુમાર ઉર્ફે રાજુ તરીકે થઈ છે. આ પહેલા હરિયાણા અને મુંબઈ પોલીસના સંયુક્ત ઓપરેશનમાં લોરેન્સ બિશ્નોઈ ગેંગનો શૂટર સુખવીર ઉર્ફે સૂખા પાણીપતના સેક્ટર ૨૯ થાણા એરિયામાંથી પકડાયો હતો. તે સલમાન ખાનના ઘર પર ફાયરિંગ કરવાના કેસમાં આરોપી છે. લોરેન્સ ગેંગના જે શૂટર સુખબીર ઉર્ફે સુખ્ખાને નવી મુંબઈ પોલીસ અને પાણીપત પોલીસે સંયુક્ત ઓપરેશનમાં પકડ્યો છે તેની ધરપકડની કહાની ખૂબ રસપ્રદ છે. નવી મુંબઈની પનવેલ સિટી પોલીસ સલમાન ખાનના પનવેલ ફાર્મ હાઉસની રેકી મામલાની તપાસ કરી રહી હતી. લોરેન્સના ગુર્ગાઓએ સલમાન ખાનને મારવાના ઈરાદે તેમના પનવેલ ફાર્મહાઉસની રેકી કરી હતી. તે સમયે પોલીસે ૫ આરોપીઓની ધરપકડ કરી હતી. સુખબીર ઉર્ફે સુખ્ખા આ કેસમાં ફરાર ચાલી રહ્યો હતો, તેને સલમાન ખાનને શૂટ કરવાનું કામ મળ્યું હતું. પનવેલ સિટી પોલીસ સતત તેની શોધ કરી રહી હતી. બુધવારે (૧૬ ઓક્ટોબર ૨૦૨૪) તેની શોધમાં પોલીસની ટીમ પાણીપત પહોંચી હતી. પનવેલ સિટી પોલીસ પાસે સુખ્ખાની લાઈવ લોકેશન હતી.

### ચક્રવાતી તોફાન તબાહી મચાવશે!

# ૧૮ થી ૨૧ ઓક્ટોબર સુધી મુશળધાર પડશે વરસાદ

### દક્ષિણ-પશ્ચિમ બંગાળની ખાડીમાં પ્રેશર ચક્રવાતી વાવાઝોડામાં ફેરવાઈ ગયું છે : ઘણા વિસ્તારોમાં ભારે વરસાદની સંભાવના

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

દક્ષિણ-પશ્ચિમ બંગાળની ખાડીમાં લો પ્રેશર રચાયું છે. તે ચક્રવાતી તોફાનમાં પરિવર્તિત થઈ ગયું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, તે ૧૭ ઓક્ટોબરની સવારે પુડુચેરી અને નેલ્લોર વચ્ચેના દરિયાકાંઠે અથડાઈ શકે છે. દક્ષિણ વિસ્તારમાં વાવાઝોડાની એન્ટ્રીના કારણે ભારે વરસાદની સંભાવના છે. તોફાનની સૌથી વધુ અસર કેરળ, આંધ્રપ્રદેશ અને તમિલનાડુમાં જોવા મળી શકે છે. આ સિવાય અન્ય ઘણા રાજ્યોમાં પણ વરસાદની સંભાવના છે. ચક્રવાતની સૌથી વધારે અસર કર્ણાટકમાં જોવા મળી રહી છે. રાજધાની બેંગલુરુમાં વરસાદ ચાલુ છે. બુધવારે પણ ઘણી જગ્યાએ ભારે વરસાદ પડ્યો હતો. અનેક વિસ્તારોમાં



પાણી ભરાવા અને ટ્રાફિક જામની સમસ્યા સર્જાઈ હતી. બેંગલુરુમાં ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સના જવાનોને તૈનાત કરવામાં આવ્યા છે, જ્યાં સતત વરસાદને કારણે મંગળવારે ઘણા વિસ્તારો ડૂબી ગયા હતા. વરસાદના કારણે બુધવારે બેંગલુરુમાં ભારત અને ન્યૂઝીલેન્ડની ક્રિકેટ ટીમો વચ્ચે પ્રથમ ક્રિકેટ ટેસ્ટ મેચનો પ્રથમ દિવસ રમાઈ શક્યો ન હતો. દક્ષિણ-પશ્ચિમ રેલ્વેએ બેસિન બ્રિજ જંક્શન અને વ્યાસપાડી રેલ્વે સ્ટેશનો વચ્ચેના ટ્રેક પર પાણી ભરાઈ જવાને કારણે ઘણી ટ્રેનો રદ કરી છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે આગામી ત્રણથી ચાર દિવસ શહેરમાં વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતા છે. ઉડુપી, ઉત્તર કન્નડ, શિવમોગ્ગા, ચિક્કમંગાલુરુ, ચિત્રદુર્ગ, દાવણગેરે અને તુમકુરુ જિલ્લામાં આજે એટલે કે ગુરુવારે ભારે વરસાદની સંભાવના છે. આ સિવાય આંદામાન અને નિકોબારમાં પણ ભારે વરસાદ પડી શકે છે. કેરળમાં પણ વરસાદી માહોલ જારી છે. ભારતીય હવામાન વિભાગે કેરળના બે જિલ્લાઓ - ઉત્તર મલપ્પુરમ અને કન્નુર માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. વિભાગે અનેક વિસ્તારોમાં મુશળધાર વરસાદની સંભાવના વ્યક્ત કરી છે. હવામાન વિભાગે રાજ્યના દસ જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહી કરી છે.

# તંત્રી લેખ...

## ટેક્સ કલેક્શન છેલ્લા ૧૦ વર્ષમાં બમણું થઈ ગયું

જ્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૧૪ માં દેશમાં શાસનની ધૂરા સંભાળી ત્યારે તેમની સરકારે દેશમાં ઘણા આર્થિક સુધારાઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. આમાંથી એક દેશમાં ડાયરેક્ટ ટેક્સ કલેક્શન વધારવા માટેનો સુધારો પણ હતો. હવે તેના ફાયદા પણ દેખાઈ રહ્યા છે. છેલ્લા ૧૦ વર્ષમાં દેશમાં ડાયરેક્ટ ટેક્સ કલેક્શનમાં ૧૮૨ ટકાનો વધારો થયો છે. શું તમે જાણો છો કે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં કેટલો ટેક્સ વસૂલવામાં આવ્યો છે ? ગયા નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં દેશમાં ડાયરેક્ટ ટેક્સનું કલેક્શન ૧૯.૬૦ લાખ કરોડ રૂપિયા હતું. ડાયરેક્ટ ટેક્સનું આ કલેક્શન નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ની સરખામણીએ પ્રત્યક્ષ કર સંગ્રહની તુલનામાં કુલ ૧૮૨ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. આવકવેરા વિભાગના નવા અહેવાલ મુજબ, કોર્પોરેટ ટેક્સ કલેક્શન છેલ્લા ૧૦ વર્ષમાં બમણું થઈ ગયું છે અને હવે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ૯.૧૧ લાખ કરોડથી વધુ થઈ ગયું છે. આ સમયગાળા દરમિયાન વ્યક્તિગત કર વસૂલાતમાં પણ લગભગ ચાર ગણો વધારો થયો છે. તે ૧૦.૪૫ લાખ કરોડ રૂપિયા પર પહોંચી ગયો છે. ૨૦૧૪-૧૫માં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સરકારના કાર્યકાળના પ્રથમ વર્ષમાં ડાયરેક્ટ ટેક્સ કલેક્શન લગભગ ૬.૯૬ લાખ કરોડ રૂપિયા હતું. જેમાં આશરે રૂ. ૪.૨૯ લાખ કરોડ કોર્પોરેટ ટેક્સ અને રૂ. ૨.૬૬ લાખ કરોડનો વ્યક્તિગત આવકવેરોનો સમાવેશ થાય છે. દેશમાં માત્ર આવકવેરાની વસૂલાત જ નથી વધી પરંતુ આવકવેરા રિટર્ન ફાઈલ કરનારા લોકોની સંખ્યામાં પણ વધારો થયો છે. નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫માં ૪.૦૪ કરોડ઼ૈંઈ ફાઈલ કરવામાં આવેલા. જેની સંખ્યા વધીને ૨૦૨૩-૨૪માં ૮.૬૧ કરોડથી વધુ થઈ ગઈ છે. જ્યારે, દેશમાં પ્રત્યક્ષ કર અને જીડીપીનો ગુણોત્તર ૨૦૧૪-૧૫માં ૫.૫૫ ટકાથી વધીને ૨૦૨૩-૨૪માં ૬.૬૪ ટકા થયો હતો. કરદાતાઓની સંખ્યા આકારણી વર્ષ ૨૦૧૪-૧૫માં ૫.૭૦ કરોડ હતી, જે મૂલ્યાંકન વર્ષ ૨૦૨૩-૨૪માં વધીને ૧૦.૪૧ કરોડ થઈ ગઈ છે. ભારત સરકાર દેશની અર્થવ્યવસ્થાને સારી રીતે ચલાવી શકે તે માટે ઘણા પ્રકારના કર વસૂલ કરે છે. જેમાં ડાયરેક્ટ ટેક્સ અને ઈનડાયરેક્ટ ટેક્સ બંનેનો સમાવેશ થાય છે. ડાયરેક્ટ ટેક્સમાં મુખ્યત્વે કોર્પોરેટ ટેક્સ અને ઈક્મ ટેક્સનો સમાવેશ થાય છે. જ્યારે GST, કસ્ટમ ડ્યુટી વગેરે પરોક્ષ કરમાં સામેલ છે.

## આંતરરાષ્ટ્રીય અભિધમ્મ દિવસના ઉદ્‌ઘાટન પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સંબોધનનો મૂળપાઠ

આજે ફરી એકવાર મને આંતરરાષ્ટ્રીય અભિધમ્મ દિવસના કાર્યક્રમમાં ભાગ લેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. અભિધમ્મ દિવસ આપણને યાદ અપાવે છે કે માત્ર કરુણા અને સદ્ભાવના દ્વારા જ આપણે વિશ્વને વધુ સારી જગ્યા બનાવી શકીએ છીએ. અગાઉ ૨૦૨૧માં કુશીનગરમાં આવો જ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. મને ત્યાં પણ તે કાર્યક્રમમાં ભાગ લેવાનો લહાવો મળ્યો. અને એ મારું સદ્ભાગ્ય છે કે મારા જન્મથી શરૂ થયેલી ભગવાન બુદ્ધ સાથેના સહવાસની યાત્રા અવિરત ચાલુ છે. મારો જન્મ ગુજરાતના વડનગરમાં થયો હતો, જે એક સમયે બૌદ્ધ ધર્મનું મહાન કેન્દ્ર હતું. એ પ્રેરણાઓને જીવીને, મને બુદ્ધના ધમ્મ અને ઉપદેશોનો ફેલાવો કરવાના ઘણા અનુભવો થઈ રહ્યા છે. છેલ્લા ૧૦ વર્ષોમાં, ભારતના ઐતિહાસિક બૌદ્ધ તીર્થસ્થાનોથી લઈને વિશ્વના વિવિધ દેશોમાં, નેપાળમાં ભગવાન બુદ્ધના જન્મસ્થળની મુલાકાત લેવાથી લઈને, મંગોલિયામાં તેમની પ્રતિમાના અનાવરણથી લઈને શ્રીલંકામાં વૈશાખની ઉજવણીઓ...ૈં મને કેટલા પવિત્ર પ્રસંગોમાં ભાગ લેવાની તક મળી તેની યાદ અપાવી છે. હું માનું છું કે સંઘ અને સાધકોનો આ સંગમ ભગવાન બુદ્ધની કૃપાનું પરિણામ છે. આજે, અભિધમ્મ દિવસના આ અવસર પર, હું તમને અને ભગવાન બુદ્ધના તમામ અનુયાયીઓને ખૂબ ખૂબ શુભેચ્છાઓ આપું છું. આજે શરદ પૂર્ણિમાનો પવિત્ર તહેવાર પણ છે. આજે ભારતીય ચેતનાના મહાન ઋષિ વાલ્મીકિજીની પણ જન્મજયંતિ છે. હું તમામ દેશવાસીઓને શરદ પૂર્ણિમા અને વાલ્મીકિ જયંતિની પણ શુભેચ્છા પાઠવું છું. આદરણીય મિત્રો, આ વર્ષે અભિધમ્મ દિવસની ઉજવણી સાથે તેની સાથે એક ઐતિહાસિક સિદ્ધિ પણ જોડાયેલી છે. ભગવાન બુદ્ધના અભિધમ્મ, તેમની વાણી, તેમના ઉપદેશો... પાલી ભાષા કે જેમાં વિશ્વને આ વારસો મળ્યો છે, આ મહિને ભારત સરકારે તેને શાસ્ત્રીય ભાષાનો દરજ્જો આપ્યો છે. અને તેથી, આજનો પ્રસંગ વધુ વિશેષ બની ગયો છે. પાલી ભાષાને ક્લાસિકલ લેંગવેજનો આ દરજ્જો, શાસ્ત્રીય ભાષાનો આ દરજ્જો, પાલી ભાષાનો આ આદર... ભગવાન બુદ્ધના મહાન વારસા માટેનું સન્માન છે. જેમ તમે બધા જાણો છો, અભિધમ્મનું મૂળ ધમ્મમાં છે. ધમ્મ અને તેના મૂળ અર્થને સમજવા માટે પાલી ભાષાનું જ્ઞાન જરૂરી છે. ધમ્મનો અર્થ છે, બુદ્ધના સંદેશા, બુદ્ધના સિદ્ધાંતો... ધમ્મ એટલે, માનવ અસ્તિત્વ સાથે સંબંધિત પ્રશ્નોનું નિરાકરણ... ધમ્મ એટલે કે માત્ર મનુષ્યો માટે શાંતિનો માર્ગ... ધમ્મ એટલે, બુદ્ધના સર્વકાલીન ઉપદેશો... ..અને, ધમ્મ એટલે, સમગ્ર માનવતાના કલ્યાણની અચળ ખાતરી! આખું વિશ્વ ભગવાન બુદ્ધના ધમ્મમાંથી પ્રકાશ લઈ રહ્યું છે. પણ મિત્રો, દુર્ભાગ્યવશ, પાલી જેવી પ્રાચીન ભાષા, જેમાં ભગવાન બુદ્ધની મૂળ વાણી છે, તે આજે સામાન્ય ઉપયોગમાં નથી. ભાષા એ માત્ર વાતચીતનું માધ્યમ નથી! ભાષા એ સભ્યતા અને સંસ્કૃતિનો આત્મા છે. દરેક ભાષાના તેના મૂળ ભાવ તેની સાથે સંકળાયેલા છે. તેથી, ભગવાન બુદ્ધના શબ્દોને તેની મૂળ ભાવનામાં જીવંત રાખવા માટે પાલીને જીવંત રાખવાની જવાબદારી આપણા બધાની છે. મને ખુશી છે કે અમારી સરકારે આ જવાબદારી ખૂબ જ નમ્રતાથી નિભાવી છે. ભગવાન બુદ્ધના કરોડો અનુયાયીઓ અને તેમના લાખો ભિક્ષુકોની અપેક્ષાઓ પૂર્ણ કરવાનો આ અમારો નમ્ર પ્રયાસ છે. હું પણ આ મહત્વપૂર્ણ નિર્ણય માટે આપ સૌને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આદરણીય મિત્રો, ભાષા, સાહિત્ય, કલા, આધ્યાત્મિકતા..., કોઈપણ રાષ્ટ્રની આ વિરાસત તેના અસ્તિત્વને વ્યાખ્યાયિત કરે છે. તેથી જ, તમે જુઓ, વિશ્વના કોઈપણ દેશમાં ક્યાંક સો વર્ષ જૂની કોઈ વસ્તુ મળી આવે તો પણ તે સમગ્ર વિશ્વ સમક્ષ ગર્વથી રજૂ કરે છે. દરેક રાષ્ટ્ર તેના વારસાને તેની ઓળખ સાથે જોડે છે. પરંતુ કમનસીબે ભારત આ દિશામાં ઘણું પાછળ રહી ગયું હતું. આઝાદી પહેલા, આક્રમણકારો ભારતની ઓળખને ખતમ કરવામાં રોકાયેલા હતા... અને આઝાદી પછી, ગુલામી માનસિકતાનો ભોગ બનેલા લોકો... ભારત એક એવી ઈકોસિસ્ટમ દ્વારા કબજે કરવામાં આવ્યું હતું જેણે આપણને વિરુદ્ધ દિશામાં ધકેલવાનું કામ કર્યું હતું. બુદ્ધ જે ભારતના આત્મામાં વસે છે...

**જિંદગીની સૌથી મોટી ફિલોસોફી દર્શાવતી કવિની આ રચના માનવી કઈ રીતે પોતાની આખી જિંદગી ફરિયાદમાં વિતાવે છે, એ વિશે કહે છે**

# કભી બેકસી ને મારાં કભી બેબસી ને મારાં! બસ આમ જ સૌનાં જીવન મજબૂરીથી ઘેરાયેલા છે




**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**આમ જુઓ તો ફરિયાદ એ હવે જીવનનો એક હિસ્સો બની ગયો છે નાની નાની વાતોની ફરિયાદમાં જીવન પૂરું થઈ જાય છે, એ સત્યને ખરું કરવામાં આવે છે, ક્યારેક જરૂરિયાતની માંગ, તો ક્યારેક અન્ય પણ માગણી રહે છે, વસ્તુની માગણી નહોય ત્યાં વ્યક્તિ વિશે ફરિયાદ થાય છે, એટલે કે સંબંધોમાં પણ એટલી જ ફરિયાદ આજકાલ વધી ગઈ છે, અને એને કારણે ગૃહસ્થાશ્રમ ખલાસ થઈ ગયા છે.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ઈશ્વર જીવાડે તેમ હર્ષ શોકથી મુક્ત થઈ જીવવું. વાત નાની લાગે છે પરંતુ પૂરી કરવામાં જિંદગી નીકળી જાય છે, અને માનવીય સ્વભાવ પણ વિચિત્ર છે. મોટેભાગે ફરિયાદોમાં જ જીવન પૂરું થતું જોવા મળે છે, અને એ પણ કેવી નાની નાની વાતની ફરિયાદ, પોતાને કંઇ ન મળ્યું તેની ફરિયાદ તો હજી પણ સમજી શકાય, પરંતુ બીજાને આવું શું કામ મળ્યું! એની પીડા જીવનમાં વધુ રહેતી હોવાથી જિંદગી આકરી લાગે છે. માનવીની એક બીજી માનસિકતા એ છે કે તેને પોતાને શાંતિ જોઈએ છે, પણ એ હર ક્ષણ કોઈની અશાંતિનું કારણ બને છે, એની તે નોંધ લેતો નથી. બસ બીજાની અશાંતિનું કારણ ન બનીએ તો શાંતિ આપોઆપ મળી જાય, એટલી નાનકડી સમજ કેળવવાની હોય છે.પણ એ થતું નથી એટલે શાંતિ માટેની દોડ જીવનના અંત સુધી ચાલે છે, અને ક્યારેક સંબંધમાં બેવફાઈની પીડા, તો ક્યારેક પ્રારબ્ધ સામે આંગળી ચીંધાય, તો ક્યારેક સમયના વહેણમાં તણાઈને નિઃસહાય થઈ જાય અને ક્યારેક આ બધા કારણથી જીવનથી હારી જાય છે, અને ચારે બાજુથી તેને મજબૂરી ઘેરી વળે છે, એવું તેને લાગે છે. બસ આવા જ એક ભાવનો સંદર્ભ લઈને આજે આપણે તરાને કી તર્જ જીવન કા અર્કમાં આગળ ચિંતન કરીશું.

**કભી બેકસી ને મારા કભી બેબસી ને મારા,**
**ઓહ કભી બેકસી ને મારા કભી બેબસી ને મારા,**
**ગિલા મૌત સે નહીં હૈ,ગિલા મૌત સે નહીં હૈ,**
**મુઝે જીંદગી ને મારા.**

૧૯૮૫ની સાલમાં બનેલી અલગ-અલગ ફિલ્મનું આ ગીત છે, ટીના મુનીમ અને રાજેશ ખન્ના અભિનીત આ ગીત કિશોર કુમાર એ ગાયું છે સંગીત રાહુલ દેવ બર્મન અને શબ્દો સે આનંદ બક્ષી સાહેબના. જિંદગીની સૌથી મોટી ફિલોસોફી દર્શાવતી કવિની આ રચના માનવી કઈ રીતે પોતાની આખી જિંદગી ફરિયાદમાં વિતાવે છે, એ વિશે કહે છે. આમ જુઓ તો ફરિયાદ એ હવે જીવનનો એક હિસ્સો બની ગયો છે નાની-નાની વાતોની ફરિયાદમાં જીવન પૂરું થઈ જાય છે, એ સત્યને ખરું કરવામાં આવે છે. ક્યારેક જરૂરિયાતની માંગ, તો ક્યારેક અન્ય પણ માગણી રહે છે, વસ્તુની માગણી નહોય ત્યાં વ્યક્તિ વિશે ફરિયાદ થાય છે, એટલે કે સંબંધોમાં પણ એટલી જ ફરિયાદ આજકાલ વધી ગઈ છે, અને એને કારણે ગૃહસ્થાશ્રમ ખલાસ થઈ ગયા છે. લોકોના અંદરોઅંદરના સંબંધોની મધુરતા નાની નાની અપેક્ષાના આગ્રહને કારણે ઓછી થતી જાય છે.




આપણે ત્યાં એક કહેવત છે કે, ચાર વાસણ ભેગા થાય એટલે ખખડ્યા વગર ન રહે, એમ પરિવાર હોય ત્યાં થોડે ઘણે અંશે આ બધું વ્યાજબી છે, પરંતુ વારંવારના સંઘર્ષ અને તકરાર એ જીવનની મધુરતા છીનતા જાય છે. આજકાલ સેલ્ફ રિસ્પેક્ટ કે સ્વમાનને નામે સૌથી વધુ સંઘર્ષ થાય છે, પણ હકીકતમાં અહમનું જ કારણ હોય છે. જીવનની તકલીફ ઓછી થાય, એવું ઈચ્છતા હોઈએ તો આપણે પક્ષે જેટલો સુધારો કરી શકાય એટલો કરવો જેટલા સહનશીલ બની શકાય એટલું બનવું, અને જેટલું સમર્પણ થાય એટલું કરવું, તો અન્યની ફરિયાદ પણ ઓછી થશે, અને આપણે અપેક્ષા મુક્ત રહીએ તો ફરિયાદ ઓછી અનુભવાય, પણ આ લખવા જેટલું સહેલું નથી, પરંતુ ફરિયાદ કે જીવન વિશેની તકલીફ ઓછી કરવી હશે તો આવો માર્ગ વિચારવો પડશે. ક્યારેક સમજણનો અભાવ, ક્યારેય ધીરજનો અભાવ, ક્યારેક સહનશીલતાનો અભાવ, તો ક્યારેક શ્રદ્ધાનો અભાવ, અને અવિશ્વાસની ધરોહર આમ જ બનતી હોય છે. વસ્તુ, વ્યક્તિ, વ્યવહાર, આ બધામાં જ્યારે અવિશ્વાસની ભૂમિકા રચાય ત્યારે જીવનમાં ફરિયાદ વધે અને એ આપણને અસત્યનો માર્ગ પકડવા વિવશ કરે, મજબૂર કરે એવું બની શકે. કવિ સીધાસાદા શબ્દોમાં બહુ મહત્વની વાત કહી જાય છે, આમ પણ આનંદ બક્ષી સાહેબ સરળ રચના માટે જાણીતા છે. અહીં તે પોતાની રચનામાં સંબંધોમાં બેવફાઈ જોઈને લાચાર થઈ જાય છે, ત્યારની વાત આ રચનામાં લખે છે. આની માટે તે પ્રારબ્ધને પણ કારણભૂત ગણે છે, અને કહે છે કે મુકદર પર આપણું જોર ચાલતું નથી, અને એ રીતે પણ ક્યારેક મજબૂરી આવતી હોય છે. જીવનમાં દોસ્તોની કમી નથી તેમજ દુશ્મનોની પણ કમી નથી, એટલે કે સંબંધમાં બેવફાઈ મળે ત્યારે દોસ્ત પણ દુશ્મન બની જતા દેખાય શકે, અને એ રીતે એ ક્યારેક દોસ્તીને કારણે બેકસી એટલે કે લાચારીને અનુભવે, તો ક્યારેક દુશ્મનીને કારણે પણ મજબૂરી અનુભવે છે. જન્મ છે એનું મૃત્યુ નિશ્ચિત છે, એટલે કે મોતના વિચારોથી તે મજબૂર નથી પણ આ પ્રકારની જીદંગીથી તે દુઃખી છે, અથવા તો મજબૂરી તેને હરપળ મારી રહી છે. પોતાના પ્રાણથી પણ વધુ જેની પર ભરોસો કર્યો હોય, એવો સંબંધ જ્યારે દગો આપે, ત્યારે ભલભલાના જીવન હલબલી જતાં હોય છે, અને ફરિયાદ ઊઠે એ બહુ સ્વાભાવિક વાત છે, પણ નાની નાની વાતોમાં ફરિયાદનો ભાવ વધે ત્યારે સમજવું, કે તકલીફ આપણામાં છે, અને ફરિયાદ ઓછી થાય એવું ઈચ્છતા હોઈએ તો બીજાની સાથોસાથ આપણા દોષ પણ દેખાય એવું ચિંતન ફરિયાદો ઓછી કરવામાં મદદરૂપ થઈ શકે. કોઈપણ પ્રકારની ફરિયાદ હોય, તકલીફ હોય, કે પીડા હોય, કે હૃદયમાં કોઈ વાતને કારણે કે તેને યાદને કારણે શૂળ ભોંકાતા હોય, એવો અનુભવ થતો હોય, ત્યારે જો થોડુંક વિચારીએ તો આપણી કોઈ અપેક્ષા એની માટે કારણભૂત દેખાશે, કોઈપણ પ્રકારની માંગણીનો આગ્રહ આપણો તેની સાથે જોડાયેલો હોય, વસ્તુનો ન હોય તો વ્યક્તિના વ્યવહારનો હોય, પણ અપેક્ષા કે આગ્રહ એ મોટેભાગે તકલીફ ફરિયાદ કે પીડાનું કારણ હોય છે. તો ત્યાં આગળ એમાં રાહત મેળવવા માટે આપણાથી શું થઈ શકે તેમ છે એ વિચારવું પડે. કોઈ ઘા પડ્યો હોય તો એની ઉપર દવા લગાડીએ, કે મલમ લગાડીએ તો રાહત અનુભવાય છે, આ રીતે કોઈ પીડા, તકલીફ, ફરિયાદ કે જે કંઈ હોય ત્યાં પ્રેમ રૂપે મલમ લગાવીએ, કોઈના જીવનમાં લાગણી કે હુંફ બનીએ, કોઈને અપનાવીએ, કોઈ ને ક્ષમા કરીએ,કે કોઈની માફી માંગી લઈએ, તો બધી ક્રિયા મલમનું કામ કરશે, અને ઘણી રાહત અનુભવાય એવું પણ બને. જીંદગીથી હારીને ઘણીવાર લોકો એવું વિચારતા હોય કે માનતા હોય, કે કાશ આ બધું છોડીને હિમાલયમાં ચાલ્યા જવું છે, ગિરનારમાં ચાલ્યા જવું છે, સાધુ થઈ જવું છે, પણ સંસાર નિભાવવો એ સન્યાસ થી જરાય કમ નથી. ડગલેને પગલે આવતી આ બધી વ્યવહારની વિધાઓમાં સમ રહી શકીએ તો નિત્ય સંન્યાસીની ઉપલબ્ધિ ગીતામાં કહ્યા મુજબ આપણને મળે. જીવનના કઈ કેટલાય રસ છે, અને રોજ જીવન મીઠો મધુરો રસ જ આપે, એવું જરૂરી નથી. આ અસંતુલનમા માનસિક સંતુલન ઉભુ કરવા, નિત્ય સન્યાસી જેવું જીવન જીવી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, સૌને મારા આજના દિવસમાં સ્નેહ વંદન અને જય સીયારામ.

**લક્ષને ધ્યાનમાં રાખી બધો વ્યવહાર કરો ઘર ભક્તિમાં ભાજય છે એમ માની ભરતજી ઘર છોડીને વનમાં ગયા હતો ત્યાં પણ ભક્તિ કરી શક્યા નથી**

# સકામ કર્મની ભાગવતમાં નિંદા કરી છે, સકામ કર્મમાં કંઇક ભૂલ થાય તો તેની ક્ષમા મળતી નથી



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**ભાગવત સર્વને માટે છે ઘર છોડી તપશ્ચર્યા કરનાર માટે અને ઘરમાં રહેનાર માટે ભાગવતની કથા એ માર્ગદર્શક છે એવું નથી કે ઘર છોડનારને ભગવાન મળે છે, પ્રહલાદજીને ઘરમાં જ ભગવાન ના દર્શન થયા છે ઘરનું વાતાવરણ પ્રતિકૂળ હતું તેમ છતાં પ્રહલાદ ઘરમાં જ ભજન કરી શક્યા છે, મનુષ્ય જીવનમાં લક્ષ્ય નક્કી કરવાની બહુ જરૂર છે.**

દીપોત્સવી તહેવારોની તૈયારી બહુ ઉત્સાહ ઉમંગથી થઈ રહી છે ત્યારે સોશીયલ મીડીયામાં હવામાનમાં ભારે ફેરફાર થશે તેવી આગાહી વચ્ચે શરદ પુનમે કચ્છના કેટલાક વિસ્તારોમાં ભૂકંપ થી ધરતી ધ્રુજી હવે તેમને આંચકા કોઠે પડી ગયા છે આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો ભાગવત સર્વને માટે છે ઘર છોડી તપશ્ચર્યા કરનાર માટે અને ઘરમાં રહેનાર માટે ભાગવતની કથા એ માર્ગદર્શક છે એવું નથી કે ઘર છોડનારને ભગવાન મળે છે. પ્રહલાદજીને ઘરમાં જ ભગવાન ના દર્શન થયા છે ઘરનું વાતાવરણ પ્રતિકૂળ હતું તેમ છતાં પ્રહલાદ ઘરમાં જ ભજન કરી શક્યા છે. મનુષ્ય જીવનમાં લક્ષ્ય નક્કી કરવાની બહુ જરૂર છે લક્ષને ધ્યાનમાં રાખી બધો વ્યવહાર કરો ઘર ભક્તિમાં ભાજય છે એમ માની ભરતજી ઘર છોડીને વનમાં ગયા હતો ત્યાં પણ ભક્તિ કરી શક્યા નથી જ્યાં જીવ ત્યાં આ પચવીશયો સાથે આવે છે ઘરમાં રહીને ભક્તિ કરવી હોય તો પ્રહલાદનો આદર્શ નજર સમક્ષ રાખો વનમાં રહીને ભક્તિ કરવી હોય તો ભરતનું જીવન લક્ષમાં રાખો જીવ જ્યાં જાય ત્યાં તેની પાછળ જ છ ચોરો પડેલા છે કામ ક્રોધ લોગ મો મધ અને મત્સર આ વિકારો પાછળ આવે છે આ વિકારોને વર્ષ ન થઈ ઘરમાં રહે તો ઘર બાધક થતું નથી આ ચોરો સામે ઊલટું ઘરમાં રહી આ શત્રુ ઓને જીતવાનું સહેલું છે. ફસાતા નથી. ગૃહસ્થને પૈસો છોડવો કામસુખ છોડવું એ અઘરું છે.પણ એનાથીયે અઘ મહાત્માઓએ આ સિદ્ધિઓમાં થી છૂટવું તે છે. જ્ઞાની મહાત્માઓ ને આ સિદ્ધિ ફસાવે છે. ઋષભદેવજી તો નગ્ન રીતે ફરે છે, ઊભા થાય છે, બળદની જેમ ભાજી આરોગે છે. કોઈ મારે ત માને શરીરને માર પડે છે. મને શું? હું કાંઈ શરીર નથી. શરીરથી આત્મા જુદો છે.તે જાણે છે. પણ અનુભવે છે કોઈક નાળિયેરમાં કાચલી-કોપરું એક નથી, છતાં નાળિયેરમાં જ્યાં સુધી પાણી છે ત્યાં સુધી કાચલી કોપરાને છોડતી નથી.તેમ મનુષ્યમાં જ્યાં સુધી વિષય રસ છે, વિષયાસક્તિ છે ત્યાં સુધી શરીર અને આત્માજુદાં છે તેનો અનુભવ થતો નથી. કાચલી એ શરીર અને કોપરું પાણી એ વિષય રસ છે. સંસારની કોઈ વસ્તુમાં સ્નેહ હોય ત્યાં સુધી શરીરથી આત્મા જુદો છે એમ લાગતું નથી. નામ રૂપનો મોહ છૂટતો નથી, ત્યાં સુધી આત્મા શરીરથી જુદો છે. એમ દેખાતું નથી. ઊલટો દેહાધ્યાસ વધે છે. સંસારના જડ પદાર્થો સાથે અતિ સ્નેહ કરવાથી જડા વ્યાસ પણ વધે છે. તપથી અંતઃ કરણની



જડશુદ્ધિ થાય છે, ને બ્રહ્મસુખ મળે છે. ને બ્રહ્મજ્ઞાનની વાતો કરે, પણ પૈસો અને પ્રતિષ્ઠા સાથે પ્રેમ કરે એ ખરો જ્ઞાની નથી. ખરો જ્ઞાની એ જ કે ઈશ્વર સાથે જ પ્રેમ કરે. ઈશ્વર વિના સંસારના જડપદાર્થ માં સ્નેહ થાય તે આત્માને શરીર થી જુદો જોઈ શકે નહીં. હું શરીર નથી. હું સર્વનો સાક્ષી ચેતન આત્મા આનંદ રૂપ છું, એવું બ્રહ્મ જ્ઞાન થયા પછી પણ તેને સંસાર ના વિષયો સાથે પ્રેમ હશે તો તેને બ્રહ્માનંદ મળશે નહીં બ્રહ્મ જ્ઞાન થયા પછી ઈશ્વરમાં પ્રીતિ થાય તો બ્રહ્માનંદ મળે છે, આથી જ્ઞાની પુરુષે કોઈપણ વસ્તુમાં સ્નેહ કરવો નહીં. કોઈપણ વસ્તુનો સંગ્રહ કરવો નહીં. જેઓ મૃત્યુરૂપ સંસારમાં ફસાયેલા બીજા લોકોને તારી ન શકે તેવો ગુરુ એ ગુરુનથી સ્વજન એ સ્વજન નથી પિતા એ પિતા નથી અને માતા એ માતા નથી. એટલે કે માતા થવાને લાયક નથી. ગુરુ, સ્વ જન, પિતા-જ્ઞાનની સાત ભૂમિકા ઓ યોગ વિશષ્ઠ રામાયણમાં આ પ્રમાણે બતાવેલી છેઃ શુભેચ્છા, સુવિચારણા, તનુ, માનસા, સત્ત્વાપત્તિ, અસંસક્તિ. પદાર્થ ભાવિની,તુમગા. શુભેચ્છા : ક્ષોત્રીય અને બ્રહ્મનિષ્ઠ ગુરુને શરણે જઈ તેમના માર્ગદર્શન પ્રમાણે આત્માનો સાક્ષાત્કાર કરવાની ઉત્કટ ઈચ્છા તે શુભેચ્છા. સુવિચારણાઃસદગુરુ એ ઉપદેશ કરેલ વચનોનો તથા શાસ્ત્રોનો વારંવાર વિચાર તે વિચારણા. તનુ માનસાઃ શ્રવણ, મનન નિદિ ધ્યાસનથી શબ્દાદિ વિષયોમાં અનાસક્તિ થાય અને સવિકલ્પ સમાધિમાં અભ્યાસ વડે બુદ્ધિના તત્તુતા સૂક્ષ્મતા પ્રાપ્ત થાય છે. ૪. સત્ત્વાપત્તિ ઉપરના ત્રણથી સાક્ષાત્કાર પર્યંતની સ્થતિ એટલે નિર્વિકલ્પ સમાધિરૂપે સ્થિતિ એ સત્ત્વાપત્તિ. જ્ઞાનની ચોથી ભૂમિકા વાળો પુરુષ બ્રહ્મવિતા કહેવાય છે.૫.અસંસક્તિઃચિત્ત વિશે પરમા નંદ અને નિત્ય અપરોક્ષ એવી બ્રહ્માત્મ ભાવનાનો સાક્ષાત્કાર તે અસંસક્તિ.એમાં અવિદ્યા તથા તેનાં કાર્યોનો સંબંધ નથી. તેનું નામ અસંસક્તિ. ૬. પદાર્થ ભાવિની પદાર્થોની દૃઢ અપ્રતીતિ થાય છે તે. ૭. તુયંગા ત્રણ અવસ્થાથી મુક્ત, બ્રહ્માને જે અવસ્થામાં આત્મારૂપે અખંડ જાણે તે અવસ્થા. આ સાતમા પ્રથમ ત્રણ સાધન કોટિની છે. બાકીની ચાર જ્ઞાન કોટિની છે. ત્રણ ભૂમિકાઓ સુધી સગુણ બ્રહ્મનું ચિંતન કરો, જ્ઞાનની પાંચમી ભૂમિકાએ પહોંચતા જડ અને ચેતનની ગ્રંથિ છૂટી જાય છે અને આત્માનો અનુભવ થાય છે. આ ભૂમિકાઓ ઉત્તરોત્તર દેહનું ભાન ભૂલાતું જાય છે, અને છેવટે ઉન્મત્ત દશા પ્રાપ્ત થાય છે. ઋષભદેવજીએ આવી દશા પ્રાપ્ત કરેલી. જ્ઞાનીઓ પણ ઈન્દ્રિયોથી ડરે છે. તેઓ ઈન્દ્રિયો ઉપર વિશ્વાસ રાખતા નથી. મનનો વિશ્વાસ તો કદી પણ ન કરવો. બોલવાની ઈચ્છા જ ન થાય એટલા માટે ઋષભદેવજી પોતાના મોઢામાં પથરા રાખતા. ઋષભદેવજી કર્ણાટકમાં આવ્યા. દાવાગ્નિમાં સમજપૂર્વક પ્રવેશ કર્યો દેહ બળે છે,આત્માને કંઈ થતું નથી આવી આત્મનિષ્ઠા એ પરમ હંસો માટે છે. ઋષભદેવનું ચરિત્ર સામાન્ય માટે અનુકરણીય નથી. ઋષભદેવજી પછી તેમના પુત્ર ભરત ગાદી ઉપર બેઠા. જેના નામ પરથી આ દેશનું નામ ભરત ખંડ પડ્યું છે.ભરતજીની કથા વર્ત માન કાળમાં વિશેષ ઉપયોગી છે. ભરતજી પરમ ભાગવત છે. તેના સંસર્ગમાં આવનાર સર્વમાં ભાગવત ભાવ જાગતો હતો. ભક્તિનો રંગ લાગતો હતો. ભરતજીએ વ્યવહારની મર્યાદા કોઈ દિવસ છોડી નથી. ભરતજી મહાવૈષ્ણવ હતા,તો પણ યજ્ઞ કરતા હતા. અગ્નિ તો ઠાકોરજીનું મુખ છે. ભરતજી યજ્ઞો કરી તેનું પુણ્ય શ્રીકૃષ્ણના ચરણમાં અર્પણ કરતા. કર્મનું ફળ પ્રભુને અર્પણ કરવાથી કર્મનું અભિમાન રહેતું નથી.ઈશ્વરની સાથે ખૂબ પ્રેમ કરો તો જ કરેલાં કર્મનું પુણ્ય પરમાત્માને અર્પણ કરી શકો. પત્ની મહેનત વધુ કરે છે પણ તેનું ફળ આપે છે પતિને, તેમ ભક્ત પોતાના તમામ કર્મનું ફળ પ્રભુને સમર્પે છે. સકામ કર્મની ભાગવત માં નિંદા કરી છે. સકામ કર્મમાં કંઈક ભૂલ થાય તો તેની ક્ષમા મળતી નથી.ભરત નિષ્કામ ભાવથી કર્મ કરતાં અને તેનું પુણ્ય શ્રીકૃષ્ણને અર્પણ કરતા. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત,ઈન્તજાર તાલાવેલી દિવાળી નવા વર્ષના વધામણાં કરવાની.આજે આસો વદ એકમ તો થઈ હવે શૈક્ષણિક સંસ્થાઓમાં શાળાકીય પરિક્ષા પછી દિવાળી વેકેશન પડશે..ને તહેવારોની રમઝટ બસ જીવનની સાચી દિશા તરફ આ લઈ જાય છે. આજે અહી અટકીએ અસ્તુ.

# ગેલેક્સીની બહાર મીડિયા અને સામાન્ય લોકો પર પ્રતિબંધ

## સલમાન ખાનનો જીવ સતત જોખમમાં છે, ભાઈજાનને ઘણા વર્ષોથી જાનથી મારી નાખવાની ધમકીઓ મળી રહી છે

સલમાન ખાનનો જીવ સતત જોખમમાં છે. ભાઈજાનને ઘણા વર્ષોથી જાનથી મારી નાખવાની ધમકીઓ મળી રહી છે. બિશ્નોઈ ગેંગ સલમાન ખાનની પાછળ પડી ગઈ છે. જેલમાં બેઠેલો ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ દબંગ ખાનને ધમકી આપી રહ્યો છે અને તેને માફી માગવાની સલાહ આપી રહ્યો છે. ગાયક સિદ્ધુ મૂઝ વાલા અને બાબા સિદ્દીકીની ખુલ્લેઆમ હત્યા બાદ હવે બિશ્નોઈ ગેંગના નિશાના પર સલમાન ખાન છે, પોલીસ પણ આ વાત જાણે છે. Y+ સુરક્ષા હેઠળ, સલમાન ખાનને એક ખાનગી સુરક્ષા અધિકારી સાથે એસ્કોર્ટ વાન પણ મળી છે, જે દરેક જગ્યાએ પડછાયાની જેમ તેની સાથે હાજર રહેશે. અલગ-અલગ હથિયારોનો ઉપયોગ કરવાની તાલીમ પામેલો કોન્સ્ટેબલ પણ હંમેશા અભિનેતા સાથે રહે છે. મુંબઈ પોલીસના જણાવ્યા અનુસાર, ખાસ કરીને સલમાન ખાનના પનવેલ ફાર્મહાઉસની આસપાસ સુરક્ષા વ્યવસ્થા કડક કરવામાં આવી છે. અહીં સુરક્ષા માટે ફાર્મહાઉસની અંદર અને બહાર બંને જગ્યાએ જવાનોને તૈનાત કરવામાં આવ્યા છે.પોલીસ અભિનેતાને બચાવવા અને બિશ્નોઈ ગેંગના ઈરાદાઓને નિષ્ફળ બનાવવામાં કોઈ કસર છોડી રહી નથી. અભિનેતાની સુરક્ષા વધારી દેવામાં આવી છે. તેમના ગેલેક્સી એપાર્ટમેન્ટ અને પનવેલ ફાર્મ હાઉસ પર કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. તેમજ અભિનેતાના જીવને જોખમમાં મૂક્યા વિના પોલીસે વધુ કડક પગલાં લીધાં છે. પોલીસ જાણે છે કે સલમાન પર શું જોખમ તોળાઈ રહ્યું છે. તેથી હવે સલમાન ખાનના ગેલેક્સી એપાર્ટમેન્ટ નજીકથી પસાર થતા લોકો પર કેટલાક નિયંત્રણો લાદવામાં આવ્યા છે.મીડિયા રિપોર્ટ્સ મુજબ સલમાન ખાનના ઘરની બહાર ભારે સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. હવે ગેલેક્સી એપાર્ટમેન્ટ પાસેથી પસાર થતા લોકોને ત્યાં રોકાવા અને સેલ્ફી લેવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. હવે સલમાન ખાનના ઘરની બહાર પોલીસ બંદોબસ્ત વધી રહ્યો છે. લોકોને હવે ત્યાં તસવીરો કે વીડિયો બનાવવાની મંજૂરી નથી. એટલું જ નહીં મીડિયા પર પણ પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો છે કે, મીડિયાને પણ સલમાન ખાનના ગેલેક્સી એપાર્ટમેન્ટમાં આવવા અને શૂટિંગ કરવાની મંજૂરી નથી.



સલમાન ખાનને મળી વાય+ કેટેગરીની સુરક્ષા

# ફરી બદલાઈ ગઈ ફિલ્મ 'પુષ્પા-૨'ની રિલીઝ ડેટ




## દર્શકો ઘણા સમયથી અલ્લુ અર્જુન અને રશ્મિકા મંદાના સ્ટારર ફિલ્મ 'પુષ્પા-૨'ની રાહ જોઈ રહ્યા છે

દર્શકો ઘણા સમયથી અલ્લુ અર્જુન અને રશ્મિકા મંદાના સ્ટારર ફિલ્મ 'પુષ્પા-૨'ની રાહ જોઈ રહ્યા છે. તેલુગુ ભાષામાં બનેલી આ ફિલ્મ વર્ષ ૨૦૨૧માં રિલીઝ થઈ હતી. સાઉથના સુપરસ્ટાર અલ્લુ અર્જુનની આ પહેલી ફિલ્મ હતી, જે પેન ઈન્ડિયા રિલીઝ થઈ હતી. આ ફિલ્મે પણ બોક્સ ઓફિસ પર ધમાલ મચાવી હતી. આ ફિલ્મના બીજા ભાગ 'પુષ્પાઃ ધ રૂલ'ની જાહેરાત થઈ ત્યારથી જ ફેન્સ તેની રિલીઝની રાહ જોઈ રહ્યા હતા, પરંતુ કોઈને કોઈ કારણસર ફિલ્મની રિલીઝ ડેટ આગળ વધી રહી હતી. હવે ફરી એકવાર અલ્લુ અર્જુનની ફિલ્મ 'પુષ્પા-૨'ની રિલીઝ ડેટ બદલવામાં આવી છે, પરંતુ આ વખતે ફેન્સ નિરાશ નહીં થાય, પરંતુ ખુશીથી ઝૂમી ઉઠશે.સુકુમાર દ્વારા દિગ્દર્શિત 'પુષ્પાઃ ધ રૂલ' આ વર્ષે ૬ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ થિયેટરમાં રિલીઝ થવાની હતી. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર વિકી કૌશલ અને રશ્મિકા મંદાના સ્ટારર 'છાવા' સાથે ક્લેશ થવાની હતી. હવે એક સમાચાર અનુસાર 'પુષ્પા ધ રૂલ'ની રિલીઝ ડેટ બદલવામાં આવી છે. અહેવાલો અનુસાર, નિર્માતા અલ્લુ અર્જુનની ફિલ્મ ૬ ડિસેમ્બરે નહીં, પરંતુ ૫ ડિસેમ્બરના રોજ રિલીઝ કરશે. આ રિપોર્ટમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે, મેકર્સ 'પુષ્પા-૨'નું સ્પેશિયલ પ્રીમિયર કરવાની પણ યોજના બનાવી રહ્યા છે, જે ૪ ડિસેમ્બરે મુંબઈમાં રાત્રે ૯:૩૦ વાગ્યે થઈ શકે છે. કારણ કે, અલ્લુ અર્જુનની સાઉથમાં મોટી સંખ્યામાં ફેન્સ ફોલોઈંગ છે, તે જોતાં ત્યાં પણ બપોરે ૧ વાગ્યાથી વિશેષ પ્રીમિયર શો શરૂ થશે. જોકે, નિર્માતાઓએ હજી સુધી પ્રીમિયર અથવા રિલીઝની તારીખમાં કોઈ ફેરફારની પુષ્ટિ કરી નથી.

# વર્કઆઉટ દરમિયાન રકુલ પ્રીત સિંહ સાથે થયો અકસ્માત



## સૂત્રએ જણાવ્યું કે, પીઠની ઈજાને કારણે ડોક્ટરે રકુલપ્રીત સિંહને કમ્પ્લીટ બેડ રેસ્ટ લેવાની સલાહ આપી છે

બોલિવૂડ એક્ટ્રેસ રકુલપ્રીત સિંહને લઈને એક મોટા સમાચાર આવી રહ્યા છે. અભિનેત્રીને તાજેતરમાં ગંભીર ઈજા થઈ હતી, જેના પછી તેને બેડ રેસ્ટની સલાહ આપવામાં આવી છે. એવું કહેવાય છે કે, રકુલને આ ઈજા ત્યારે થઈ જ્યારે તે જિમમાં વર્કઆઉટ કરી રહી હતી. વર્કઆઉટ દરમિયાન એક્ટ્રેસ ૮૦ કિલોની ડેડલિફ્ટનું સેશન કરી રહી હતી, પરંતુ બેલ્ટ વગર ડેડલિફ્ટ કરવાને કારણે તેની પીઠમાં તણાવ આવી ગયો. આ અકસ્માત બાદ રકુલપ્રીત સિંહને લગભગ એક અઠવાડિયા સુધી બેડ રેસ્ટ કરવાની સલાહ આપવામાં આવી છે. આ સમાચાર સાંભળતા જ તેના ફેન્સ ખૂબ જ પરેશાન થઈ ગયા હતા અને તેના જલ્દી સ્વસ્થ થવાની કામના કરી રહ્યા છે.મીડિયા રિપોર્ટ્સ અનુસાર, રકુલપ્રીત સિંહ સાથે આ અકસ્માત ૫ ઓક્ટોબરે થયો હતો, ત્યારબાદ તે આરામ કરી રહી છે. એક સૂત્રએ જણાવ્યું કે, ૫ ઓક્ટોબરની સવારે રકુલ જિમમાં વર્કઆઉટ કરી રહી હતી. અભિનેત્રી ૮૦ કિલોની ડેડલિફ્ટ કરી રહી હતી પરંતુ આ દરમિયાન તેણે બેલ્ટ પહેર્યો ન હતો. બેલ્ટ પહેર્યા વિના ડેડલિફ્ટ કરવાને કારણે એક્ટ્રેસને પીઠમાં ઈજા થઈ હતી. સૂત્રએ જણાવ્યું કે, આ હોવા છતાં, રકુલે પોતાને વર્કઆઉટ માટે દબાણ કર્યું અને કસરત ચાલુ રાખી. જેના કારણે તેની ઈજા ઘણી ગંભીર બની ગઈ હતી.સૂત્રએ જણાવ્યું કે, પીઠની ઈજાને કારણે ડૉક્ટરે રકુલપ્રીત સિંહને કમ્પ્લીટ બેડ રેસ્ટ લેવાની સલાહ આપી છે. તેની L4, L5 અને S1 ચેતા અવરોધિત છે. જોકે, તેની તબિયતમાં ધીમે ધીમે સુધારો થઈ રહ્યો છે. બીજી તરફ, ફેન્સ પણ રકુલપ્રીત સિંહની તબિયતને લઈને ખૂબ જ ચિંતિત છે. આ દર્દમાં પણ રકુલપ્રીતે શૂટિંગ ચાલુ રાખ્યું છે. તે પેઈન કિલર લઈને તેની આગામી ફિલ્મ 'દે દે પ્યાર દે ૨'નું શૂટિંગ કરી રહી છે.

### શાહરૂખ ખાન બાબા સિદ્દીકીની હત્યા કેસમાં સામેલ થવા નથી ઈચ્છતો

# બાબા સિદ્દીકીને અંતિમ વિદાઈ આપવા કેમ ન આવ્યો ખાસ મિત્ર શાહરૂખ ખાન?

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના નેતા અને મહારાષ્ટ્રના પૂર્વ ધારાસભ્ય બાબા સિદ્દીકની ૧૨ ઓક્ટોબરે હત્યા કરવામાં આવી હતી. આ ઘટના મુંબઈના બાંદ્રામાં તેમના દીકરા જિશાન સિદ્દીકીની ઓફિસની બહાર બની હતી. અચાનક ત્રણ હુમલાખોરોએ તેમની ગોળી મારીને હત્યા કરી નાખી. બાબા સિદ્દીકીની હત્યાથી બોલિવૂડ સ્ટાર્સ સહિત તેમના ઘણા ફેન્સને આઘાત લાગ્યો છે. બાબા સિદ્દીકીને બોલિવૂડની કેટલીક હસ્તીઓ સાથે નજીકના સંબંધો હતા. તેઓ દર વર્ષે ઈદના અવસર પર ઈફતાર પાર્ટીનું આયોજન કરતા હતા, જેમાં શાહરૂખ ખાનથી લઈને સલમાન ખાન સુધીના ઘણા સુપરસ્ટાર્સ જોવા મળતા હતા. બાબા



સિદ્દીકીના નિધન બાદ સલમાન, સંજય, શિલ્પા શેટ્ટી, રાજ કુન્દ્રા, પૂજા ભટ્ટ, ઝહીર ઈકબાલ સહિત ઘણા સ્ટાર્સ તેમને વિદાય આપવા આવ્યા હતા. જોકે, શાહરૂખ ખાને આ સમગ્ર મામલે મૌન જાળવી રાખ્યું છે. કિંગ ખાને તેમના અંતિમ સંસ્કારમાં પણ હાજરી આપી ન હતી. આખરે આની પાછળનું કારણ શું છે?શાહરૂખ રાજકારણની સાથે બાબા સિદ્દીકી હત્યાના વિષયથી પણ પોતાને દૂર રાખવા માગે છે. રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના નેતા અને મહારાષ્ટ્રના પૂર્વ ધારાસભ્ય બાબા સિદ્દીકની ૧૨ ઓક્ટોબરે હત્યા કરવામાં આવી હતી, એક સૂત્રએ જણાવ્યું કે, શાહરૂખ ખાન બાબા સિદ્દીકીની હત્યા કેસમાં સામેલ થવા નથી ઈચ્છતો. આ મામલો સલમાન ખાન સાથે પણ જોડાયેલો છે અને કિંગ ખાન આ બાબતથી દૂર રહેવા માગે છે. લોરેન્સ બિશ્નોઈની ગેંગ કેવી રીતે કામ કરે છે તે જાણીને શાહરૂખ ખાન હવે તેના વિશે કંઈપણ કહેવા માગતો નથી. આ જ કારણ છે કે, તે બાબા સિદ્દીકીના અંતિમ સંસ્કારથી પણ દૂર રહ્યો હતો.

### બિશ્નોઈ સમુદાયની માગી માફી

# સલમાન વિરુદ્ધ કંઈ ન કરવાની બિશ્નોઈ સમુદાયને અપીલઃ રાખી

હું સલમાન ભાઈને બદલે બિશ્નોઈ સમુદાયની માફી માગું છું, આટલું કહીને બોલિવૂડની ડ્રામા ક્વીન કરવા લાગી આવુંમહારાષ્ટ્રના પૂર્વ મંત્રી અને NCP નેતા બાબા સિદ્દીકીની હત્યા બાદ બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાનની સુરક્ષા વધારી દેવામાં આવી છે. સલમાનના નજીકના મિત્ર ગણાતા બાબા સિદ્દીકીની હત્યાની જવાબદારી લોરેન્સ બિશ્નોઈ ગેંગે લીધી છે. આ એ જ ગેંગ છે જેણે સલમાનને ભૂતકાળમાં ઘણી વખત ધમકી આપી હતી, જેમાં તેના ઘરની બહાર ફાયરિંગ અને ધમકીભર્યા પત્રો મોકલવાની ઘટનાઓ સામેલ છે. હવે બોલિવૂડની ડ્રામા ક્વીને સલમાન ખાન વતી લોરેન્સ બિશ્નોઈની માફી માગી છે.બાબા સિદ્દીકીની હત્યા બાદ બોલિવૂડ અભિનેત્રી રાખી સાવંતે સલમાન ખાન વતી બિશ્નોઈ સમુદાયની માફી માગી છે. રાખીએ વીડિયોમાં હાથ જોડીને બિશ્નોઈ સમુદાયને સલમાન વિરુદ્ધ કંઈ ન કરવાની અપીલ કરી છે. વાયરલ થઈ રહેલા આ વીડિયોમાં રાખી કહે છે, 'હું બિશ્નોઈ સમુદાયની માફી માગું છું, મારા સલમાન ભાઈને માફ કરો. તે ગરીબોનો દાતા છે. સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા વીડિયોમાં રાખી ઈમોશનલ થઈ રહી છે અને હાથ જોડીને ઉઠક બેઠક કરી રહી છે, જે સ્પષ્ટપણે દર્શાવે છે કે, રાખી સલમાન ખાન માટે પોતાનો પ્રેમ અને ચિંતા બંને વ્યક્ત કરી રહી છે. આ પહેલા પણ જ્યારે સલમાનના ઘરની બહાર ફાયરિંગ થયું હતું ત્યારે રાખીએ બિશ્નોઈ સમુદાયની માફી માંગી હતી.

# ફેન્સની નજર દીપિકાની ફિટનેસ પર ટકી

## આ વીડિયોમાં જે વાતની સૌથી વધુ ચર્ચા થઈ રહી છે તે છે દીપિકાની ફિટનેસ

દીપિકા પાદુકોણે ગયા મહિને એટલે કે સપ્ટેમ્બરમાં દીકરીને જન્મ આપ્યો હતો. દીપિકા અને રણવીરે ૮ સપ્ટેમ્બરે પોતાની દીકરીના જન્મના ખુશખબર ફેન્સ સાથે શેર કર્યા હતા. અભિનેત્રીને માતા બન્યાને માત્ર એક મહિનો અને થોડા દિવસો જ થયા છે, પરંતુ ફેન્સ તેને ફરીથી પડદા પર જોવા માટે ઉત્સુક છે અને દીપિકાએ હવે તેના ફેન્સની ઈચ્છા પૂરી કરી દીધી છે. દીપિકા સ્ક્રીન પર પાછી ફરી છે અને તે પણ પતિ રણવીર સિંહ સાથે. રણવીરે તેની ઝલક સોશિયલ મીડિયા પર પણ શેર કરી છે.રણવીર સિંહે હાલમાં જ એક વીડિયો શેર કર્યો હતો, જેમાં તેની પત્ની દીપિકા પાદુકોણ પણ તેની સાથે જોવા મળી હતી. રણવીરે એક જાહેરાતનો વીડિયો શેર કર્યો છે, જેમાં તેની પત્ની દીપિકા પાદુકોણ પણ તેની સાથે જોવા મળી રહી છે. વીડિયો શેર કરતી વખતે રણવીરે કેપ્શનમાં લખ્યું - 'ખ્યાલ હી ઘર કો ઘર બનાતા હૈ' આ વીડિયો પર કપલના ઘણા ફેન્સે પણ પ્રતિક્રિયા આપી છે.આ વીડિયોમાં જે વાતની સૌથી વધુ ચર્ચા થઈ રહી છે તે છે દીપિકાની ફિટનેસ. અભિનેત્રી ગયા મહિને જ માતા બની હતી, પરંતુ વીડિયોમાં તેની ફિટનેસ જોઈને કોઈ કહી શકતું નથી કે તેણે માત્ર ૪૦ દિવસ પહેલા જ દીકરીને જન્મ આપ્યો છે. શર્ટ અને પેન્ટમાં જોવા મળેલી દીપિકા ખૂબ જ ફિટ અને સુંદર લાગી રહી છે. આવી સ્થિતિમાં, ફેન્સ પણ તેની ફિટનેસ પર પ્રતિક્રિયા આપી રહ્યા છે.તો બીજી તરફ કેટલાક યૂઝર્સ એવા પણ હતા જેઓ વીડિયો પર કોમેન્ટ કરતી વખતે દીપિકા-રણવીરની લાડલીનું નામ



પૂછવા લાગ્યા હતા. એક યુઝરે લખ્યું- 'અરે રણવીર, તમારી દીકરીનું નામ શું છે?' બીજાએ લખ્યું- 'તમે તમારી દીકરીનું નામ ક્યારે કહી રહ્યા છો?' બીજાએ લખ્યું- 'અમે તમારી નાનકડી એન્જલનું નામ જાણવા માગીએ છીએ.'દીપિકા પાદુકોણ અને રણવીર સિંહે વર્ષ ૨૦૧૮માં લગ્ન કર્યા હતા. બંનેએ લગ્ન પહેલા ઘણા વર્ષો સુધી એકબીજાને ડેટ કર્યા બાદ લગ્ન કર્યા હતા. લગ્નના ૬ વર્ષ પછી, કપલે તેમના નાનકડી એન્જલનું આ દુનિયામાં સ્વાગત કર્યું. બંનેએ ૮ સપ્ટેમ્બરના રોજ તેમની દીકરીના જન્મની જાહેરાત કરી હતી, પરંતુ અત્યાર સુધી ન તો ફેન્સને તેની એક ઝલક બતાવી અને ન તો તેનું નામ જાહેર કર્યું છે.

# 'સિંઘમ અગેઈન'ની રિલીઝ પહેલા જ બની ગયો ગિનીસ વર્લ્ડ રેકોર્ડ

## સ્વિગીએ એક જ ડિલિવરીમાં ૧૧,૦૦૦ વડાપાવની ડિલિવરી કરીને ગિનીસ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો

'સિંઘમ અગેઈન'ની રિલીઝ પહેલા જ અજય દેવગણ, રોહિત શેટ્ટીએ એવું કામ કર્યું કે બની ગયો ગિનીસ વર્લ્ડ રેકોર્ડસ્વિગીએ હાલમાં જ એક નવો રેકોર્ડ બનાવ્યો છે જેણે લોકોને ચોંકાવી દીધા છે. સ્વિગીએ ફિલ્મ 'સિંઘમ અગેઈન'ની ટીમ સાથે મળીને એક જ ડિલિવરીમાં ૧૧,૦૦૦ વડાપાવની ડિલિવરી કરીને ગિનીસ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. આ ડિલિવરી મુંબઈમાં રોબિન હૂડ આર્મીના બાળકોને કરવામાં આવી હતી, જે ભૂખ સામે કામ કરતી એનજીઓ છે.અજય દેવગણ અને રોહિત શેટ્ટીએ પણ આ પહેલમાં ભાગ લીધો હતો. વડાપાવની ડિલિવરી વિલે પાર્લેની એરપોર્ટ હાઈસ્કૂલ અને જુનિયર કોલેજથી શરૂ થઈ હતી, જ્યાં અજય દેવગણ, રોહિત શેટ્ટી અને સ્વિગીના સહ-સ્થાપક ફણી કિશનને ઓર્ડર મળ્યો હતો. આ પછી બાંદ્રા, જુહુ, અંધેરી ઈસ્ટ, મલાડ અને બોરીવલીની વિવિધ શાળાઓમાં વડાપાવનું વિતરણ કરવામાં આવ્યું હતું.આ ડિલિવરી માટે સ્વિગીએ તેના નવા લોન્ચ કરેલા સ્વિગી એક્સએલ ફ્લીટનો ઉપયોગ કર્યો હતો, જે મોટા પાયે ઓર્ડરને હેન્ડલ કરવા માટે ડિઝાઈન કરવામાં આવી છે. આ કાફલામાં ઈલેક્ટ્રિક વાહનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જે ડિલિવરી વધુ કાર્યક્ષમ અને પર્યાવરણને અનુકૂળ બનાવે છે.સ્વિગીના સહ-સ્થાપક ફણી કિશનએ જણાવ્યું હતું કે, ''સ્વિગીના ૧૦ વર્ષમાં, અમે મુંબઈ અને અન્ય શહેરોમાં લાખો



વડાપાવ પહોંચાડ્યા છે અને અમે 'સિંઘમ અગેઈન' સાથે મળીને સૌથી મોટા સિંગલ ફૂડ ઓર્ડર માટે ગિનીસ વર્લ્ડ રેકોર્ડ બનાવવા માટે ઉત્સુક છીએ. આ રોમાંચક કાર્યક્રમ સ્વિગીની ફૂડ ડિલિવરી પ્રત્યેના કમિટમેન્ટને સંપૂર્ણપણે દર્શાવે છે, પછી તે મોટો ઓર્ડર હોય કે નાનો ઓર્ડર હોય અને શાનદાર સિંઘમ સ્ટાઈલમાં આઈકોનિક સ્ટ્રીટ ફૂડ માટે મુંબઈના પ્રેમની ઉજવણી કરે છે.આ રેકોર્ડ બ્રેકિંગ ડિલિવરી સ્વિગીને ક્વિક કોમર્સ ઈન્ડસ્ટ્રીમાં એક નવી ઊંચાઈઓ પર પહોંચાડી દીધું છે. સ્વિગીની આ સફળતા અન્ય ઈ-કોમર્સ પ્લેટફોર્મને પણ પ્રેરણા આપશે અને તેઓ પણ તેમના ગ્રાહકોને વધુ સારી સેવા આપવાનો પ્રયાસ પણ કરશે. આ પહેલથી બાળકો માટે માત્ર ખોરાક અને

# નવા ડેશિંગ લુકથી ફેન્સને આપી સરપ્રાઈઝ

## રણબીર કપૂરના ડેશિંગ લૂકની તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ

બોલિવૂડ એક્ટર રણબીર કપૂરે સેલિબ્રિટી હેરસ્ટાઈલિસ્ટ આલીમ હકીમના નવા હેરકટથી સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી દીધી છે. હેરસ્ટાઈલિસ્ટ દ્વારા ઈન્સ્ટાગ્રામ પર શેર કરાયેલી તસવીરોમાં રણબીર ખૂબ જ હેન્ડસમ લાગી રહ્યો છે. એક તસવીરમાં તેણે આલીમ હકીમ સાથે મિરર સેલ્ફી શેર કરી છે. રણબીરના તાજેતરના લૂકે ધૂમ ૪ માટે ઉત્તેજના વધુ વધારી દીધી છે. લોકો ધૂમ ૪ની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. વર્ક ફ્રન્ટ વિશે વાત કરીએ તો, રણબીર કપૂરની છેલ્લી રિલીઝ એનિમલ હતી જે બ્લોકબસ્ટર રહી.હેરસ્ટાઈલિસ્ટે આ પોસ્ટમાં પોતાના વખાણ કરવામાં કોઈ કસર છોડી નથી. તેણે પોસ્ટ સાથે કેપ્શન લખ્યું - હોટનેસ એલર્ટ, રણબીર કપૂર. બોલિવૂડ એક્ટર રણબીર કપૂરના ડેશિંગ લૂકની તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ, આલીમ હકીમે આ તસવીર શેર કરતાની સાથે જ ચાહકોએ કોમેન્ટ સેક્શનમાં વખાણ કર્યા હતા. ઘણા લોકો પોતાને ધૂમ ફ્રેન્ચાઈઝી સાથે જોડાણ કરવાથી રોકી શક્યા નથી, ચાહકોએ અનુમાન લગાવ્યું હતું કે આ લૂક તેની આગામી ફિલ્મ ધૂમ ૪ માટે હોઈ શકે છે. એક યુઝરે લખ્યું, કદાચ આ ધૂમ ૪ માટે છે, બીજાએ લખ્યું, મને લાગે છે કે ધૂમ ૪ની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. ધૂમ ફ્રેન્ચાઈઝી તેની રસપ્રદ વાર્તાઓ અને સ્ટાર-સ્ટડેડ કાસ્ટ માટે જાણીતી છે. આ ફ્રેન્ચાઈઝી ૨૦૦૪માં પહેલી ફિલ્મથી દર્શકોની પસંદ છે. સંજય ગઢવી દ્વારા દિગ્દર્શિત, આ ફ્રેન્ચાઈઝીની શરૂઆત અભિષેક બચ્ચન અને જ્હોન અબ્રાહમ સાથે મુખ્ય



એક તસવીરમાં તેણે આલીમ હકીમ સાથે મિરર સેલ્ફી શેર કરી છે, તાજેતરના લૂકે ધૂમ ૪ માટે ઉત્તેજના વધુ વધારી દીધી છે

ભૂમિકામાં થઈ હતી. બોલિવૂડ એક્ટર રણબીર કપૂરના ડેશિંગ લૂકની તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ, આ પછી સિક્વલમાં રિતિક રોશન અને ઐશ્વર્યા રાય જેવા નવા પાત્રો અને ધૂમ ૩માં આમિર ખાન અને કેટરિના કૈફને લાવવામાં આવ્યા. તાજેતરના અહેવાલો અનુસાર, રણબીર કપૂર ધૂમ ૪નો ભાગ બની શકે છે. જો કે હજુ સુધી સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

# શિવશક્તિ સખીમંડળ, દામકાની દસ બહેનો સિવણકામ કરી મહિને મેળવે છે રૂપિયા પંદરથી વીસ હજારની આવક

### મિશન મંગલમ યોજના હેઠળ દામકા શિવશક્તિ સખી મંડળની બહેનો બની આત્મનિર્ભર



। (માહિતી) સુરત, તા.૧૭ ।

સમાજમાં મહિલાઓ ઉન્નત મસ્તકે સન્માનભેર જીવી શકે એ માટે સરકાર દ્વારા મહિલા સશક્તિકરણ પર વિશેષ ભાર મુકવામાં આવ્યો છે. સરકાર દ્વારા મહિલાઓ આર્થિક, સામાજીક અને શૈક્ષણિક રીતે મજબુત બને એ માટે એનકવિધ યોજનાઓ અમલી બનાવવામાં આવી છે. સરકાર દ્વારા મહિલા સશક્તિકરણ ક્ષેત્રે કરવામાં આવેલી આ પહેલને સમાજ અને મોટા મોટા ઉદ્યોગગૃહો પણ વધાવી રહ્યા છે. સુરત જિલ્લાના હજીરા ખાતે કાર્યરત આર્સેલર મિત્તલ નિપ્પોન સ્ટીલ ઈન્ડિયાના કોર્પોરેટ સોશ્યલ રિસપોન્સિબિલીટી વિભાગ દ્વારા સરકારની મહિલા સશક્તિકરણની આ પહેલમાં સામેલ થઈ મહિલાઓ સશક્ત બને એ માટે સી.એસ.આર ઈનિસિયેટીવ લેવામાં આવી રહ્યા છે. આર્સેલર મિત્તલ નિપ્પોન સ્ટીલ ઈન્ડિયાના સી.એસ.આર વિભાગ દ્વારા દામકા ગામની દસ બહેનોને ભેગી કરી એક શિવશક્તિ સખીમંડળની રચના કરી અને અહીંથી શરૂ શિવશક્તિ સખીમંડળની બહેનોની સફળતાની ગાથા. તો આવો આ બહેનોના જ મોઢે સાંભળીયે એમની આ સફળ વાર્તા. સખીમંડળના કલ્પનાબેન પટેલે માહિતી ખાતાની ટીમ સાથે વાત કરતા જણાવ્યું હતું કે, બે વર્ષ પહેલા ગામની દસ બહેનોએ ભેગા મળી શિવશક્તિ સખીમંડળની રચના કરી હતી. તેમને સરકાર તરફથી ત્રીસ હજાર રૂપિયા રિવોલ્વિંગ ફંડ અને રૂપિયા દોઢ લાખની કેશ ક્રેડિટ આપવામાં આવી હોવાનું જણાવી તેમણે આગળ વાત કરતા કહ્યું હતું કે, અમારા સખી મંડળને આર્સેલર મિત્તલ નિપ્પોન સ્ટીલ ઈન્ડિયાના સી.એસ.આર વિભાગ તરફથી પ્રથમ છ મહિના સિવણની બેઝીક તાલીમ અને બીજા ચાર મહિના એક્સપર્ટ દ્વારા તાલીમ આપવામાં આવી હતી. વાતનો દોર સાંધતા કલ્પના



બેન કહે છે કે, તાલીમ બાદ કંપનીના સી.એસ. આર વિભાગ દ્વારા અમને દસ ઈન્ડ્રસ્ટ્રિયલ સ્યુંઈંગ મશીન પણ આપવામાં આવ્યા છે. અમે દસ બહેનો અમારી અનુકુળતા જયુટ બેગ, સ્કૂલ બેગ તેમજ સ્કૂલ યુનિફોર્મ સીવી વર્ષે દસે લાખ રૂપિયાની આવક મેળવીએ છીએ એમ કહી તેમણે સખીમંડળ દ્વારા અઢી લાખ રૂપિયાની બચત પણ કરવામાં આવી હોવાનું જણાવ્યું હતું. આ સખીમંડળની ખાસિયત એ છે કે, મંડળમાં અઢાર વર્ષની બહેનથી લઈને ૬૬ વર્ષના માજી પણ સખીમંડળમાં સામેલ થઈ હોંશે હોંશે કામગીરી કરી આવક મેળવે છે. સખીમંડળના સૌથી નાની વયના સભ્ય સ્નેહાબેન કહે છે કે ઘરઆંગણે રોજગારી મળે છે. આગળ ઉપર વાત કરી એમ સખીમંડળમાં સૌથી નાની વયના સભ્ય સ્નેહાબેન સાથે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે, મેં ધો. ૧૦ સુધી અભ્યાસ કર્યો છે. મારા ઘરમાં હું, મારી મમ્મી અને મારી નાની બેન છે. અહીં મને સિવણની તાલીમ આપવામાં આવી છે. હું સિલાઈ કામ કરી ઘર આંગણે જ રોજગારી મેળવું છું. મહિને મને પંદરથી વીસ હજારની આવક મળે છે એમ તેણીએ જણાવ્યું હતું. મંડળના સૌથી વરિષ્ઠ સભ્ય દક્ષાબેન કહે છે મને આ કામ બહુ ગમે છે, બહેનો સાથે બેસી કામ કરવામાં આનંદ આવે છે.

# ઝાલોદ બી. આર. સી કો ઓ કલ્પેશકુમાર દીપસિંહ મુનિયાને સન્માનિત કરવામાં આવ્યા



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૭ ।

શિક્ષક દિન નિમિતે દાહોદ જિલ્લા માંશ્રેષ્ઠ બી આર. સી તરીકે ઝાલોદ બી. આર. સી કો ઓ કલ્પેશકુમાર દીપસિંહ મુનિયાને સન્માનિત કર્યા હતા. જેમાં તેમને રૂપિયા ૧૫૦૦૦ રોકડ શાલ, શિલ્ડ એનાયત કરી પુરસ્કૃત થી સન્માનિત કર્યા હતા. તે તમામ રકમથી ગરાડું મુખ્ય



પ્રા શાળાના બાળકોને ને ગણવેશ આપ્યા.ગત વર્ષે પણ ધોરણ ૬ થી ૮ ના તમામ બાળકોને ગણવેશ આપવામાં આવ્યો હતો.

# દેવગઢ બારીઆ નગર પાલિકામાં ૨૦૨૨થી ફાયર વિભાગમાં મહેકમ હોવા છતાં ભરતી નહી

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૧૭ ।

પ્રાપ્ત માહિતી અનુસાર દેવગઢ બારીઆ નગર પાલિકા ના ફાયર વિભાગ માં ૨૦૨૨ થી ભરતી માટે મહેકમ નો હુકમ હોવા છતાં આઉટ સોર્સ થી ભરતી કરવા માં આવી છે તેમાં પણ નવ મહિના થી પગાર ની ચુકવણી કરવા માં આવી નથી આ બાબત વધુ પૂછતા ફાયર વિભાગ ના અધિકારી મયુરસિંહ ચૌહાણ પૂછતા જાણવા મળેલ કે દેવગઢ બારીઆ નગર પાલિકા માં સૌથી મોટું ફાયર સ્ટેશન છે અને તેમાં ચાર તાલુકા નો સમાવેશ થાય છે તેની માત્ર ગણતરી ના જ કર્મચારી દ્વારા કામગીરી કરવા માં આવે છે તથા ગુજરાત હાઈકોર્ટ નો હુકમ હોવા છતાં પણ કાયમી ફાયર વિભાગ માં ભરતી કરવા માં આવતી નથી વારંવાર મોટી ઘટનાઓ બનતી રહે જેમાં ફાયર વિભાગ ના જવાનો દ્વારા પોતા ના જીવ જોખમ માં મૂકી કામગીરી કરતા હોય છે પરંતુ દેવગઢ બારીઆ નગર પાલિકા માં ફાયર વિભાગ માં મહેકમ હોવા છતાં ફાયર વિભાગ માં ભરતી કેમ કરવા માં આવતી નથી તે પણ એક વિચારવા જેવી બાબત છે દેવગઢ બારીઆ ફાયર સ્ટેશન માં સમાવેશ ચાર તાલુકા ધાનપુરલીમખેડા.સિંગવડ. ના ગામો નો સમાવેશ થાય છે અને માત્ર તેમાં ફક્ત ગણતરી ના કર્મચારીઓ જ કેમ ભરતી ક્યાં કારણોસર નહી કરવા પણ કારણો શું છે તે પણ એક મોટો ચર્ચા નો વિષય છે શું નગર પાલિકા સરકાર થી અને હાઈકોર્ટ થી ઉપર છે તાકીદે તપાસ કરી ભરતી પ્રકિયા કરવા આવે અને બેરોજગારો ને નોકરી મળે તેવી માંગ છે.

# ગુજરાતના ૪,૦૮૭ ચો.કિ.મી.ના દરિયાઈ વિસ્તારમાં અંદાજે ૬૮૦ ડોલ્ફિન નોંધાઈ; વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરા

।(માહિતી) ગાંધીનગર, તા.૧૭।

વન અને પર્યાવરણ મંત્રી શ્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે, ગુજરાત સૌથી લાંબો સમુદ્રી કિનારો ધરાવતો હોવાના લીધે સમૃદ્ધ જળચર પ્રાણી વારસો એટલે કે, અનેક દુર્લભ જળચર પ્રાણીઓ જોવા મળે છે. જેમાં સૌથી સુંદર અને આકર્ષક પ્રાણી છે 'ડોલ્ફિન'. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સમગ્ર વન્ય-જળચર જીવ સૃષ્ટિના સંવર્ધન માટે અનેકવિધ પ્રકલ્પોની સાથે-સાથે તેમના સંરક્ષણ માટે કડક કાયદાઓ પણ બનાવવામાં આવ્યા છે. તાજેતરમાં ગુજરાત વન વિભાગ દ્વારા ગુજરાતમાં 'ડોલ્ફિનની વસ્તી ગણતરી' કરવામાં આવી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની નેતૃત્વવાળી સરકારના જળચર- વન્ય જીવ સંરક્ષણ અને સંવર્ધનના વિશેષ પ્રયાસોના પરિણામે ગુજરાતના ૪,૦૮૭ ચો. કિ.મી.ના દરિયાઈ વિસ્તારમાં અંદાજે ૬૮૦ ડોલ્ફિન નોંધાઈ છે, ત્યારે જળચર તેમજ વન્યજીવ પ્રવાસન ક્ષેત્રે પણ ગુજરાતે હરણફાળ ભરી છે. જે સૌ ગુજરાતીઓ માટે ગૌરવ સમાન ક્ષણ છે. વન મંત્રી શ્રી મુળુભાઈએ ડોલ્ફિન વસ્તી ગણતરી- ૨૦૨૪ની વિગતો આપતા કહ્યું હતું કે, ગુજરાતમાં કચ્છથી ભાવનગર સુધીનો દરિયા કિનારો ડોલ્ફિનના 'ઘર' તરીકે પ્રસ્થાપિત થયો છે. કચ્છના અખાતના દક્ષિણી ભાગમાં આવેલા મરીન નેશનલ પાર્ક અને મરીન સેન્ચુરીના, ઓખા થી નવલખી સુધી વિસ્તરેલા ૧,૩૮૪ ચો. કિ.મીની ના વિસ્તારમાં સૌથી વધુ ૪૯૮ ડોલ્ફિન હોવાની સંભાવના છે. જ્યારે કચ્છના અખાતના ઉત્તર તરફના ભાગમાં કચ્છ વર્તુળ હેઠળના ૧,૮૨૧ ચો.કિ.મી.માં ૧૬૮, ભાવનગરના ૪૯૪ ચો.કિ.મી. માં ૧૦ તેમજ મોરબીના ૩૮૮ ચો.કિ.મી.માં ૪ ડોલ્ફિન જોવા મળી છે. આમ કુલ મળીને ૪,૦૮૭ ચો.કિ.મી.ના દરિયા વિસ્તારમાં અંદાજે ૬૮૦ ડોલ્ફિન નોંધાઈ છે, જે સમગ્ર રાજ્યની શોભા વધારે છે. વન મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું કે, 'સ્વસ્થ ઈકોસિસ્ટમ માટે ડોલ્ફિન ખુબ જ મહત્વનું જળચર પ્રાણી' છે.

#### અધિક નિવાસી કલેક્ટર શ્રી એન. આર. ધાંધલની પ્રેરક ઉપસ્થતિ

# ભરૂચ ખાતે ધારાસભ્ય રમેશભાઈ મિસ્ત્રીની અધ્યક્ષતામાં સેવા સેતુ કાર્યક્રમ યોજાયો

### ભરૂચના ઝાડેશ્વર ગામે યોજાયો સેવાસેતુ કાર્યક્રમમાં પ્રજાલક્ષી યોજનાના ત્વરિત લાભ અપાયો

। (માહિતી) ભરૂચ, તા.૧૭ ।

સરકારની જનકલ્યાણલક્ષી વિવિધ સેવાઓ અને યોજનાઓનો લાભ નાગરિકોને સરળતાથી ઘરઆંગણે મળી રહે અને તેમને ઓછામાં ઓછી મુશ્કેલી થાય તેવા પારદર્શી અભિગમ તેમજ સુશાસન નેમ સાથે રાજ્યવ્યાપી સેવા સેતુ કાર્યક્રમના ૧૦મા તબક્કાનો રાજયવ્યાપી પ્રારંભ થયો છે. આ સેવા સેતુ કાર્યક્રમમાં દસમો તબક્કા અંતર્ગત સરકારની યોજનાઓના લાભ અને સહાયતા અંગેના વ્યક્તિગત પ્રશ્નોના તત્કાલ નિકાલ કરવાના હેતુ સાથે ૧૫૩-ભરૂચ વિધાનસભાના ધારાસભ્યશ્રી રમેશભાઈ મિસ્ત્રી, તાલુકા પંચાયત પ્રમુખશ્રી કૌશિકભાઈ પટેલની ઉપસ્થિતિમાં પાટીદાર પંચની વાડી, ઝાડેશ્વર,ભરૂચ ખાતે પ્રજાલક્ષી યોજનાઓનો લાભ પ્રજાને પોતાના નજીકના સ્થળે મળી રહે તે માટે તાલુકા વહીવટી તંત્ર ભરૂચ દ્નારા આયોજન કરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમમાં અધિક નિવાસી કલેકટર શ્રી એન.આર.ધાંધલ, પ્રાંત અધિકારીશ્રી મિનિષા મનાની,શ્રી તાલુકા વિકાસ અધિકારીશ્રી, અન્ય કર્મચારીઓ, પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યાં હતાં. આ સેતુમાં ઉમરાજ, તવરા, ભોલાવ, નંદેલાવ, રહાડપોર, હલદર, ચાવજ, નિકોરા, સિંધોત, લુવારા, મંગલેશ્વર, ઓસારા, વડદલા, હલદરવા, અંગારેશ્વર, કરમાલી અસુરીયા, કરજણ, પગુથણ, કુવાદર, સામલોદ, શાહપુરા, ભરથાણા ઉમરા, કવિઠા, ઝનોર, ઉપરાલી, ઝાડેશ્વર આજુબાજુના કલસ્ટર ગામોના લોકોએ લાભ લીધો હતો. જેમાં આરોગ્ય, અન્ન અને નાગરિક પુરવઠા, સામાજિક ન્યાય અને





અધિકારીતા વિભાગ,નાણાં વિભાગ, આઈ.સી.ડી. એસ. અને મહિલા- બાળ વિકાસ વિભાગ જેવા ૧૩ વિભાગની ૫૫ સેવાના લાભો લોકોને ઘર આંગણે આપવામાં આવ્યા હતા. લોકોએ આધાર કાર્ડમાં સુધારા, રાશનકાર્ડમાં સુધારા, ઉમેરો, આયુષ્માન કાર્ડ, યુ.ડી.આઈ.ડી. કાર્ડ, જન્મ-મરણના દાખલા જેવી સેવાઓનો વધુ લાભ લીધો હતો. આ કાર્યક્રમ અંતર્ગત રક્તદાન શીબિર,મહિલા આરોગ્ય કેમ્પ, દિવાળીમાં સજાવટની આઈટમોના સ્ટોલ, બાળ આરોગ્ય કેમ્પ,ઈ-કેવાયસી કેમ્પ, રાશનકાર્ડ ધારકો માટે અને સખી વન સ્ટોપ સેન્ટર હેલ્પ ડેસ્ક આર્કષણનું કેન્દ્ર બન્યા હતાં. અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકાર દ્વારા લોકોને પારદર્શક અને ત્વરિત સેવાઓ નજીકના સ્થળે મળી રહે તે માટે સેવા સેતુનો આ ૧૦મો તબક્કો ચાલી રહ્યો છે.

# રાજ્યના દૂર-દરાજના અંતરિયાળ ગામો સુધી એફોર્ડેબલ અને હાઈક્વોલિટી મોબાઈલ એન્ડ ડિજિટલ સર્વિસ મળતી થશે

### કેન્દ્રીય સંચાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા, ગુજરાતના શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયાની પ્રેરક ઉપસ્થિતી

। (માહિતી) ગાંધીનગર, તા.૧૭ ।

ગુજરાતમાં વધુને વધુ અંતરિયાળ વિસ્તારના ગામોને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની સંકલ્પનાના ડિજિટલ ભારત અન્વયે સાંકળી લઈ એફોર્ડેબલ અને હાઈક્વોલિટી મોબાઈલ એન્ડ ડિજિટલ સર્વિસિસ પૂરી પાડવાનો અભિગમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દ્રષ્ટિવંત નેતૃત્વમાં અપનાવામાં આવ્યો છે. રાજ્ય સરકારના સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગે આ હેતુસર સુધારેલ ભારત નેટ પ્રોગ્રામ ફેઝ-૩ અંતર્ગત ભારત નેટ નેટવર્ક વધુ સુદ્રઢ કરવા માટે કેન્દ્ર સરકાર સાથે એક મહત્વપૂર્ણ MOC એટલે કે મેમોરેન્ડમ ઓફ કોઓપરેશન કર્યા છે.

નવી દિલ્હીમાં ભારત મંડપમ્ ખાતે યોજાઈ રહેલી ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસમાં આ મેમોરેન્ડમ ઓફ કોઓપરેશન (MOC) કરવામાં આવ્યા હતા. કેન્દ્રીય સંચાર મંત્રી શ્રી જ્યોતિરાદિત્ય સિંધિયા, ગુજરાતના શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયા તથા સાયન્સ ટેકનોલોજી વિભાગના અગ્રસચિવ સુશ્રી મોના ખંધાર આ MOC સાઈનિંગના અવસરે ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર ગુજરાતના ડિજિટલ કનેક્ટિવિટી લેન્ડસ્કેપમાં સમાન કવરેજ માટે રાજ્ય સરકારની આગવી પહેલરૂપ ભારત નેટ ફેઝ-૧ અને ફેઝ-૨ તથા જિલ્લા વચ્ચેના ડિજિટલ ડીવાઈડને દૂર કરી



અંતરિયાળ ગામોમાં પણ ૯૮ ટકાથી વધુનો સર્વિસ અપટાઈમ હાંસલ કરવામાં આ MOC ઉપયુક્ત બનશે. આ માટે રાજ્ય સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગે દસ વર્ષના ગાળા માટે વન ટાઈમ કેપેક્સ અને આ સુધારેલ ભારત નેટ પ્રોગ્રામ અન્વયે ૬૦૦૦ કરોડ રૂપિયા માટેનો DPR કેન્દ્ર સરકારને પ્રસ્તુત કર્યો છે.

આ વિસ્તૃત DPRમાં સિગ્નલની શક્તિ વધારવા માટે ફાઈબર ટુ ફાર ફલંગ ટાવર ફાઈબરાઈઝેશન, કનેક્ટેડ અને ગ્રાસ રુટ લેવલ ગવર્નન્સ માટે ફાઈબર ટુ ફિલ્ડ ઓફિસ, ફાઈબર ટુ ફેમિલી જેવી સંપત્તિના વ્યાપક ઉપયોગ અને રાજ્યની આગેવાનીના નેટવર્ક ડિઝાઈન અને બહુ-પરિમાણીય અભિગમનો સમાવેશ થાય છે. ગ્રામીણ આર્થિક સંભવિતતાઓને અનલૉક કરવા માટે ફાઈબર ટુ ફાઈનાન્સિયલ એન્ટરપ્રાઈઝીસ અને કનેક્ટેડ વિશ્વ સાથે નવી રોજગારીની તકોના સર્જનનો પણ આમા સમાવેશ થયેલો છે.

# "સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ" હેઠળ વધુ ૩૧ લાભાર્થીઓને રૂ. ૧૦ કરોડથી વધુની સહાય ચૂકવાઈ

। (માહિતી) ગાંધીનગર, તા.૧૭ ।

ગાંધીનગર ખાતે કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલના હસ્તે "સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ (૨૦૧૬-૨૧)" હેઠળ નોંધાયેલા વધુ ૩૧ કૃષિ ઉદ્યોગ સાહસિકોને રૂ. ૧૦ કરોડથી વધુની સહાય ચૂકવવામાં આવી હતી. કૃષિ મંત્રીશ્રી સાથે કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. અંજુ શર્મા તેમજ ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશનના મેનેજીંગ ડિરેક્ટર શ્રી ડી. એચ. શાહ સહિતના મહાનુભાવોના હસ્તે લાભાર્થીઓને સહાય હુકમ એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે કેટલાક લાભાર્થી ઉદ્યોગ સાહસિકોએ પોતાના પ્રતિભાવો પણ રજૂ કર્યા હતા. કૃષિ મંત્રીશ્રીએ પણ તેમની સાથે યોજના સંદર્ભે વિવિધ મુદ્દે ચર્ચા કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકારે કૃષિ ક્ષેત્રના ઝડપી અને ટકાઉ વિકાસ થકી નાગરિકોને ખાદ્ય



સુરક્ષા, પોષણ સુરક્ષા ઉપરાંત આર્થિક સશક્તિકરણ સુનિશ્ચિત કરવા માટે સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ અમલમાં મૂકી હતી. આ નીતિ હેઠળ કૃષિ ઉદ્યોગોને મૂડી રોકાણ, વ્યાજ સહાય જેવા જુદા-જુદા ઘટકો માટે સહાય આપવામાં આવે છે. જે પૈકી મૂડી સહાય માન્ય સ્થાયી મૂડીરોકાણના ૨૫ ટકા અને બેંકની મુદતી લોન પર ૭.૫ ટકા વ્યાજ સહાયની અરજીઓને પ્રાધાન્ય આપવામાં આવે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર દ્વારા ઉદ્યોગકારોની લાગણીને વાચા આપીને ચાલુ વર્ષ ૨૦૨૪-૨૫ માટે રૂ. ૨૦૦ કરોડની બજેટ જોગવાઈ પણ કરવામાં આવી છે.

આ ઉપરાંત ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સીબીલીટી (CSR) અંતર્ગત ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ (GCRI)ને આપવામાં આવેલી હોમ કેર વિઝિટ વાનને કૃષિ મંત્રીશ્રી સહિતના મહાનુભાવોએ ફ્લેગઓફ આપી પ્રસ્થાન કરાવ્યું હતું. CSR હેઠળ ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન દ્વારા GCRIને હોમ કેર વાન તેમજ ૬ સ્લાઈડ કેબીનેટની ખરીદી માટે રૂ. ૨૧.૯૦ લાખનું ફંડ આપવામાં આવ્યું હતું.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે તમારી સાચી ક્ષમતાને જાણો કેમ કે તમે દૃઢતામાં નહીં પણ ઈચ્છાશક્તિમાં પાછળ પડો છો. ઝડપ થી નાણાં કમાઈ લેવાની ઈચ્છા તમે ધરાવશો. મિત્રો સાથે સાંજ મોજ-મજા માટે તથા રજાઓના આયોજન માટે સારી રહેશે. આજે પ્રેમ જીવન ખૂબ જ સુંદર રીતે ખીલશે. કામના સ્થળે તમારી સફળતના માર્ગમાં જેઓ અંતરાય બની રહ્યા હતા.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. તમે જીવન માં પૈસા ના મહત્વ ને નથી સમજતા પરંતુ આજે તમને પૈસા નું મહત્વ સમજ આવી શકે છે. કેમકે તમને આજે પૈસા ની સખત જરૂર પડી શકે છે પરંતુ તમારી જોડે પર્યાપ્ત ધન નહીં હોય. તમે જેની દરકાર કરો છો એવી કોઈક નિકટની વ્યક્તિ સાથે સંવાદનો અભાવ આજે તમને હતાશ કરી મુકશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે મુશ્કેલીમાં હોય એવી કોઈ વ્યક્તિની મદદ કરવા તમારી ઊર્જાનો ઉપયોગ કરો. યાદ રાખો- આ નાશવંત શરીરનો શો ઉપયોગ જો તેનો તે અન્યોના ભલા માટે ન વાપરીએ. તમારા વધારાનાં નાણાં એવા સુરક્ષિત સ્થળે મૂકો જે તમને આવનારા સમયમાં વળતરનું વચન આપે. પારિવારિક પ્રસંગો તથા મહત્વની વિધિઓ માટે મંગળકારી દિવસ.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે સ્વાસ્થ્યની બાબતમાં તમારી જાતની અવગણના ન કરવાની સાવચેતી રાખજો. ઘર ની નાની નાની વસ્તુઓ પર આજે તમારું ઘણું ધન ખરાબ થયી શકે છે જેથી તમને માનસિક તાણ થયી શકે છે. લાંબા સમયથી જેના સંપર્કમાં ન હો એવા લોકો તથા સંબંધોને ફરી તાજા કરવા માટે સારો દિવસ. બાબતોને યોગ્ય રીતે હાથ ધરજો કેમ કે તમારા જીવનસાથીનો મૂડ બહુ સારો જણાતો નથી.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે તમારી સ્વાસ્થ્ય તથા શક્તિ બચાવવાની આદત તમને ખૂબ જ મદદ કરશે કેમ કે તમે લાંબી મુસાફરી પર જવાની યોજના ઘડી રહ્યા છો. વ્યસ્ત સંયપત્રક છતાં તમે થાક સાથે આસાનીથી કામ પાડી શકશો. તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો-પણ તમે જો એવું કરસો તો તમે પછીથી દિલગીરી અનુભવશો.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. જે લોકોએ કોઈ સંબંધી જોડે પૈસા ઉધાર લીધેલા તેમને કોઈપણ હાલત માં આજે પૈસા પાછા આપવા પડી શકે છે. તમારી પત્ની પરનો કામનો બોજ ઘટાડવા ઘરના કામકાજમાં તેની મદદ કરજો. આ બાબત શૅરિંગ તથા આનંદની લાગણીને પ્રોત્સાહિત કરશે. પ્રેમના દેવદૂત તમારા જીવનમાં પ્રેમનો વરસાદ વરસાવવા તમારી તરફ આવી રહ્યા છે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે હાલની ઘટનાઓને કારણે તમારૂં મગજ ખલેલ પામ્?યું છે. આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ધ્યાન તથા યોગ લાભકારક સાબિત થશે. નજીકી સંબંધીઓ ના ઘરે જવું આજે તમારી આર્થિક સ્થિતિ બગાડી શકે છે. તમારી વધારાની ઊર્જા તથા અસાધારણ ઉત્સાહ તમારી તરફેણમાં પરિણામો લાવશે તથા ઘરના મોરચે રહેલું ટૅન્શન હળવું કરશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે કોઈ ઈજા ન થાય તે માટે બેસતી વખતે ખાસ સંભાળવું. કેમ કે બેસવાની ઢબ ન માત્ર વ્યક્તિના વ્યક્તિત્વને નીખારે છે બલ્કે સ્વાસ્થ્ય અને આત્મવિશ્વાસ વધારવામાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે. આજે કરેલું રોકાણ તમારી સમૃદ્ધિ તથા આર્થિક સુરક્ષામાં વધારો કરશે. પત્ની સાથે ઝઘડો માનસિત તાણ ભણી દોરી જઈ શકે છે. બિનજરૂરી તાણ લેવાની જરૂર નથી.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે આજે ખાસ દિવસ છે કેમ કે સારૂં સ્વાસ્થ્ય તમને કશુંક અસાધારણ કરવાની ક્ષમતા આપ શે. વિદેશ માં પડેલી તમારી ભૂમિ આજ ના દિવસે સારી કિંમત માં વેચાઈ શકે છે જેના વડે તમને લાભ પણ થશે. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે તેનાથી તમારો દિવસ આનંદથી ભરપૂર રહેશે. તમારા પ્રિયપ ાત્રના સાથ વગર તમને ખાલી-ખાલી લાગશે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે જાતે જ પોતાની દવા કરવી એ બાબત ડ્રગ ડિપેન્ડન્સીનું કારણ બની શકે છે. કોઈપણ દવા લેવા પૂર્વે ફિઝિશિયનની સલાહ લો અન્યથા ડ્રગ ડિપેન્ડ્ન્સીની શક્યતા ખાસ્સી વધારે છે. પ્રૉપર્ટીને લગતા સોદા સાકાર થશે તથા અકલ્પ્ય લાભ લાવશે. તમારી મદદની જરૂર હોય એવા મિત્રની મુલાકાત લેજો. તમારા પ્રેમી અથવા પ્રેમિકા આજે તેમના ઘર ની સ્થિતિ ને કારણે ખૂબ ગુસ્સે દેખાઈ શકે છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે પિતા તમને સંપત્તિના વારસામાંથી બેદખલ કરી શકે છે.પણ હિંમત હારતા નહીં. ઐશ્વર્ય મનને લાડ લડાવે છે જ્યારે અછત તેને મજબૂત બનાવે છે. આખા દિવસ માં ભલે તમે ધન માટે સંઘર્ષ કર્યા હોય પરંતુ સાંજ ની સમયે તમને ધન લાભ થયી શકે છે. તમારો પરિવાર તમારી વહારે આવશે તથા કટોકટીના સમયમાં તમારૂં માર્ગદર્શન કરશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. ઘરે તમને તમારા સંતાનો એવી પરિસ્થિતિ રજૂ કરશે જેમાં રાઈનો પહાડ કરાયો હોય- કોઈ પણ પગલું લેવા પૂર્વે વાસ્તવિક્તાની ચકાસણી કરો.

# ભારતને નિજ્જર હત્યાકાંડના એક પણ પુરાવા આપ્યા નથી

## ટ્રુડોની આ કબૂલાત મહત્વની છે કારણ કે એક તરફ કેનેડા દાવો કરી રહ્યું છે કે તેણે નિજ્જર હત્યાકાંડ સાથે જોડાયેલા પુરાવા ભારતને આપ્યા છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

ભારત અને કેનેડાના સંબંધોમાં તણાવના સમાચાર વચ્ચે જસ્ટિન ટ્રુડોએ મોટી કબૂલાત કરી હતી. ટ્રુડોએ સ્વીકાર્યું કે કેનેડાએ નિજ્જરની હત્યા સાથે સંબંધિત પુરાવા ભારતને આપ્યા નથી. ટ્રુડોએ સ્વીકાર્યું હતું કે તેમણે નિજ્જર હત્યાકાંડ સાથે સંબંધિત માત્ર ગુપ્ત માહિતી ભારતને આપી હતી. ટ્રુડોની આ કબૂલાત મહત્વની છે કારણ કે એક તરફ કેનેડા દાવો કરી રહ્યું છે કે તેણે નિજ્જર હત્યાકાંડ સાથે જોડાયેલા પુરાવા ભારતને આપ્યા છે. ભારતે આ દાવાને ફગાવી દીધો હતો અને કહ્યું હતું કે કેનેડાએ નિજ્જરની હત્યા સંબંધિત કોઈ પુરાવા આપ્યા નથી.નોંધનીય છે કે ગત વર્ષે કેનેડામાં ખાલિસ્તાની હરદીપ સિંહ નિજ્જરની હત્યા અને કેનેડા સરકાર દ્વારા આ ઘટનામાં ભારતની સંડોવણીના આરોપો બાદ બંને દેશો વચ્ચેનો તણાવ હવે કોઈનાથી છૂપાયેલો નથી. બંને દેશોએ એકબીજાના છ-છ રાજદ્વારીઓને હાંકી કાઢ્યા છે. વાસ્તવમાં ટ્રુડોએ હવે સ્વીકાર્યું છે કે તેમણે નિજ્જરની હત્યા અંગે ભારતને સાચા પુરાવા આપ્યા નથી. તેમણે કબૂલ્યું હતું કે નિજ્જરની હત્યા માટે ભારત પર જાહેરમાં આરોપ મૂકતા પહેલા કેનેડાએ માત્ર ગુપ્ત માહિતી પૂરી પાડી હતી. પરંતુ આને લગતા કોઈ પુરાવા આપવામાં આવ્યા ન હતા. ટ્રુડોએ કહ્યું



કે મેં S-20માં પીએમ મોદી સાથે આ મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું કે આ દરમિયાન મોદીએ મને કહ્યું કે કેનેડામાં ઘણા લોકો ભારત સરકાર વિરુદ્ધ બોલે છે અને તેઓ આ લોકોની ધરપકડ થાય તેવું ઈચ્છે છેભારતીય વિદેશ મંત્રાલયે સોમવારે એક નિવેદન જાહેર કરીને કહ્યું કે કેનેડા સરકારે આરોપોના પુરાવા આપ્યા નથી. ભારતે ટ્રુડો પર રાજકીય લાભ માટે વોટ બેન્કની રાજનીતિમાં સામેલ થવાનો આરોપ મૂક્યો હતો અને કહ્યું હતું કે તેમની માંગણીઓ છતાં કેનેડાએ નિજ્જરની હત્યામાં ભારતની સંડોવણીના કોઈ નક્કર પુરાવા રજૂ કર્યા નથી.જસ્ટિન ટ્રુડો શાસને નિજ્જરની હત્યા માટે ભારત પર આરોપ લગાવ્યો હતો અને ત્યારથી બંને દેશો વચ્ચે તણાવ વધ્યો છે. સપ્ટેમ્બર ૨૦૨૩માં ટ્રુડોએ ભારત પર ગંભીર આરોપ લગાવતા કહ્યું કે ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં ભારતીય એજન્ટો સામેલ હતા. ભારતે સ્પષ્ટપણે આવા આરોપોને ફગાવી દીધા હતા. પીએમ ટ્રુડોએ કહ્યું કે કેનેડા એક એવો દેશ છે જે કાયદામાં વિશ્વાસ રાખે છે અને અમારા માટે અમારા નાગરિકોની સુરક્ષા સર્વોપરી છે. આ કારણે જ્યારે અમારી કાનૂની એજન્સીઓ અને ગુપ્તચર અધિકારીઓએ વિશ્વાસપાત્ર આક્ષેપો કર્યા હતા કે કેનેડાની ધરતી પર કેનેડિયન નાગરિક હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં ભારત સરકારના એજન્ટો સીધા સામેલ હતા. અમે આ અંગે તાત્કાલિક કાર્યવાહી કરી હતી.

### અંકુર ભંડારી, પ્રો. નિરપાલસિંહ ભંગાલ અને પ્રતિક તરવાડીનો સમાવેશ

## ઓક્સફર્ડ યુનિવર્સિટીના ચાન્સેલરની રેસમાં ભારતીય મૂળના ત્રણ ઉમેદવારો

। (એજન્સી) લંડન, તા.૧૭ ।

ઓક્સફર્ડ યુનિવર્સિટીએ બુધવારે તેના નવા ચાન્સેલરને ચૂંટવાની રેસમાં ૩૮ ઉમેદવારોના નામની જાહેરાત કરી હતી, જેમાં ભારતીય મૂળના ઉમેદવારોનો સમાવેશ થાય છે પરંતુ પાકિસ્તાનના ભૂતપૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનનું નામ નથી. બર્કશાયરના બ્રેકનેલ ફોરેસ્ટના પ્રથમ ભારતીય મૂળના મેયર અંકુર શિવ ભંડારી, આંતરરાષ્ટ્રીય સાહસિકતાના પ્રોફેસર નિર્પાલ સિંહ પોલ ભંગાલ અને તબીબી પ્રેક્ટિશનર પ્રતિક તરવાડી, રેસમાં અન્ય શિક્ષણવિદો, રાજકારણીઓ અને ઉદ્યોગસાહસિકો સામે સ્પર્ધા કરશે. ૨૫ નવેમ્બરની આસપાસ નવા કુલપતિની જાહેરાત કરવામાં આવશે. કન્ઝર્વેટિવ પાર્ટીના ભૂતપૂર્વ નેતા લોર્ડ વિલિયમ હેગ અને લેબર પાર્ટીના ભૂતપૂર્વ નેતા લોર્ડ પીટર મેન્ડેલસન છેલ્લે પસંદ કરાયેલા વરિષ્ઠ રાજકારણીઓમાં સામેલ છે. જોકે, પસંદગી પ્રક્રિયા બાદ ઈમરાન ખાનને ગેરલાયક ઠેરવવામાં આવ્યો હતો. આ અવેતન પોસ્ટ માટેના ઉમેદવારોએ યુનિવર્સિટી દ્વારા જાહેર કરાયેલા ચોક્કસ માપદંડો અનુસાર તેમના સંબંધિત ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ સિદ્ધિઓ દર્શાવવી જરૂરી છે. તેઓએ યુનિવર્સિટીના સંશોધન અને શૈક્ષણિક મિશન, તેના વૈશ્વિક સમુદાય, વિશ્વ-કક્ષાની સંશોધન અને શૈક્ષણિક યુનિવર્સિટી રહેવાની તેમની મહત્વાકાંક્ષા અને સ્થાનિક, રાષ્ટ્રીય તથા વિદેશમાં યુનિવર્સિટીની પ્રતિષ્ઠા વધારવાની તેમની ક્ષમતા અને ઈચ્છા પ્રત્યે પ્રતિબદ્ધતા પણ દર્શાવવી જોઈએ.યુનિવર્સિટીએ સૂચિમાંથી સહભાગીઓને બાકાત રાખવા માટે કોઈ ચોક્કસ કારણ આપ્યું ન હતું, પરંતુ કેટલાક નિષ્ણાતોએ સંકેત આપ્યો હતો કે ઓક્સફોર્ડના ભૂતપૂર્વ વિદ્યાર્થી ખાન તેમના વતનમાં ગુનાહિત દોષિત હોવાના કારણે ગેરલાયક ઠેરવવામાં આવ્યા હોઈ શકે છે.

## નાઈજિરિયામાં પેટ્રોલ ટેન્કરમાં વિસ્ફોટ થતાં ૧૪૦થી વધુનાં મોત, અનેક ઘાયલ

### પોલીસ દ્વારા વારંવારની ચેતવણીઓ છતાં લોકો આવી ઘટનાઓ પછી અકસ્માત સ્થળે એકઠાં થતાં મોટી જાનહાનિ થઈ હતી

। (એજન્સી) અબુજા, તા.૧૭ ।

નાઈજીરીયાના જીગાવા સ્ટેટ એક્સપ્રેસવે પર એક ટેન્કરમાંથી પેટ્રોલ લૂંટવાનો પ્રયાસ કરવા જતાં તેમાં પ્રચંડ વિસ્ફોટ થયો હતો. તેના કારણે બાળકો સહિત અંદાજિત ૧૪૦થી વધુ લોકોના મોત થયાં હતાં જ્યારે ૫૦થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયાં હતાં. નાઈજિરિયન મીડિયા અનુસાર, પોલીસનું કહેવું છે કે મૃતકો અને ઘાયલોની સંખ્યામાં વધારો થવાની આશંકા છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે ઉત્તર અને પશ્ચિમ નાઈજિરિયામાં આ પેટ્રોલ ટેન્કરની સામે અચાનક એક ટ્રક આવી. જેના કારણે ડ્રાઈવરે ટેન્કર પરનો કાબુ ગુમાવતા ટેન્કર ટ્રક સાથે અથડાતા બચી ગયું હતું પરંતુ ડ્રાઈવર ટેન્કર પર કાબુ રાખી શક્યો ન હતો અને તેણે બેલેન્સ ગુમાવતા પલટી ખાઈ ગયો હતો. પલટેલા ટેન્કરમાંથી પેટ્રોલ રસ્તા પર ઢોળવા લાગ્યું હતું અને લોકો તેને ઉપાડી જવા માટે ભેગા થઈ ગયા હતાં. મજિયા ટાઉન ખાતે અકસ્માત સર્જાયો હતો, પરંતુ અચાનક ટેન્કરમાં તોતિંગ વિસ્ફોટ થયો હતો. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, સ્થળ પર આગના ગોટેગોટા ઊડી રહ્યા હતા. અત્યાર સુધીમાં લગભગ ૫૦ ઘાયલોને નજીકની જુદી જુદી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. સ્થળ પર ખરાબ રીતે દાઝી ગયેલી લાશો પડી હતી.

## ઇઝરાયલે હમાસના વધુ એક કમાન્ડર મહમૂદની કરી હત્યા!

### IDF અનુસાર, તેઓએ જબલિયાહ અને રફાહમાં ડ્રોન હુમલા કર્યા, જેમાં ૫૦ થી વધુ હમાસ આતંકવાદીઓ માર્યા ગયા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

મધ્ય પૂર્વમાં સતત યુદ્ધ વચ્ચે, પરિસ્થિતિ દિવસેને દિવસે વધુ ખરાબ થઈ રહી છે. દરમિયાન, IDFએ દાવો કર્યો છે કે તેઓએ હમાસના ઉત્તરી ગાઝા યુએવી કમાન્ડર મહમૂદ અલ-મભોહને મારી નાખ્યો છે. તેણે ઈઝરાયલી સુરક્ષા દળો અને લોકો પર ડ્રોન હુમલાનો નિર્દેશ આપ્યો હતો. IDF અનુસાર, તેઓએ જબલિયાહ અને રફાહમાં ડ્રોન હુમલા કર્યા, જેમાં ૫૦ થી વધુ હમાસ આતંકવાદીઓ માર્યા ગયા.પેલેસ્ટિનિયન આરોગ્ય અધિકારીઓએ જણાવ્યું હતું કે ગાઝાના આઠ ઐતિહાસિક શરણાર્થી શિબિરોમાંથી સૌથી મોટા જબાલિયામાં અલ -ફલ્લુજાહ નજીક ઈઝરાયેલી ગોળીબારમાં ઓછામાં ઓછા ૧૭ લોકો માર્યા ગયા હતા, રોઈટર્સના અહેવાલમાં જણાવાયું છે. આ સિવાય દક્ષિણ ગાઝામાં પૂર્વ ખાન યુનિસમાં બાની સુહેલા કેમ્પમાં અન્ય ૧૦ લોકો માર્યા ગયા હતા, એમ આરોગ્ય અધિકારીએ જણાવ્યું હતું.આ પહેલા મંગળવારે ઈઝરાયેલના હવાઈ હુમલામાં ગાઝા શહેરના સાબ્રામાં ત્રણ મકાનો ધ્વસ્ત થઈ ગયા હતા.

### ઈમામી એગ્રોટેક કંપનીમાં દુર્ઘટના

# કંડલામાં કંપનીના ટેન્કની સફાઈ કરતા પાંચ કર્મચારીના ગૂંગળાઈ જવાથી મોત

### સાડા બાર વાગ્યાના અરસામાં ઈન્ચાર્જ સુપરવાઈઝર તિવારી વોટર ટેન્કની ડ્રેનેજ સિસ્ટમ તપાસવા ગયા હતા

। (એજન્સી) ભુજ, તા.૧૭ ।

કચ્છના કંડલામાં એક ખાનગી ઈમામી એગ્રોટેક કંપનીમાં વેસ્ટ પ્રવાહીની ટેન્કની સફાઈ વખતે દુર્ઘટના સર્જાી હતી. ટેન્કમાં ઉતરેલા પાંચ વ્યક્તિના ગેસના કારણે ગૂંગળામણથી મોત થતા હાહાકાર મચી ગયો છે. મૃતકોમાં સુપરવાઈઝર સહિત ટેન્ક ઓપરેટર અને ત્રણ હેલ્પરનો સમાવેશ થાય છે. આ મામલે પોલીસે તપાસ શરૂ કરી છે. આ ઘટના અંગે કંપનીના સૂત્રોએ જણાવ્યું હતું કે, ગત રાત્રે સાડા બાર વાગ્યાના અરસામાં ઈન્ચાર્જ સુપરવાઈઝર તિવારી વોટર ટેન્કની ડ્રેનેજ સિસ્ટમ તપાસવા ગયા હતા. પ્રોડક્શનમાં વપરાતા ખાદ્યતેલનો નકામો કદડો (સ્લજ) એક ટેન્કમાં એકઠો થાય છે. આ કદડો સાફ કરવા હેતુ સુપરવાઈઝર ટેન્ક ઉપર ચઢીને નિરીક્ષણ કરતા હતા. તે સમયે ટેન્કમાંથી ઉત્પન્ન થયેલાં ઝેરી ગેસના કારણે બેહોશ થઈને તે ટેન્કની અંદર પડી ગયા હતા.સુપરવાઈઝરને બચાવવા માટે ટેન્ક ઓપરેટરે



પણ અંદર ઝંપલાવ્યું હતું. બેઉ જણને ગૂંગળાતાં જોઈ બાજુમાં રહેલાં ત્રણ હેલ્પરોએ પણ એક પછી એક એમ ટેન્કમાં કૂદકો માર્યો હતો અને જોત જોતામાં ઝેરી ગેસથી ગૂંગળાઈને પાંચે જણ ટેન્કમાં જ મૃત્યુ પામ્યા હતા. દુર્ઘટના અંગે જાણ થતાં પોલીસ અને ફેકટરી ઈન્સ્પેકટર સહિતની ટીમો સ્થળ પર દોડી ગઈ હતી. મૃત્યુ પામનાર કર્મચારીઓમાં સિદ્ધાર્થ તિવારી, અજમત ખાન, આશિષ ગુપ્તા, આશિષ કુમાર અને સંજય ઠાકોરનો સમાવેશ થાય છે.આ સમયે હાજર અન્ય લોકોએ બચાવવાના પ્રયાસ કર્યા હતા, પરંતુ એમાં સફળતા મળી ન હતી. ઈમામી એગ્રોટેક કંપનીમાં દુર્ઘટના, રાત્રે એક વાગ્યે કંપનીના જવાબદાર લોકોને જાણ કરતા કંપની દ્વારા તાત્કાલિક ફાયર વિભાગ સાથે રેસ્ક્યૂની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ હતભાગીઓને પ્રથમ ખાનગી અને બાદમાં આદિપુરની સરકારી રામબાગ હોસ્પિટલમાં ખસેડાયા હતા, જ્યાં ફરજ પરના તબીબે તમામને મૃત જાહેર કર્યા હતા. કંડલા પોલીસે આ દુર્ઘટના અંગે આકસ્મિક મૃત્યુનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. રિફાઈન્ડ કરતી કંપનીમાં ગેસ ગળતર કેવી રીતે થયું અથવા મૃત્યુ પાછળનું સચોટ કારણ જાણવા તપાસ ચાલી રહી છે. કંપની તરફથી દરેક મૃતકના પરિવારને રૂ.૧૦ લાખની સહાય અપાશે. આ સિવાય લીગલ સહાય પણ મૃતકોના પરિવારને મળશે.

## 3 દિવસમાં ૧૯થી વધુ ફ્લાઇટને બોમ્બથી ઉડાવાની ધમકી

### દિલ્હી એરપોર્ટ પર CISFના જવાનોએ એક લગેજમાં 5.56 mm કેલિબર બુલેટ સાથે એક મુસાફરની ધરપકડ કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

દેશમાં બુધવારે વધુ સાત ફ્લાઈટમાં બોંબની ધમકીઓ મળી હતી. આ સાથે છેલ્લાં ત્રણ દિવસમાં ઓછામાં ઓછી ૧૯ ફ્લાઈટને બોંબથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. તેનાથી ઘણી ફ્લાઈટ ડાઈવર્ટ કરવી પડી હતી અને ઈમર્જન્સી લેન્ડિંગ કરાવવું પડ્યું હતું. આ ધમકીઓ પછી મુંબઈ પોલીસે એક સગીરને કસ્ટડીમાં લીધો હતો. પોલીસે જણાવ્યું હતું કે આ કિશોરે કથિત રીતે ઠ પર એક મિત્રના નામે એકાઉન્ટ બનાવ્યું હતું અને તેમાંથી બોમ્બની ધમકીઓ પોસ્ટ કરી હતી. તે તેના મિત્રને ફસાવવા માગતો હતો, કારણ કે તેની સાથે પૈસાનો વિવાદ ચાલતો હતો. છત્તીસગઢના રાજનાંદગાંવના ૧૭ વર્ષના કિશોર અને તેના પિતાને મુંબઈ પોલીસે મંગળવારે સમન્સ પાઠવ્યું હતું. કિશોરને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે અને રિમાન્ડ હોમમાં લઈ જવામાં આવ્યો હતો. દિલ્હી પોલીસે છેલ્લા બે દિવસમાં અનેક સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ પર બોમ્બની ધમકીના સંબંધમાં એફઆઈઆર દાખલ કરીને આ મામલે તપાસ શરૂ કરી હતી. ડેપ્યુટી પોલીસ કમિશનરે જણાવ્યું હતું કે એરપોર્ટ પોલીસને આ મહિને સાત ફ્લાઈટમાં બોંબની ધમકીઓની ફરિયાદ મળી હતી, પરંતુ સંપૂર્ણ તપાસ બાદ તે ખોટી ઠરી હતી. જવાબદાર લોકો સામે કાર્યવાહી ચાલુ કરાઈ છે. પોલીસે હેન્ડલ ચલાવતા લોકોની ઓળખ કરી છે અને ટીમો તેમને પકડવા માટે કામ કરી રહી છે. દિલ્હી એરપોર્ટ પર બુધવારે CISFના જવાનોએ એક લગેજમાં ૫.૫૬ એમએમ કેલિબર બુલેટ સાથે એક મુસાફરની ધરપકડ કરી હતી. આ મુસાફર મુંબઈ જઈ રહ્યો હતો અને તે ઈન્ડિગોની ફ્લાઈટમાં બેસવાનો હતો. સવારે ૭ વાગ્યે ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ (IGI) એરપોર્ટના ટર્મિનલ-III પર તપાસ દરમિયાન સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સના જવાનોએ તેને અટકાવ્યો હતો.પેસેન્જર ૫.૫૬ એમએમ કેલિબર બુલેટ માટે કોઈ માન્ય સાબિતી આપી શક્યો ન હતો.

### આસામના પૂર્વ સાંસદ બદરુદ્દીન અજમલના દાવાથી નવો વિવાદ

## ‘સંસદથી લઈને એરપોર્ટ બધું વક્ફની જમીન પર બનેલું છે’



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

ઓલ ઈન્ડિયા યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ(એઆઈયુડીએફ)ના વડા અને પૂર્વ સાંસદ બદરુદ્દીન અજમલે બુધવારે એક દાવો કરીને વિવાદ પેદા કરી દીધો છે. મુસ્લિમ સમુદાયના નેતા અજમલે દાવો કરીને કહ્યું કે, રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં બનેલી સંસદ અને તેની આસપાસના બિલ્ડિંગ વક્ફ બોર્ડની સંપત્તિ પર બનેલા છે. બુધવારે મીડિયા પ્રતિનિધિઓ સાથેની વાતચીતમાં અજમલે દાવો કર્યો કે રાષ્ટ્રીય રાજધાનીમાં વસંતબિહારથી લઈને એરપોર્ટ સુધીના તમામ વિસ્તાર વક્ફની સંપત્તિ પર બનેલા છે. સરકાર વક્ફ બોર્ડની ૯.૭ લાખ વીઘા જમીન પડાવી લેવા ઈચ્છે છે. તેમણે વક્ફની જમીન મુસ્લિમ સમાજને સોંપવાની પણ માગણી કરી છે. પૂર્વ સાંસદ અજમલે વક્ફ બિલનો વિરોધ કર્યો છે અને કહ્યું કે, આ સંદર્ભમાં અવાજ ઉઠાવી રહ્યા છીએ અને દુનિયાભરમાં વક્ફ સંપત્તિઓની યાદી સામે આવી રહી છે. સંસદભવન, તેની આસપાસના વિસ્તાર અને વસંત વિસ્તારથી લઈને એરપોર્ટ સુધીનો સમગ્ર વિસ્તાર વક્ફની સંપત્તિ પર બનેલો છે. તેમણે આગળ એમ પણ કહ્યું કે, મંજૂરી વિના વક્ફની જમીનનો ઉપયોગ કરવો એ ખોટું છે. વક્ફ બોર્ડના આ મુદ્દા પર એ(મોદી સરકાર) ખૂબ જલદી પોતાની સરકાર ગુમાવી દેશે. આ દરમિયાન વિપક્ષના સાંસદોએ વક્ફ(સંશોધન) બિલ ૨૦૨૪ પર સંયુક્ત સંસદીય સમિતિની બેઠક દરમિયાન સંસદીય આચાર સંહિતાના ભંગ પર લોકસભા અધ્યક્ષને પત્ર લખ્યો છે.

### વિશેષ

### નવસારીના વાંસદા પંથકમાં વરસાદની વધઘટના સંજોગોમાં ખાસ આવરણ વ્યવસ્થા (મલ્ચિંગ) સાથે થતી મરચાની ખેતી

# ડ્રીપ ઈરીગેશન અને મલ્ચિંગ થકી મરચાની આધુનિક ખેતીમાં નવી રાહ ચીંધતા વાંસદા તાલુકાના સતિમાળ ગામના ખેડૂત સુભાષભાઈ ગરાસિયા





। (માહિતી) નવસારી ।

નવસારી જિલ્લાનો વાંસદા એટલે કૃષિ ક્ષેત્રમાં અગ્રેસર તાલુકો. વાંસદા તાલુકાના સતિમાળ ગામના સુભાષભાઈ ગરાસિયાએ પોતાની આગવી કોઠાસૂઝથી શાકભાજીની ખેતીમાં કાઠું કાઢ્યું છે. સુભાષભાઈએ એક ખેડૂત તરીકે ખૂબ પ્રગતિશીલ ખેતી કરી રહ્યા છે. ખેતીમાં વૈજ્ઞાનિક અભિગમ અપનાવીને તેમણે ખેડૂતો માટે એક નવો રાહ ચીંધ્યો છે. સુભાષભાઈએ સાત વીઘા જમીનમાં મરચીની ખેતી કરવાનું નક્કી કરી જમીન તૈયાર કરી દીધી. સાથે-સાથે રાજય સરકાર દ્વારા આપવામાં આવતી ડ્રીપ ઈરીગેશનની સહાય પણ મેળવી. સમગ્ર ખેતરમાં ડ્રીપ ઈરીગેશન કરવાની સાથે મલ્ચિંગ પદ્ધતિનો ઉપયોગ કર્યો. જેથી પાણીની બચત અને નિંદામણથી છૂટકારો મેળવી શકાય. સુભાષભાઈ જણાવે છે કે, શાકભાજી પાક મરચામાં ડ્રીપ ઈરિગેશન અને મલ્ચિંગનો ઉપયોગ કરી વૈજ્ઞાનિક પદ્ધતિથી મરચાની ખેતી કરવાથી સમય,પાણી, મજૂરી ખર્ચ, વીજળીની બચત સાથે સારૂં ઉત્પાદન પણ મળે છે. ડ્રિપ ઈરીગેશન દ્વારા દરેક છોડ ને પુરતા પ્રમાણમાં પાણી તેમજ ખાતર જરૂરી માત્રામાં મળી રહે છે. ઉપરાંત પ્રવાહી જૈવિક ખાતરના ઉપયોગથી રાસાયણિક ખાતરના ખર્ચમાં ઘટાડો થયો છે. મલ્ચિંગ કરવાથી નિંદામણ થતું નથી, એટલું જ નહીં પણ જમીનમાં ભેજનું પ્રમાણ જળવાઈ રહે છે અને વરસાદી વાતાવરણની વચ્ચે મલ્ચિંગના ખાસ આવરણ વ્યવસ્થા સાથે થતી મરચાની ખેતીથી ઉત્પાદનનું પ્રમાણ ઘણું વધે છે. જેનુ ખૂબ સારૂં પરિણામ મળ્યું છે. આ વર્ષ દરમિયાન મરચાની મલ્ચીંગ ખેતી દ્વારા ૭૫૦ મણનું ઉત્પાદન કરી એક મણના ૧૫૦૦ થી ૧૭૦૦ સુધી ભાવે વેચાણ કરી લાખોમાં આવક મેળવી છે . સુભાષભાઈએ આધુનિક કૃષિ પધ્ધતિ મલ્ચિંગ અને ટપક સિંચાઈ પદ્ધતિનો પણ ઉપયોગ સાથે રાજ્ય સરકારના નવસારી બાગાયત વિભાગ તરફથી સબસીડીનો લાભ પણ મળ્યો છે સુભાષભાઈએ બાગાયત વિભાગ દ્વારા મળેલ સહાય વિશે જણાવ્યું કે અગાઉ મને મલ્ચિંગ ખેતી વિશે કોઈ પણ પ્રકારની જાણકારી ન હતી. સરકારના બાગાયત વિભાગ દ્વારા તેના વિષે જાણકારી અને આથિક સહાય વિશે સંપૂર્ણ જાણકારી મળી અને આ વર્ષમાં રૂા.૪૯,૦૦૦/- સુધીની સહાય બાગાયત વિભાગ દ્વારા આપવામાં આવી છે. નવસારી જિલ્લાના ખેડૂતો ખેતીની પદ્ધતિમા ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહે, એ માટે નવસારી બાગાયત ખાતા દ્વારા, વિવિધ વિસ્તરણ પ્રવૃતિઓ જેવી કે ફિલ્ડ વિઝીટ, ડાયગ્નોસ્ટીક વિઝીટ, નિદર્શનો તથા વિવિધ તાલીમો દ્વારા ખેડૂતોને સતત માર્ગદર્શિત કરવામા આવી રહ્યા છે. સાથે ખેડૂતોને વિવિધ પાકોની પુરતી માહિતી પણ સતત પુરી પાડવામા આવી રહી છે. ખેતીની આવકના પૈસા, ખેતીમા જ રોકીને ખેતીનો સામૂહિક વિકાસ કરવાની નેમ સાથે, ખેતી એક આધુનિક વ્યવસાય તરીકે અપનાવી, પોતાની મહેનત મજૂરીથી જમીનને સિંચતા સુભાષભાઈ જેવા યુવાનો અન્યો માટે પ્રેરણા બન્યા છે.









વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિકસીત ભારત-૨૦૪૭ના સ્વપ્નને સાકાર કરવા સતત કાર્યરત રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નિર્દેશ અને વડપણ હેઠળ ગાંધીનગરના સચિવાલય ખાતે આવેલા મહેસૂલ વિભાગ દ્વારા વિભાગ ખાતે એક ફીડબેક સેન્ટરનું નિર્માણ કરવામાં આવ્યું છે, જેનું રાજયના મુખ્ય સચિવ રાજકુમાર દ્વારા ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

## વડોદરામાં શરદ પૂનમે દારૂની બોટલની વેશભૂષામાં ગરબે ઘૂમ્યો યુવક

। (એજન્સી) વડોદરા, તા.૧૭ ।

શરદપૂર્ણિમા નિમિત્તે બુધવારે વડોદરા શહેરના વિવિધ વિસ્તારોમાં નવરાત્રિનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજમહેલ રોડ સ્થિત ગરબા મહોત્સવમાં એક યુવક વિદેશી દારૂની બોટલની વેશભૂષા કરી ગરબે ઘૂમતો જોવા હતો. જેનો વીડિયો આજે વાયરલ થતાં ગરબાના ખેલૈયાઓમાં ચર્ચાનો વિષય બન્યો છે. આ સાથે લોકો ગરબા આયોજકો સામે પણ ફિટકાર વરસાવી રહ્યા છે. શરદ પૂર્ણિમાની ઉજવણી નિમિત્તે વડોદરાના રાજમહેલ રોડ જૂની કાછિયા પ ોળ કોઠી ફળિયા યુવક મંડળ દ્વારા ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કેટલાક લોકો વિવિધ વેશભૂષામાં આવ્યા હતા, પરંતુ તેમાં એક યુવાન વ્હિસ્કીની બોટલ બનીને ગરબે ઘૂમતો જોવા મળ્યો.. સમગ્ર મામલે વીડિયો વાઈરલ થતા હોબાળો મચ્યો. લોકોએ ગરબા આયોજકો પર રોષ ઠાલવ્યો. જેથી આયોજકોએ પોતાનો બચાવ કરવા મેદાનમાં આવ્યા અને દાવો કર્યો કે યુવકને જોઈને કેટલાક લોકોએ વાંધો ઉઠાવ્યો હતો.

## હત્યા કેસમાં ખોટી જુબાની આપનારા બે સગાભાઇને એક મહિનાની કેદ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

નારોલમાં વર્ષ ૨૦૧૯માં થયેલી હત્યા કેસમાં હોસ્ટાઈલ (જુબાની ફેરવી તોળનાર) થનાર તવારીકઅલી મહોમદઆરીફ પઠાણ(ફરિયાદી) અને ગુલફામ આરીફખાન પઠાણ સામે કોર્ટમાં સોગંદ પર ખોટો પુરાવો આપ વા બદલ સીઆરપીસીની કલમ ૩૪૪ મુજબ નોટિસ ઈશ્યૂ કરવામાં આવી હતી. ત્યારબાદ આ મામલે સુનાવણીના અંતે સેશન્સ કોર્ટે બન્ને ભાઈઓને એક મહિનાની કેદ અને રૂ. ૩૦૦ દંડ ફટકાર્યો છે. નોંધનીય છે કે, હત્યા કરનાર ત્રણ આરોપીઓને કોર્ટે અગાઉ આજીવન કેદની સજા ફટકારી હતી.નારોલમાં તવારીકઅલી મોહમદઆરીફ પઠાણ અને તેમનો મોટો ભાઈ મોહમદગુલફામ તથા ઘરના સભ્યો ૨૦ મે ૨૦૧૯ના રોજ રમજાન મહિનો હોવાથી રોઝા ખોલવા માટે ફ્રૂટ લેવા લારીએ ઊભા હતા. આ સમયે તવારીકઅલીને તેમના માસીના દીકરા મુસ્લિમે બોલાવ્યા હતા. ત્યારે ત્યાં રહેતા આસીફ લગ્નની બાબતે ઊંચા અવાજથી તવરીકનાભાઈ મોહમદગુલફામ સાથે બોલાચાલી કરી રહ્યાં હતા. આ તકરારમાં મુસ્લીમ અસ્લમખન પઠાણની હત્યા કરવામાં આવી હતી.

### પખવાડિયાથી ચાલતી હતી હડતાળ

# મુખ્યમંત્રી સાથે બેઠક બાદ ક્વોરી એસોસિએશનની હડતાળ સમેટાઈ

**ક્વોરી ઉદ્યોગના પડતર પ્રશ્નો લઈને કચ્છ સહિત તમામ લીઝો અચોક્કસ મુદત સુધી બંધ કરી દેવામાં આવી હતી**

। (એજન્સી) અંબાજી, તા.૧૭ ।

રાજ્યભરમાં છેલ્લા પખવાડિયાથી ચાલતી ક્વોરી ઉદ્યોગકારોની હળતાલનો આજે અંત આવ્યો છે. ક્વોરી ઉદ્યોગના પડતર પ્રશ્નો અંગે અગાઉ અનેકવાર ગુજરાત બ્લેક ટ્રેપ ક્વોરી ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન દ્વારા સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી તેમ છતાં સમસ્યાનો કોઈ ઉકેલ આવ્યો નહતો. ક્વોરી ઉદ્યોગના પડતર પ્રશ્નો લઈને કચ્છ સહિત તમામ લીઝો અચોક્કસ મુદત સુધી બંધ કરી દેવામાં આવી હતી. ગઈકાલે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સાથે તેઓએ બેઠક કરી હતી. જે બાદ આજે અંબાજી ખાતે માતાજીના દર્શન બાદ આ અંગેની જાહેરાત કરવામાં આવી છે. અગાઉ દ્વારકા દર્શન કર્યા બાદ હડતાળ શરૂ કરવામાં આવી હતી. જેનો આજે અંત આવ્યો છે. મળતી માહિતી મુજબ, ગઈકાલે મુખ્યપ્રધાન સાથેની બેઠક બાદ આજે ક્વોરી એસોસિએશને હડતાળ પૂર્ણ કરી છે. રાજ્યભરના ક્વોરી માલિકો છેલ્લા ૧૫ દિવસથી હડતાળ પર હતા. ત્યારે આજે ૧૦૦૦ ક્વોરી માલિકો અંબાજી મંદિર પહોંચ્યા હતા અને અંબાજી મંદિર ખાતે ક્વોરી માલિકોએ ધજા ચઢાવી અને માતાજીના દર્શન કરીને હડતાળ સમેટી લીધી છે, તેવી જાહેરાત કરી હતી. તમને જણાવી દઈએ કે ૨ ઓક્ટોબરના રોજ દ્વારકાધીશના દર્શન કરીને ક્વોરી માલિકોએ રાજ્યભરમાં હડતાળ શરૂ કરી હતી, જે આજે સમેટી લીધી છે. મહત્વનું છે કે રાજ્યભરમાં ક્વોરી ઉદ્યોગ બંધ થવાના કારણે અનેક લોકો બેરોજગાર બન્યા હતા. ક્વોરી ઉદ્યોગના પડતર પ્રશ્નેનો લઈને તમામ જગ્યાઓએ ક્વોરી ઓનર્સ એસોસિએશન દ્વારા કલેકટરને આવેદન પત્ર પાઠવીને રજૂઆતો કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે હાલમાં પર્યાવરણીય મંજૂરી અને ખાણકામ આયોજનના કારણસર રાજ્યમાં ૬૦ ટકા જેટલી ખાણોના રોયલ્ટી એકાઉન્ટ બંધ કરી દેતા આ ઉદ્યોગને મોટો ફટકો પડ્યો છે.

## ૨ ફેબ્રુઆરી ૨૦૨૫ થી ગાંધીનગર-ઈન્દોર શાંતિ એક્સપ્રેસ એલ.એચ.બી. રેકથી ચાલશે

। અમદાવાદ, તા.૧૭ ।

પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની યાત્રાને વધુ સુવિધાજનક બનાવવા અને સંરક્ષાને ધ્યાનમાં રાખતાં ટ્રેન નંબર ૧૯૩૦૯/૧૯૩૧૦ ગાંધીનગર કેપિટલ-ઈન્દોર-ગાંધીનગર કેપિટલ શાંતિ એક્સપ્રેસના પારંપરિક આઈસીએફ રેકને એલએચબી (લિંકહૉફમેન બુશ) રેકથી બદલવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

જેની વિગતો નીચે મુજબ છે

ટ્રેન નંબર ૧૯૩૦૯ ગાંધીનગર કેપિટલ-ઈન્દોર શાંતિ એક્સપ્રેસ ૦૨ ફેબ્રુઆરી ૨૦૨૫ થી તથા ટ્રેન નંબર ૧૯૩૧૦ ઈન્દોર-ગાંધીનગર કેપિટલ શાંતિ એક્સપ્રેસ ૦૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ થી એલએચબી રેકથી ચાલશે. આ ટ્રેનમાં એક ફર્સ્ટ એસી, બે સેકન્ડ એસી, ૬ થર્ડ એસી, ૭ સ્લીપર શ્રેણી અને ૪ સામાન્ય શ્રેણીના કોચ રહેશે.

## અમદાવાદ ખાતે ઈરાની ગેંગના બે સભ્યોની ધરપકડ કરવામાં આવી

। અમદાવાદ, તા.૧૭ ।

અમદાવાદ ગ્રામ્ય પોલીસે કુખ્યાત ઈરાની ગેંગના ૨ સભ્યોની ધરપકડ કરી છે. આ ગેંગ દ્વારા પોલીસનાં સ્વાંગમાં લોકોને ટાર્ગેટ કરીને ચોરી અને લૂંટને અંજામ આપતા હતા. બીજી તરફ ગ્રામ્ય વિસ્તારમાં બેંકમાં રૂપિયા ભરવા કે ઉપાડવા જતા લોકોને બેંકમાં પૈસા ઉપાડવા કે ભરવા પદ્ધતિ બદલાઈ હોવાનું કહી લોકો પાસેથી પૈસા પડાવતા હતા.

## ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 'ભારતકૂલ' ફેસ્ટિવલ માટે ઓનલાઇન નોંધણી શરૂ કરી





। અમદાવાદ, તા.૧૭ ।

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ ખાતે ૧૪ થી ૧૭ નવેમ્બર, ૨૦૨૪ દરમિયાન યોજાનાર ગુજરાત મીડિયા ક્લબ-ભારતકૂલ ફેસ્ટિવલ માટે ઑનલાઇન નોંધણીનું સત્તાવાર રીતે લૉન્ચ કર્યું છે. આ ચાર દિવસીય ફેસ્ટિવલમાં અગ્રણી કળાકારો, લેખકો, વિચારકો અને જ્ઞાન તરફ ઝુકાવ ધરાવતા લોકો સનાતન ધર્મના ગહન જ્ઞાનના અન્વેષણ માટે એકત્રિત થશે. આ ઈવેન્ટમાં ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક અને તાત્વિક વારસાનો ઉત્સવ ઉજવવામાં આવશે.

ગુજરાત મીડિયા ક્લબ-ભારતકૂલ પહેલની આ પ્રથમ આવૃત્તિ સ્વ-પરિચય, સર્વાંગી સુખાકારી અને સનાતન ધર્મના સાંસ્કૃતિક અભ્યાસની પરિવર્તનશીલ યાત્રા પર કેન્દ્રિત રહેશે. આ ફેસ્ટિવલમાં ભાવ, રાગ, તાલ ના રાષ્ટ્રવાદ જેવા પ્રાચીન ભારતીય પરંપરાઓ પર પ્રકાશ પાડવામાં આવશે, જે ભારતના હજારો વર્ષથી ચાલી આવતી સાંસ્કૃતિક વારસાના તત્વોને ઊંડાણપૂર્વક રજૂ કરશે. ગુજરાત મીડિયા ક્લબના પ્રમુખ, નિર્ણય કપૂરે પ્રેસ નિવેદનમાં જણાવ્યું, "ગુજરાત મીડિયા ક્લબ અને ભારતકૂલ સાથે મળીને સનાતન ધર્મમાં મૂળભૂત મૂલ્યોને ઉજાગર કરી રહ્યા છે, જે ભૂગોળ અને સાંસ્કૃતિક સરહદોને પાર કરીને વિશ્વ માટે અનોખી મૂલ્યસંગ્રહનો પ્રસાર કરશે." તેમણે ઉમેર્યું, "ફેસ્ટિવલનો ઉદ્દેશ ભારતીય મૂલ્ય વ્યવસ્થાને ઉજવવાનો છે, જે કોઈપણ માટે એક અર્થપૂર્ણ જીવન તરફ માર્ગદર્શન આપી શકે છે." લૉન્ચ ઈવેન્ટ દરમિયાન, મુખ્યમંત્રીએ ભારતના વૈવિધ્યસભર વારસાની સમજણને વધુ ગહન બનાવતી પુસ્તક પણ અનાવરણ કર્યું, જે તેના સાંસ્કૃતિક અભિવ્યક્તિઓ માટે વિશાળ પ્રશંસાને પ્રોત્સાહન આપશે.

ગુજરાત મીડિયા ક્લબ-ભારતકૂલ ફેસ્ટિવલ ભારતના પ્રાચીન તત્વજ્ઞાન અને પરંપરાઓના ગુણો અને ઉપદેશોને વિશાળ શ્રોતાઓ સુધી પહોંચાડવાનો એક મહત્વપૂર્ણ સાંસ્કૃતિક અને જ્ઞાનભર્યુ ઉત્સવ સાબિત થશે.

## સાણંદને વિશ્વવિખ્યાત બનાવનારા 'રતન' ટાટાને સાણંદવાસીઓએ આપી શ્રદ્ધાંજલિ

। અમદાવાદ, તા.૧૭ ।

સાણંદના રહેવાસીઓ, ઉદ્યોગ અગ્રણીઓ અને ટાટા મોટર્સના કર્મચારીઓએ અને શાળાના વિદ્યાર્થીઓએ રતન ટાટાને શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

શ્રી રતન ટાટાને શ્રદ્ધાંજલિ અર્પવા માનવ સેવા ટ્રસ્ટ દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાની વિદ્યાર્થીનીઓએ સ્વ. શ્રી રતન ટાટાને સંગીતમય શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, સાણંદની જાહોજલાલી ટાટા ગ્રૂપ અને રતન ટાટાને આભારી છે. વર્ષ ૨૦૦૮ માં ૨૩૦૦ કિ.મી.ના અંતરે બંગાળમાંથી આખી ફેક્ટરી ટ્રકો ભરી ભરીને બાય રોડ સાણંદ શિફ્ટ કરી હતી. સાણંદને ઑટો હબ બનાવવાનો શ્રેય શ્રી રતન ટાટાને શિરે છે.





## મોંઘવારી ભથ્થામાં 3 ટકાનો વધારો કરવા સરકારને રજૂઆત કરાઈ

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૭ ।

કેન્દ્ર સરકારે કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં બુધવારે ૩ ટકાનો વધારો કર્યો હતો. કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થાને કેન્દ્રીય કેબિનેટે મંજૂરી આપી હતી. કેન્દ્ર સરકારની જાહેરાત પ્રમાણે કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૩ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. આ સાથે કેન્દ્ર સરકારના કર્મચારીઓનું મોંઘવારી ભથ્થું વધીને ૫૩ ટકા થઈ ગયું છે. હવે ગુજરાતમાં પણ દિવાળી પહેલાં મોંઘવારી ભથ્થામાં વધારો કરવાની માંગ કરવામાં આવી છે. ગુજરાત સરકારના કર્મચારીઓને મોંઘવારી ભથ્થામાં ત્રણ ટકાનો વધારો આપવાની કર્મચારી મહામંડળે માગ કરી છે. મોંઘવારી અને દિવાળીને ધ્યાને રાખીને કર્મચારી મહામંડળે નાણામંત્રી કનુ દેસાઈએ પત્ર લખ્યો છે. કેન્દ્ર સરકારના ધોરણે મોંઘવારી ભથ્થુ ૫૦% થી વધારી ૫૩% કરવાની માંગણી કરાઈ છે. ઉલ્લેખનીય છે કે ગઈકાલે કેન્દ્ર સરકારે કેન્દ્રીય કર્મચારીના મોંઘવારી ભથ્થામાં ત્રણ ટકાનો વધારો કરતા કર્મચારી મંડળે આ માગ કરી છે. બુધવારે પીએમ નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં યોજાયેલી કેબિનેટની બેઠકમાં કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ત્રણ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. કેન્દ્રીય કર્મચારીઓને હવે ૫૩ ટકાના દરે મોંઘવારી ભથ્થું આપવામાં આવશે. આ ભથ્થાની જાહેરાત ભલે ઓક્ટોબરમાં કરવામાં આવી હોય પરંતુ તેને લાગૂ ૧ જુલાઈથી માનવામાં આવશે. એટલે કે દિવાળી પહેલા કેન્દ્રીય કર્મચારીઓને ત્રણ મહિનાનું એરિયર પણ ચૂકવવામાં આવશે. મહત્વનું છે કે કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં વર્ષમાં બે વખત વધારો કરવામાં આવે છે.

### ગુજરાતમાં ૪૫,૦૦૦ લીકર પરમિટ ધારકો

# દારૂની પરમિટ માટે હવે રૂ.૨૫ હજાર, રિન્યુઅલ માટે રૂ.૨૦ હજાર ચૂકવવા પડશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

સુરતીઓ ખાણી-પીણી માટે જગતભરમાં જાણીતા છે. સુરતમાં લિકર પરમિટ ધરાવતા શહેરીજનોનો ગ્રાફ તબક્કાવાર વધી રહ્યો છે. વર્તમાન સમયે ૧૨૫૦૦થી વધુ લોકો લિકર પરમિટ ધરાવે છે. નવી લિકર પરમિટ બનાવવા કે રિન્યુઅલ કરવા માટે નક્કી થયેલા ભાવોમાં સામી દિવાળીએ મોટી રકમનો વધારો કરવામાં આવ્યો છે. નવી પરમિટ મેળવવા હવે નવી સિવિલ હોસ્પિટલ સ્થિત રોગી કલ્યાણ સમિતિને ૨૫,૦૦૦નો તો પરમિટ રિન્યુ કરાવવા માટે ૨૦,૦૦૦ રૂપિયાનો ચાંદલો કરવો પડશે. દિવાળી આંગણે દસ્તક દઈ રહી છે. સુરતીઓના તહેવારની ઉજવણી દારૂ વિના અધૂરી રહે છે. ફિક્કી લાગે છે. તહેવારના દિવસોમાં લિકરની જબરદસ્ત ડિમાન્ડ રહેતી હોય બુટલેગરો પણ ચર્ચામાં રહે છે. બરાબર દિવાળી અગાઉ જ લિકર પરમિટ મેળવવા કે પરમિટ રિન્યુઅલ કરવાના ભાવોમાં નવી સિવિલ હોસ્પિટલ સ્થિત રોગી કલ્યાણ સમિતિએ તોતિંગ વધારો કરાયો છે. જેને પગલે દિવાળીમાં દારૂનું સેવન કરવું હવે મોંઘું બનશે. રાજ્યમાં સ્વાસ્થ્ય કારણોસર દારૂ પીવા માટેની પરવાનગી મેળવનારા લોકોની કુલ સંખ્યા પ્રતિવર્ષ વધી રહી છે. સામી દિવાળીએ આ સંખ્યા ૪૫૦૦૦ને વટાવી ચૂકી હોવાનું વર્તુળોએ જણાવ્યું હતું. તો સંખ્યાબંધ લોકો નવી પરમિટ મેળવવા અરજી કરી ચૂક્યા છે. આ અરજદારોએ હવે લિકર પરમિટ મેળવવા ૧૫૦ ટકા રકમ વધુ ખર્ચવાનો વખત આવ્યો છે. સુરત શહેરમાં લિકરની પરમિટના ભાવ બાબતે ગત મહિને મળેલી સંકલનની બેઠકમાં પરમિટના ભાવોમાં વધારો જબરદસ્ત વધારો કરવામાં આવ્યો હતો.

### સુરત એસઓજીએ હવાલા કૌંભાડ ઝડપી પાડ્યું

# સુરતમાં ઓનલાઇન ટિકિટ બુકિંગના નામે ૧૦૦ કરોડની હેરાફેરી કરાઈ

। (એજન્સી) સુરત, તા.૧૭ ।

સુરત એસઓજીએ શહેરમાંથી રૂપિયા ૧૦૦ કરોડથી વધુનુ હવાલા કૌંભાડ ઝડપી પાડ્યું છે. સુરત શહેર એસઓજીએ હાથ ધરેલ તપાસમાં, સમગ્ર કૌંભાડ દુબઈ ખાતેથી ચલાવવામાં આવતું હોવાનું ખુલ્યું છે. મૂળ અમદાવાદનો પરંતુ દુબઈ સ્થિત મહેશ દેસાઈ નામનો વ્યક્તિ આ કૌંભાડ ચલાવતો હોવાનું ખુલ્યું છે. SOGએ કરેલ તપાસમાં, ૮ સેવિંગ પાસ બુક, ૨૯ ચેક બુક, ૨ કરન્ટ એકાઉન્ટ પાસબુક, ૩૮ ડેબિટ કાર્ડ, ૪૯૭ સિમ કાર્ડ, ૭ મોબાઈલ અને ૧૬ લાખ રોકડ મળી આવ્યા છે. પાકિસ્તાન, ચીન, દુબઈ, અફઘાનિસ્તાન દેશો મારફતે રૂપિયાની હેરાફેરી કરવામાં આવી રહી હતી. બે વર્ષમાં બેક ખાતામાંથી ૧૦૦ કરોડનું ટ્રાન્જેક્શન મળી આવ્યું. અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ અને ચીનથી આવતા હવાલાના કરોડો રૂપિયાને ક્રિપ્ટોમાં કન્વર્ટ કરીને હેરફેર કરનાર આંતરરાષ્ટ્રીય રેકેટનો સુરત સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા પર્દાફાશ કરવામાં આવ્યો છે. આ કૌભાંડના મુખ્ય સૂત્રધાર પિતા-પુત્ર છે જેની સ્પેશિયલ ટીમે ધરપકડ કરી લીધી છે. આરોપી પિતા-પુત્ર પાસેથી ૪૯૭ સિમકાર્ડ મળ્યાં છે, જેનો ઉપયોગ દેશભરમાં ૨૮ જેટલા સાયબર ફ્રોડના કિસ્સામાં થયો છે. બે વર્ષમાં હવાલાના ૧૦૦ કરોડ રૂપિયાનાં ટ્રાન્ઝેક્શન મળ્યાં છે, જોકે આ હવાલાની રકમનો ઉપયોગ ટેરર ફંડિંગમાં કરાતો હતો કે નહીં એ અંગેની પણ તપાસ હાથ ધરવામાં આવી છે. સુરત શહેર એસઓજીએ કરેલ તપાસમાં એવુ પણ સામે આવ્યું છે કે, હવાલા કૌંભાડમાં ૨૮ જેટલા એકાઉન્ટનો સાયબર ફ્રોડ માટે ઉપયોગ થયો છે.

### કેન્દ્રીય એજન્સીએ ૨૩ સ્થળે દરોડા પાડ્યા

# ગુજરાતમાં કરોડોની ટેક્સચોરી મામલે સાત શહેરોમાં EDનું સુપર ઓપરેશન

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

રાજ્યમાં નકલી કંપનીઓ ખોલીને કરોડોની ટેક્સ ચોરી આચરવામાં આવતી હોવાના મામલે હવે ઈડીએ એન્ટ્રી મારી છે. ગુજરાતના સાત શહેરોમાં ૨૩ સ્થળોએ ઈડીની ટીમે સુપર ઓપરેશન આદર્યું છે. ઈડીને આ કેસમાં નવેસરથી ફરિયાદ દાખલ કરી દરોડા પાડવાનું શરૂ કરી દીધું છે. જેના કારણે કરચોરી કરતા વેપારીઓમાં ફફડાટ ફેલાયો છે. મળતી માહિતી મુજબ, ગુજરાતના અમદાવાદ, ભાવનગર, જૂનાગઢ, રાજકોટ, સુરત, વેરાવળ અને કોડીનાર સહિત ૭ શહેરોના ૨૩ સ્થળોએ આજે ઈડીની ટીમ ત્રાટકી છે. આશરે ૨૦૦ થી વધુ ડુપ્લીકેટ કંપનીઓ ખોલીને કરોડોની ટેક્સ ચોરીના કેસમાં અમદાવાદ પોલીસના સપાટા બાદ હવે કેન્દ્રીય એજન્સી ઈડ્ઢ ત્રાટકી છે. અગાઉ આ કેસમાં એક પત્રકાર સહિત અનેક આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. ત્યારે હવે ઈડ્ઢ આગળ શું કાર્યવાહી કરે તેના ઉપર નજર મંડરાયેલી છે.

જાણવા મળ્યા મુજબ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમે જીએસટીની ફરિયાદના આધારે રાજ્યમાં વિવિધ ૧૪ જગ્યાએ દરોડા પાડ્યા હતા. જેથી અમદાવાદ, જૂનાગઢ, સુરત, ખેડા, ભાવનગર સહિતના સ્થળોએ અમદાવાદ ક્રાઈમ બાન્ચને રેડ દરમિયાન મહત્વના દસ્તાવેજો મળી આવ્યા છે. જેમાં ૨૦૦ જેટલી ડુપ્લીકેટ કંપનીઓ બનાવીને કરોડોની ટેક્સ ચોરી આચરવામાં આવતી હોવાનો ખુલાસો થયો હતો. આ કેસમાં એક પત્રકાર સહિત ચાર લોકોની ધરપકડ કરવામાં આવી હતી. આ ઉપરાંત જેમાં કુલ ૧૨ બોગસ પેઢીઓ બનાવનાર ૩૩થી વધુ